
કુમાર

કારતક ૧ ★ જાન્યુઆરી ૧૯૪૦

તંત્રી : રવિશંકર રાવળ
સંપાદક : બચુભાઈ રાવત



જાન્યુ	ફેબ્રુ	માર્ચ	એપ્રિલ	મે	જુન	૧૯૪૦					જુલાઈ	ઑગ	સપ્ટે	ઑક્ટો	નવે	ડિસે
શ	મં	બુ	શ	સો	શુ		૬	૧૩	૨૦	૨૭	શ	મં	શુ	ર	બુ	શુ
ર	બુ	ગુ	ર	મં	શુ		૭	૧૪	૨૧	૨૮	ર	બુ	શ	સો	ગુ	શ
સો	ગુ	શુ	સો	બુ	શ	૧	૮	૧૫	૨૨	૨૯	સો	ગુ	ર	મં	શુ	ર
મં	શુ	શ	મં	ગુ	ર	૨	૯	૧૬	૨૩	૩૦	મં	શુ	સો	બુ	શ	સો
બુ	શ	ર	બુ	શુ	સો	૩	૧૦	૧૭	૨૪	૩૧	બુ	શ	મં	ગુ	ર	મં
ગુ	ર	સો	ગુ	શ	મં	૪	૧૧	૧૮	૨૫		ગુ	ર	બુ	શુ	સો	બુ
શુ	સો	મં	શુ	ર	બુ	૫	૧૨	૧૯	૨૬		શુ	સો	ગુ	શ	મં	ગુ

આ અંકમાં જેની અવસાનનોંધ લેવાઈ છે તે સ્વ. ભાઈ હરિવદન ભટ્ટે અંગત ઉપયોગ માટે કરેલું કૅલેન્ડર માટેનું ચિત્ર. આખું વરસ નજર સામે રાખી શકાય એવું પ્રબોધક એનું વાક્ય તથા મોરની આકૃતિમાં ગૂંથેલો પોતાનો પ્રથમાક્ષર સૂચક છે

દીવાદાંડી

'કુમાર'ના મુખચિત્રની રંગલીલાનો પૂરો આમોદ લઇ લીધો? તો ચાલો આગળ. 'માભોમના ફરી દર્શને'થી થતો હ્રદયોદ્રેક ને 'મારી નજરે'ની કંડિકાઓ વટાવશો કે એક જાજરમાન પંડિતના જીવન સામા આવી લાગશો. 'તેઓ એક હિન્દુ સમા નમ્ર અને મળતાવડા, એક જર્મન જેવા દઢ, ધીરજવાન, શ્રમશીલ ને શોધક, એક અંગ્રેજ જેવા ચકોર, પ્રવૃતિમાન ને સ્વતંત્ર વિચારક તથા એક તીર્થંકર જેવા, પવિત્ર હતા.' ગ્રામીણ મનોવ્યાપારની ગૂંચ આલેખતી વાર્તા 'દાણીનું ઘડિયાળ' પન્નાલાલ પટેલની લખેલી છે એટલે કહેવું બસ થઈ પડશે. ઇતિહાસ અને ભૂગોળને ઘણો નિકટનો સંબંધ છે, અને 'ભૂતકાળની શોધમાં' નીકળી પડેલા લેખક કહે છે કે 'ગુજરાતના ઇતિહાસમાં એકીસાથે એ બંને સાધનો ઉપયોગમાં નહિ લેવાય ત્યાંસુધી તેને પ્રામાણિક અને સંપૂર્ણ કહી શકાશે નહિ.' આજે ચતુખ્ખંડિત બનેલા કર્ણાટકનો સમગ્ર પરિચય તમે કાકા સાહેબના લેખ વિના નહિ પામી શકો, પણ એમની કલમ તમને નમન તો 'દેવોનું કાવ્ય'માં જ પ્રેરશે. 'આકાશને ધ્યાનથી જોનાર કોઇ માણસ રાત્રિના આકાશના કેફથી મુક્ત રહી શકે નહિ. પણ આકાશનો વૈભવ જે આ દિવસોમાં-અથવા આ રાતોમાં-પ્રગટ થાય છે તે તો આકાશને પણ ચકિત કરવાવાળો હોય છે!' આકાશના વિકસેલા એ દિવ્ય અને ભવ્ય પારિજાતનો આનંદ ન માણવા જેટલા કઠોર તો તમે નહિ જ હો, ખરું? રા. 'વનેચર' આ વખતે એક એવા પંખીની પિછાન આપે છે, જેને ઓળખનારા ય આપણે ત્યાં કોક જ નીકળશે, ત્યાં નામકરણની તો આશા જ શી? હિંદુ અને મુસલમાન કોઇ જુદીજુદી જમાતના લોકો છે એવું સ્વપ્નેયે ભાન ન આવે, એવો સોહામણો જમાનો ઉઘાડતું 'જીવનનું પરોઢ' હવે કુમારાભર્યું ચંડત્વ અપનાવતું જણાશે. 'અવાજની પારાશીશી' એક સ્વરમાપનની ભાવી શક્યતાની પિછાન આપી રહે છે, આ સિવાય તમારી ચિત્તશક્તિને ચકાસે એવા જે નાના નાના લેખો ને સચિત્ર-અચિત્ર વિભાગો બાકી રહ્યા તેનો હવાલો હવે તમને જ સોંપી દઇએ તો કેમ?

કુમાર

જાન્યુઆરી ૧૯૪૦

અંક ૧૯૩

મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂા. ૬, પરદેશના રૂા. ૬ા. પરદેશના ૧૨ શિ. છુટક છ આના; મુંબાઇના ખાસ કેન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના સોલ એજન્ટ શિક્ષસાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો; આર. આર. શેઠની કં. અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ

જાન્યુઆરી
૧૯૪૦

મા-ભોમના દર્શને

ઓતરાખંડના હિમ ઉચ્છ્વાસતો
આજ વાયુ વહે હૃષ્ટ વાને;
આજ ક્રૌંચો તણી વેદના ઓગળે,
અભ્ર થંભી જતાં એકધ્યાને;
સાંધ્યલીલા શમે દર્પથી, ચન્દ્રને
ઝંખતો સ્કંધ અબ્ધિ ઉછાળે;
કેશકા શર્વરી કેશ સંમાર્જતી
આજ સોત્કંઠ ઓઝલ ઉઘાડે.

આજ કંઠાર ખુશ્બો થકી મ્હેકતી,
નેળનાં ચેર કાયા નચાવે;
સારસો વ્યોમમાં બેલડીએ મળી
તુંગ કો વૃક્ષને ચેતના દે;
દૂર કાસારમાં કુમુદિની હીંચતી
ભૃંગને અર્પી શય્યા ઉછંગે;
તારકો ત્યાં કરે આંખમીંચામણાં,
ધૂલિ યે મર્મરે છે ઉમંગે.

કેમકે વર્ષનાં વર્ષ વીતાવીને
હું અટૂલો પ્રવાસી પધારું;
હૈયું સંકોરતું છજ્જ કો ઊર્મિ કે
આજ મા-ભોમનો ભાલ ચૂમું;
નેણ ભીનાં બની છો સુકાઈ જતાં,
તું ન હૈયા! કદી શુષ્ક થાજે;
સંસ્મૃતિ સર્વ છો છેહ આપી જતી,
જીભ! મા-ભોમનો મંત્ર ગાજે.

અશોક હર્ષ

(છંદ : ગુલબાગ) હૃષ્ટ=પ્રસન્ન; કેશકા=વાળ ઓળવામાં કુશળ; શર્વરી=રાત; કંઠાર=કાંઠો; નેળ=ખાડીથી સાંકડો દરિયાનો પટ; ચેર=કંઠાર પર દરિયાનાં પાણીમાં જ થતા એક જાતના છોડવા; છજ્જ=છાજું



ગુજરાતનાં અશ્રુ

● ગુજરાતના નારીજગતમાંથી શિલ્પકલામાં એક માત્ર આગળ આવેલાં કલાયત્રી કુ. માદ્રી દેસાઇ ગુજરાતનું ગૌરવ પ્રસારે એવું પાત્ર હતાં. તેમની અવસાનનોંધ અન્યત્ર પ્રકટ કરી ચિત્ત કંઇક સ્થિરતા મેળવે એવામાં તો મારી આંખ સામે બીજા એક અભિલાષાભર્યા તરુણ કલાકારની ચિતા બળતી જોવાનો પ્રસંગ આવી પડ્યો. સ્વ. ભાઈ હરિવદનને મેં શૈશવ અવસ્થામાંથી તરુણના મનોહર રંગે ઘેરાતો જોએલો, એટલે શી ખોટ પડી છે તે સમજાવતાં પણ મને વિટંબણા થાય છે. 'કુમાર'ના પૂર્વપરિચિત કલાકાર ભાઈ કૃષ્ણલાલ ભટ્ટ અને ફોટોગ્રાફીમાં આગળપડતા ગુજરાતી તરુણ શ્રીદામ ભટ્ટના એ નાના ભાઈ. એ બધાં ભાઇભાંડુમાં કલાવૃત્તિ ઈશ્વરી બક્ષિશ જેમ ઊતરી છે. પણ હરિવદને તો તે પાછળ ઉત્કટ આરાધના કરી હતી, અને કુમાર કાર્યાલયથી શાંતિનિકેતનના પથનો તે સફળ યાત્રિક બન્યો હતો. એણે કળાનું રહસ્ય પામી લીધું હતું અને તેનાં વિવિધ ફળો પ્રગટે તે પહેલાં સ્ટવથી દાઝવાના અકસ્માતે તેનો દેહ ઝડપી લીધો. આટલા ટૂંક જીવનક્રમમાં યે તેણે અનેક પ્રવૃત્તિઓ, પ્રવાસો, પ્રયત્નો અને પ્રયોગો કર્યાં હતા; અનેક સંસ્થાઓની સેવા કરી હતી. 'કુમાર'નાં કેટલાં યે અવનવાં અક્ષરલૂથો તેણે કર્યાં હતાં. વ્યાયામના અખાડા, અસહકારની લડતમાં સત્યાગ્રહી લૂણ અને પ્રાંતિક સમિતિનું પ્રચારકાર્ય, તે પછી જ્યોતિ સંઘ અને મુંબાઈની ન્યૂ ઇરા સ્કૂલના ચિત્રશિક્ષક તરીકેનું કાર્ય, આ બધાં ક્ષેત્રોમાં ઉત્તરોત્તર તેનો ફાળો



અને સાધના અમર નોંધપાત્ર બન્યાં છે. એના સ્નેહીઓ અને મિત્રોનાં સાંત્વન દોહ્યલાં બન્યાં છે, પણ તેના આત્માની ઉપશાંતિ ઈચ્છતા સૌ તેના સ્મરણાર્થે યોજાએલી સ્મારક-યોજનામાં સાથ પૂરે. 'કુમાર' હવે પછીના અંકમાં એની સાધનાનો પરિચય આપશે. જેઓ એ વિષે કંઇ હકીકતો, પત્રો કે ચિત્રો અમને મોકલશે તેનો ઘટતો ઉપયોગ કે સમાવેશ એ અંકમાં થશે.

સ્વ. પ્રાણજીવનભાઇ ઠક્કર

જીવનમાં સતત સંસ્કારપૂજા અને સાહિત્ય તેમજ સર્જનનો સમાગમ શોધતા ભાવનગરના એ અગ્રગણ્ય થીઓસોફિસ્ટ નાગરિક હતા. તેમના યુવાન પણ અપંગ પુત્ર પ્રભુદાસ, પહેલાં 'વીસમી સદી'માં ને પછી 'કુમાર'માં ભાવનાપૂર્ણ લેખો આપતા. એમના અકાળ અવસાન



પછી એમના આ પિતાએ બહુ જ શાંતિ અને ધીરજથી એ દુઃખ પચાવી કુટુંબને ઉછેર્યું. પહેલેથી છેવટ સુધી તેઓ 'કુમાર'ના ગુણપૂજક હતા અને તેના શ્રેય અર્થે બે વખત રૂ. ૧૦૦ની રકમો અર્પી હતી, પણ નામ જાહેર કરવા બાબત તેમણે આગ્રહભરી મના કરી હતી. એ રકમો 'કુમાર'ના અંગત ખર્ચમાં કદી ન લેતાં અકિંચન વિદ્યાર્થીઓ, રંક સંસ્થાઓ, હરિજન આશ્રમો અને લવાજમ ભરવા તદન અશક્ત પણ યોગ્ય પાત્રોને એ રકમથી 'કુમાર' પહોંચાડી તેનો હિસાબ સદ્ગતને પહોંચાડતા. આજે તેમનું દર્શન અને પરિચય આપી તેમનો જાહેર ઋણસ્વીકાર કરીએ છીએ. એવા અનેકો હો!

ચિત્ર-શિક્ષા

● ગયા ડિસેમ્બરની ૨૯મી તારીખે નડિયાદમાં ભરાએલી સેકન્ડરી ટીચર્સ કૉન્ફરન્સ પ્રસંગે ચરોતર ચિત્રશિક્ષક સંઘ તરફથી એક વિદ્યાર્થી-ચિત્રણા પ્રદર્શન યોજાયું હતું. તે પ્રસંગે, આપણી કેળવણીમાં અપાતા ચિત્રશિક્ષણ વિષેના જે વિચારો મેં રજૂ કર્યા હતા તેમાંનો થોડો ભાગ 'કુમાર'ના વાચકોને ઉપયોગી ધારી અહીં આપું છું:

આ જમાનામાં ચિત્ર-શિક્ષા શાળાઓ દ્વારા લગભગ

દેશવ્યાપી બની ગઈ છે અને સરકારી તેમજ દેશી રાજ્યોમાં તેના પ્રચાર અને પરીક્ષાઓના પ્રબંધો પણ ચાલુ છે; એમ છતાં એક વાત ઘણાના મનમાં આવી જ છે કે ચિત્ર-શિક્ષા આપણી કેળવણીનું જીવતું અંગ બની શકી નથી. વાચન, લેખન, ગણિત, ઇતિહાસ-ભૂગોળ, ઍલજિબ્રા અને છેવટ આવેલું વિજ્ઞાન પણ જે ક્રમવશથી ચાલુ કેળવણીના પ્રકારોમાં સ્થાન પામ્યાં છે એટલો ઉમળકો અને આદર ચિત્રશિક્ષણને મળ્યાં નથી.

ચિત્ર-શિક્ષા કેળવણીમાં દાખલ કરનારનો મૂળ આશય એવો હશે કે તે દ્વારા દેશમાં રંગ, આકાર, પ્રમાણ અને સુવ્યવસ્થાનું ધોરણ પ્રસરે અને સામાજિક જીવનમાં તેમજ ઉદ્યોગમાં સંસ્કાર અને સુંદરતાનો જન્મ થાય. આ પરિણામ લાવવામાં જેટલે અંશે ચિત્ર-શિક્ષા નિષ્ફળ થઇ છે તેટલે અંશે દોષ તેની યોજના, આદર અને પ્રચારની પદ્ધતિનો જ ગણાય. યુનિવર્સિટીએ વિજ્ઞાન પર જેટલો ભાર મૂક્યો છે તેનો અલ્પાંશે પણ પક્ષ કલાના શિક્ષણ માટે બતાવ્યો છે? જો એ સ્થિતિ હોત તો આપણી સૃષ્ટિમાં આજે જે વિકૃતિઓ અને અસંસ્કારિતા પેઠાં છે તેનાથી આપણે મુક્ત હોત. આપણે આપણા દેશનાં સૌન્દર્ય અને સંસ્કારથી વંચિત બન્યા છીએ. આપણા દેશનાં સ્થાપત્ય, શિલ્પકળા કે ઉત્તમ રચનાઓ સાચવી શક્યા નથી, બલ્કે થોડેઘણે અંશે તે તરફ કંઈક હલકી નજર રાખતા બન્યા છીએ. બચપણથી માંડી યુનિવર્સિટી સુધીની કેળવણીમાં ક્રમશઃ આપણી મૌલિક રુચિ અને સંસ્કારનું પોષણ થતું નથી, પણ તે પર આઘાતો જ થયા છે. હું કેળવણીને જુદાજુદા ખંડોમાં વહેંચી શકતો નથી. મારે મન કેળવણી જગતને આદર્શ સ્વરૂપે પહોંચાડનાર ભોમિયો છે. માતાના ખોળામાંથી માંડી યુનિવર્સિટીશિક્ષણ કે પ્રૌઢ દશા સુધી તેનો સાથ અનિવાર્ય છે; તેના સતત સાહચર્ય વિના મનુષ્ય ધ્યેયપ્રાપ્તિ કરી શકતો નથી. કેળવણી મનુષ્યની દિવ્ય દૃષ્ટિ છે. તેનાથી તે જીવનમાં સૌન્દર્ય, સંસ્કાર અને ઉત્કર્ષ પ્રાપ્ત કરી શકે જ એ મારી દૃઢ માન્યતા છે. પણ તે ફલિત થતાં ન દેખાય ત્યારે એ કેળવણીને હું વેશધારી (fraud) જ માનું.

મારી ફરિયાદ કેળવણીના વિષયો પરત્વે નથી, પણ જે રીતે વિદ્યાર્થીઓમાં તે ઠાંસવામાં આવે છે, જે રીતે તેની મૌલિકતા અને નીતિનો ધ્વંસ કરી માત્ર ગોખણવિદ્યા, સખ્તાઇ અને પરીક્ષાના ત્રાસ વડે તેમની પાસેથી કામ લેવામાં આવે છે તેની સામે છે. સ્વયંબુદ્ધિ અને સંસ્કારથી તેઓ વંચિત રહી જાય છે; નિરીક્ષણ અને ક્રિયાશક્તિમાં શૂન્ય બની જાય છે. આને પરિણામે તેઓ એવી માનસિક અવનતિના તલે પહોંચ્યા છે કે જેથી તેમને સારાં લુગડાં પહેરેલા ગુલામો માત્ર કહી શકાય. એકબીજાનાં ગળાં કાપતા વેપારીઓ, ખિસ્સાં તર કરતા ડૉક્ટરો, સમાજના ઝગડા ને સ્વાર્થો પર વકીલાત કેમ વધે તે વિચારતા વકીલો અને ખુશામદ તથા દંભથી નોકરી કે જીવનનો ઠાઠ કેમ નભે એવું વિચારતો માનવ સમાજ, આ છેલ્લાં પચાસ વર્ષની કેળવણીએ નીપજાવ્યો છે એમ નહિ કહો?

આપણે આપણો કાચો માલ પરદેશોને સોંપી દઇએ છીએ તેનું કારણ આપણું માનસ કાચી કેળવણી પામેલું છે એ છે. આપણે પદાર્થો પર હથોટી અને કરામતી શક્તિ ધરાવતા નથી. લેખન, વાચન અને ગણિત એ તો માલ તૈયાર હોય તેના હિસાબ રાખવાને કામનાં છે, પણ જ્યાં દેશ આખાનાં દશે આંગળાં ઠૂંઠવાઈ ગએલાં હોય, તેનાં ટેરવાંમાંથી વહેતું સર્જન જ થીજી ગયું હોય, જ્યાં માલ જ ઉત્પન્ન થતો ન હોય ત્યાં તે માલની જાત કે રૂપ અથવા વેચાણશક્તિ શાનાં વધારવાનાં અને હિસાબો શાના રાખવાના? આપણી કેળવણીએ આપણી પ્રજાને માલ બનાવી સમૃદ્ધ થતાં શીખવ્યું નહિ, પણ માલ પર સટ્ટા ખેલતાં શીખવ્યું છે. કામ કરવાની વાત કોઇ જાણતું નથી. બધાને ટેબલ-ખુરશી પર બેસવું છે, વૅકેશનો માણવી છે, કામ કોઇ પાસે કરાવવું છે; કામ કરવું એ મોભાવાળાને છાજે નહિ એવો વિચાર સમાજમાં આજે રાજ કરે છે.

કેળવણીની આવી અંધ નેતાગીરીના પ્રતાપે આપણે આપણા ઉદ્ધારના માર્ગો બંધ કર્યાં છે. વિદ્યાર્થીઓને કોઇએ વિશદ દૃષ્ટિવાળા વ્યવહારકુશળ કર્યા નહિ, સુશિક્ષિત સુસજ્જિત તાલીમ, પ્રતિભા અને સૌંદર્યથી વંચિત રાખ્યા. પ્રજામાંના દિવ્ય બક્ષિશવાળાં અને આદર્શવાળાં હજારો બાળકોને કેળવણીરૂપી આ યંત્રરથનાં પૈડાં તળે છુંદાતાં નષ્ટ થવા દીધાં. પ્રજાની આ ખરી મૂડી, પ્રજાને સદ્વિચારો અને ચેતન આપનાર એવું સુવર્ણ, આપણે કેટલું ગુમાવ્યું? આ દેશની અસલની હૈયાઉકલત ને નજર થીજી ગયાં હોય, જોઇતું બનાવી લેવાની શક્તિ અને આદ્ય પ્રેરણાધન ચીમળાઈ ગયાં હોય, દેશની પ્રતિભાનો અગ્નિ ઠંડો પડી ગયો હોય તો એ કોને આભારી છે?

આજે આપણા કારખાનદારો અને મિલમાલિકો ડિઝાઇનો માટે, બનાવટો માટે, રસાયણો માટે જર્મની, અમેરિકા અને યુરોપ તરફ હાવલાં મારે છે, પણ પ્રજાની કેળવણી માટે કલાગૃહો, ઉદ્યોગગૃહો અથવા ક્રિયાશક્તિની સ્પર્ધાઓ યોજી ઉત્તેજન કે આલંબન આપવાની પ્રવૃત્તિ તો શું, પણ વિચાર સરખો યે કરી શકતા નથી. તેમના કાપડના નાના સંચા પણ હજુ અહીં બનતા નથી. કાપડ સિવાય બીજી બનાવટોના ધંધા પણ તેમને સૂઝતા નથી. પરિણામે માત્ર સંચા ચલાવનારા કારીગરો વધાર્યા સિવાય બીજી કશી પ્રગતિ આપણે ત્યાં થતી નથી. Commercial design college જેવી ચિત્ર-શિક્ષાની સદ્ધર યોજના આ દેશમાં મોજૂદ હોત તો આજે ભાતભાતની ડિઝાઇનો,

પદાર્થરચનાઓ અને સફાઈદાર રંગાવટો કરી આપનારાં કારીગરોનાં સૈન્યો મળી શકત. પણ શોક એ છે કે કેળવણીનું ધ્યેય યુનિવર્સિટિના મોંમાં એકરો હોમવાનું જ રહ્યું છે. એની ચિત્ર-શિક્ષા પણ કેવી મશ્કરી રૂપે રહી છે!

ચિત્રાલેખનનું શિક્ષાકાર્ય અમાપ અને અતુલ છે. છતાં નવાઇની વાત એ છે કે આજ ચાળીસ વર્ષથી દાખલ કરેલા એ વિષય ઉપર હજી સુધી સરકારી કે ખાનગી પ્રયત્ને એક પણ શિક્ષાગ્રંથ ગુજરાતી ભાષામાં રચાયો નથી કે જેથી તેનાં તત્ત્વો અને સક્રિયતા કાંઈ પણ માબાપ કે શિક્ષકને સુલભ બને. આથી જ, અક્ષરજ્ઞાન કરતાં પણ વહેલી પ્રાપ્ત થાય એવી આ વિદ્યા ગામડાંઓમાં પ્રચાર પામી નથી. મારો નિશ્ચિત મત છે કે ગામડાંનાં વાસીઓમાં રંગ અને આકૃતિ પારખવાનું જેટલું સદ્ય જ્ઞાન છે તેટલું શહેરમાં નથી, અને રંગ તથા આકારની તાલીમ ગામડાં સત્વર ઝીલી શકે એમ છે. પણ ચિત્રશિક્ષાના અધિકારીઓએ વળી બીજી એક મુશ્કેલી ઊભી કરી છે. તે નિશ્ચિત સાધનોની. અમુક જ સાધનો, અમુક જ ફૂલપાત્રો કે અમુક જ રંગપેટીઓ હોય તો જ ચિત્ર-શિક્ષા પ્રચાર પામે! આવાં નિયમનો તેના નિર્માતાનું આ પ્રદેશ વિષેનું અજ્ઞાન અને શિક્ષકો પરની અશ્રદ્ધા સૂચવે છે. જે દિવસે આ કેળવણી નહોતી તે દિવસે આ ગામડાંમાં જ કપડાં રંગાતાં, છપાતાં, ચીતરાતાં, ભરત ભરાતાં; કુંભારો માટલાં ઘડતા અને રંગતા કે ચીતરતા: મોટે ભાગે કારીગરીઓ ગામડાંમાં જ તૈયાર થતી. તેમની એ મૌલિક અને તળપદી રીતોનો વિકાસ કરવાનું, તેમનાં રૂપજવેલાં ડિઝાઈનો મેળવી, સાચવી તેનો જ ક્રમિક વિકાસ આપવાનું તેમના અભ્યાસક્રમમાં ક્યાંયે ન રાખ્યું. આ શિક્ષકોને કદી સાધનોની જરૂર પડતી જ નથી; પણ તેમના પર બહારથી કે ઉપરથી આવેલી મર્યાદાઓ અને ફરમાનો તેમની મતિને કુંઠિત કરી દે છે. જો ખાતાના અધિકારીઓ સ્વદેશપ્રેમી હોય તો તેમણે પ્રથમ ચિત્ર-શિક્ષાનાં સાહિત્યો દેશમાં જ તૈયાર થાય એવી યોજના હાથ ધરવી જોઈએ, અથવા તો જે સામગ્રી દેશમાં મળે છે તેમાંથી ચિત્ર-શિક્ષા કેટલે દરજ્જે શક્ય છે તે પર વિચારણા કરીને અભ્યાસક્રમો ઘડવા જોઇએ. મારી નમ્ર માન્યતા પ્રમાણે આપણાં ગામડાંઓને, પરદેશી કંપનીઓના રંગ-કાગળ વાપર્યાં સિવાય, માત્ર ચૂનો, માટી, ગેરૂ, અને ભીંતો અથવા જૂનાં ન્યુસપેપરો જેવાં સાધનો દ્વારા ઘણી પ્રગતિકારક શિક્ષા આપી શકાય. પોતાના જ પદાર્થોના પ્રયોગોમાં તેઓ વધુ સફળતા બતાવી શકશે.

મને નવાઇ તો એ લાગે છે કે આટલા આટલા સમય સુધી યુનિવર્સિટીએ વિજ્ઞાન અને યંત્રવિદ્યાની આવડી ખર્ચાળ સાધના કર્યાં છતાં આપણે શિક્ષણ પૂરતા યે રંગો મેળવી ન શક્યા! ચિત્રમાં વપરાતી કાળી શાહી પણ પરદેશની જ વાપરવી પડે! તે બનાવવાની લાખ થેલાબંધ પરદેશ જાય અને શાહી બની તે પાછી આવે, છતાં નામ 'ઇન્ડિયન ઇંક' રાખે! પુરાતન તાલપત્રો અને હસ્તપત્રોની શાહીની ફૉર્મ્યુલા આપનાર એક પણ વૈજ્ઞાનિક હજુ પ્રાપ્ત ન થયો. પીંછીઓ માટે ખિસકોલી, ઊંટ વગેરેના વાળ જપાન અહીંથી મંગાવી પીંછીઓ બનાવે છે ને આપણે તે ખરીદ કરીએ છીએ! મારૂં ચાલે તો હું શાળાઓમાં પીંછીઓ જાતે બનાવી લેવાનું રાખું. આથી પ્રત્યેક જણ પોતાને જોઇતી વિશિષ્ટતાવાળી પીંછી બનાવી શકે. વાળ, દોરા અને વાંસની ભૂંગળીથી જપાનીઓ જે પીંછીઓ બનાવે છે તે યૂરોપની પીંછીને પણ ભૂ પાય છે. આપણે તે શીખવું જ જોઇએ. પણ આપણે તો આજે નાના હાથસંચા થતાં પેન્સિલો છોલવાનું અને કલમો ઘડવાનું પણ ભૂલતા જઈએ છીએ! કાગળો પણ અહીં બનાવી શકાય એવું છે. પણ ક્રિયાશક્તિ વિનાની, માત્ર ઉપભોગ શીખવનારી કેળવણીના દાસો શું કરી શકે? સેંકડો વર્ષોનાં હિંદી ચિત્રો આપણે ત્યાં મોજૂદ હોવા છતાં આપણું કેળવણીખાતું એનું સંશોધન કરી, એના પ્રકારો કેળવણી દ્વારા આપણે ત્યાં પ્રચારી શકાય કે નહિ તેનું સ્વપ્નું પણ જોતું નથી.

ર. મ. રા.

ભૂતકાળની શોધમાં (અનુસંધાન પૃષ્ઠ ૧૪થી)

૧૮ માઇલ ટ્રેનમાં ને ૧૧ માઇલ પગે ચાલી કુલ ૨૯ માઇલની મુસાફરી આજે પૂરી કરી.

એ ભાઈનું નામ હતું બેચરલાલ; જ્ઞાતે જેઠીમલ્લ. વાત કરતાં જણાયું કે આખું ગામ જેઠીમલ્લોનું જ છે. વળી તેમનું એ અસલ સ્થાન પણ છે. જામનગર અને રાજકોટમાં જેઠીમલ્લોનાં ત્રણચાર કુટુંબો છે તેમના વિષે હું જાણતો હતો ને વળી એત્રણ જણાને ઓળખતો પણ હતો. એ લોકો વખતોવખત ગુજરાતમાં ક્યાંક પોતાને ગામ જતા આવતા એ વાત મને યાદ આવી ને રખેને એ જ તેમનું ગામ હોય એ માની એચાર નામ મેં બેચરલાલને આપ્યાં. મારી ધારણા ખરી પડી એ બધા બેચરલાલ અને તેના સસરાના કુટુંબીઓ હતા. આમ ઓળખાણ નીકળતાં મારે તેમને ત્યાં જ રોકાવાની ફરજ પડી. આ જેઠીમલ્લો જોકે અસલ મોઢ બ્રાહ્મણ હતા, પણ તેમણે મલ્લવિદ્યાનો ધંધો સ્વીકાર્યો ત્યારથી હલકા ગણાયા. રાત પૂરતું તો શેરેક દૂધ ગટગટાવીને મેં ચલાવી લીધું.

(ચાલુ) **અમૃતલાલ વ. પંડ્યા**

ગુજરાતની મનોભૂ ફળદ્રુપ બનાવવા પથરા ચાસી જનાર પંડિત

વૉલ્તેરે એક ઠેકાણે લખ્યું છે કે તમે જમીન ખેડીને એવી તૈયાર કરો કે તમારા પછીની પેઢી તે પર એક ચમન ઊભું કરી શકે. એ ઉક્તિ સાર્થક બનાવનારા જે અનેકો નીકળ્યા તેમાં સોરઠે એક સંતાન એવો નીપજાવ્યો કે જેણે ગોરાડુ જમીન તો શું પણ પથરા યે ચાસ્યા. કમનસીબે એના પાડેલા એ ચાસ ઓરણીના અભાવે વેરાન જ રહ્યા, નહિતર ગુજરાતની મનોભૂ આજે એ ફળદ્રુપતાથી કોઈ નવી જ બહાર અનુભવી રહેતી હોત.

પેરી અને પૅટ્રી ન હોત તો મિસરના અઢારે રાજવંશની કબરો અને જાહોજલાલ ભૂતકાળ જગતની આંખે ન ચડ્યો હોત. લીઓનાર્ડ વૂલી ન હોત તો મેસોપોટેમિયામાંના ઊરનો મહિમા અજ્ઞાત જ રહેત. સ્વેન હેડિન કે ઑરેલ સ્ટાઇન ન હોત તો ગોબીના રેગિસ્તાનની કે મધ્ય એશિયાના વેરાનની ભંડારાએલી સમૃદ્ધિ પર થોડાક વધુ થર બાઝયા હત. અને એ જ મહાનુભાવોની હરોળમાં શોભે એવી ગુજરાતની નીપજ પંડિત ભગવાનલાલ ઇંદ્રજી હતા એ નિઃસંશય છે.

સુશ્લિષ્ટ ભૂતકાળનો આલેખક, સમુજ્જવલ ભાવિના કલ્પક જેટલો જ આદરપાત્ર છે. આપણામાં કદરદાની હોત તો ઇતિહાસ અને પુરાતત્ત્વમાં રસ ધરાવતા મર્યાદિત વર્ગમાં જ આજે જેમની સ્મૃતિ કાયમ રહી છે એવા એ મહાનુભાવનું પૉમ્પાઈના ઉત્ખાતક જેવું સ્મારક રચી. ચિકીર્ષુ કુમાર માનસને નવી પ્રચેતના આપી હોત. એમના નામે શિષ્યવૃત્તિઓ સ્થાપી નવો બૌદ્ધિક વ્યવસાય પાંગરાવી શક્યા હોત. પણ માત્ર કલ્પનાના મદાર પર નભનાગઓની પાસે એવી શ્રમસહ પ્રવૃત્તિના પુરસ્કારની આશા રાખવી અસ્થાને છે.

અત્યારે રોહિલખંડના બરેલી જિલ્લામાં આવેલા રામનગરના પડખામાં એક કાળે પ્રાચીન પાંચાળનું અહિચ્છત્ર નગર વિલસતું. ઇસવી સનના સાતમા શતકમાં એ નગર પડી ભાંગતાં ત્યાંથી નીકળી વિસ્તરેલી અને આજે પ્રશ્નોરા નામે ઓળખાતી નાગર જ્ઞાતિમાં ઇ. ૧૮૩૯ના નવેમ્બરની ૭મીએ, વિ. સં. ૧૮૯૬ના કારતક શુદ ૨ના દિવસે, ગિરનારની ગોદમાં આવેલા જૂનાગઢ મુકામે



ડૉ.

ભગવાનલાલ ઇંદ્રજી

★

ભગવાનલાલનો જન્મ થએલો. શાસ્ત્રોમાં પારંગત કુટુંબમાં જન્મ પામ્યા હોવાથી સંસ્કૃતનું જ્ઞાન અને આપણી જૂની સંસ્કૃતિની પિછાન એમને ઠીકઠીક હતાં.

જૂની ઢબે ચાલતી એકાદ પાઠશાળાના શિક્ષણથી જ ભગવાનલાલના અભ્યાસનો અંત આવી ગએલો. એમને ભાવિ કારકીર્દિના ચીલે ચડાવનાર તો ગિરનારની તળેટીમાં આવેલા મૌર્યવંશી સમ્રાટ અશોકના શિલાલેખો. ઘણાં યે ગામોને પાદરે ખાંભી–પાળિયા, અવાવર અવશેષો, શિલાખંડો કે ઉત્કીર્ણ લેખો–આલેખનો આથડતાં હશે, અનેક રઝળુ જુવાનિયાઓની નજર એક કરતાં વધુ વખત એમને તરી પાર થઇ હશે, પણ નાનપણમાં પાટી-ચોપડાં સંતાડવા કે મોટપણમાં પોતાની મસલતના જડ સાક્ષી બનાવવા સિવાય ભાગ્યે જ કોઇ એથી વિશેષ (અનુસંધાન આગળ પૃ. ૨૯મે)

દાણીનું ઘડિયાળ જેનો ચોર જડયો!

'અલ્યા મારું ઘડિયાળ ક્યાં ગયું?' અંદરથી દાણીનો અવાજ આવ્યો.

પૂનમના આથમતા ચંદ્રને કે ઊગતા સૂર્યને બેમાંથી કોઈને ય ખબર નહોતી, તો પછી ચોકિયાતોને તો એની ક્યાંથી જ ખબર હોય?

'અલ્યા એ સુવ્વરો! ક્યાં મરી ગયા બે ય જણ?'

ઘેર જતાં પહેલાં મફતની તમાકુનો દમ લગાવી લેવા બેઠેલા ચોકિયાતો આ બીજા અવાજથી લગભગ ધ્રૂજી ઊઠ્યા. એમાંનો એક આધેડ હતો તે વહેલો વહેલો ઊઠ્યો. અને ઓરડીના બારણા આગળ તે પહોંચતામાં તો બેચાર ગાળો સાથે દાણીના 'મારી ઘડિયાળ ક્યાં ગઈ?' એ હુરકાટે તો તેને ઉલટાનો મૂંગો બનાવી દીધો.

ખાટલાની પથારી, ઓશીકું વગેરે ઊંચું નીચું કરતાં દાણી બોલવા લાગ્યા: 'અલ્યાઓ, જો હાથ ન લાગી તો યાદ રાખો—આજ તમારી ખેર નથી.'

બીજો ચોકિયાત પણ ચલમને પડતી મૂકી ત્યાં આવી ઊભો; અને આજે પહેલો આવી લાગેલો એક બાલ અપીણીઓ પણ તાજ્જુબી અને ગભરાટથી તે બે જણની પાછળ ખડો રહ્યો. એને હજુ પૂરેપૂરું સમજાયું નહોતું કે શું ખોવાયું છે.

'શું તાકી રહ્યા છો? ખોળી લાવો, નહિ તો જાણતા નહિ હો, હા...' કહેતા દાણી ચોપડી અને ચોપડાનું કબાટ જોતા હતા.

ત્રણે જણા ડરતા ડરતા અંદર પેઠા. ચાદર ઉચકી, ગોદડું ઉચક્યું, ધીમેથી ખંખેર્યું પણ ખરું અને ખાટલાનું વાણ પણ બારીકાઈથી જોયું. પેલો બાલ તો વળી હાથ મારીને ખાટલાને ખંખેરવા પણ મંડ્યો. એ જોઈને દાણી હુરક્યા: 'એ સુવ્વર! સાલા મૂરખ છે કે શું? એ કંઈ સોય થોડી છે તે વાણમાં ભરાઈ રે'વાની હતી? મોટી ભમરડા જેવી ચીજ એમ કાંઈ હાંકી રે' કે!'

પેલા આધેડે પૂછ્યું: 'તાણે સા'બ, એવું તે ક્યાં મેલ્યું'તું, કે—'

'ક્યાં તે...' કહી દાણીએ એક જબરી ગાળ ચોપડી દીધી, અને ઉમેર્યું. 'તમે બધા ક્યાં નથી જાણતા કે રોજ આ ઓશીકા નીચે જ તો રે' છે; અહીંથી જાય ક્યાં!'

પાંચપાંચ મણની ગાળને પણ આ લોકો ભાજી-મૂળા જ ગણતા હતા. એકકે એક ગાળ એમના સ્વભાવ સાથે એટલી બધી ભળી ગઈ હતી કે એ બધા શબ્દો હવે એમને મન વાક્યમાં આવતા પ્રત્યય સમાન જ લાગતા. એટલે પેલાએ વળી પૂછ્યું: 'સા'બ કાલે ગસમાં (ગિસ્તમાં) ગ્યા'તા તે ત્યાં તો ક્યાંય પડી—'

'મેર સાલા! ચોમાસામાં તે કોઈ ગસતમાં ઘડિયાળ લઈ જતું હશે? પલળીને બગડી ગયા વગર રે' કે!' અને ખાટલો દેખાડતાં બોલ્યા: 'અહીંઆં જ મૂકેલી હતી. કાલ ગસતમાંથી આવ્યા પછી મારા જોવામાં જ નથી આવીને. તમારામાંનો નહિ તો ગામનું કોઈ ગમે તે ચોરી ગયું એમાં તો હવે શક જેવું નથી.' અને ખાટલા પર બેસતાં ઉમેર્યું 'નહિ તો અહીંથી જાય ક્યાં?'

'પણ સા'બ, ખાટલો તો રાતરે અમે માંય લીધો 'તો; એ વેળા તો એના ઉપર કાંઈ ન'તું.'

'મેર સાલા મૂરખ! ચોરઈ ગયા પછી હોય ક્યાંથી? એમ આડી અવળી વાતો કરીને મને બનાવે છે, એમ?' અને ખાટલા પરથી ઊભા થઈ બહાર નીકળતાં બોલ્યા: 'જો નથી મળી તો યાદ રાખો, તમારા બે ય જણની આજે ખેર નથી.'

આથી ચોકિયાતોનાં મોં પરથી લોહી ઊડી જાય એ તો જાણે સ્વાભાવિક હતું, પણ પેલા બાલના મોં પરથી પણ લોહી ઊડી ગયું. પેલા આધેડ ચોકિયાતે બીજાને પૂછ્યું: 'મારું બેટું, તાણે જાય ગ્યાં શકના?'

'કુણ જાણે, ફતાકાકા, શી ખબર પડે?' શકનાએ પણ કંઈક વિચારમાં હોય તેમ જવાબ આપ્યો. આ વાતચીત પછી એ બંને જણની નજરને જો પેલા બીલે પણ ધ્યાનપૂર્વક નિરખી જોયું હોત તો સમજી જાત કે એમની આંખોમાં એકબીજા ઉપર વહેમ છે. વળી પાછા કબાટ નીચે અને પેટી પાછળ ખોળવા બેઉ જણે પગ ઉપાડ્યા. અત્યાર સુધી એકલા એકલા ગુંચવાયા કરેલા અને અર્થ વગરની ખોળાખોળ કરવામાં પડેલા

પેલા ભીલે પૂછ્યું: 'એં ભાઇઆ, આ ખુવાઇ હૂં (શું) ગ્યું હે?' એની શિકલ અને સવાલ બેઉ જોઇને પેલા બે ચોકિયાતો આટલા દુ:ખમાં ય હસ્યા વગર ન રહી શક્યા. ફતાએ કહ્યું: 'શું તે ઘડિયાળ; પેલી ટક ટક બોલે ને એ; ટૈમ ભાળવા વાળી.'

ભીલથી હસી જવાયું અને તેણે કહ્યું: 'ઓય મારા દીકરાવાળી!' અને પછી સહેજ થંભી, 'અરે એ તો કાંઇ સાંની રેહે કે ભાઇઆ? ઓડે તો તો જરા શરવા કાન રાખહો તો ય હંભ-ળાઇ આવહે'' કહી એણે પણ શરવા કાને આસપાસ જોવાની શરૂઆતકરી.

દાતણ કરતા દાણીએ આ ત્રણે જણને ચિત્રવિચિત્ર ઠેકાણે તપાસ કરતા જોઇ કહ્યું: 'એ હરામખોરો, તમારા મનથી કે હું મૂરખ છું એમ ને? તમારી મા એમ કાંઇ કચરામાં ઓછી વળાઇ જવાની હતી, તે કચરો ફેંદો છો?'

પણ એ ચોકિયાતો કચરો ન ફીંદે તો બીજું કરે ય શું? ગમે ત્યાં ગમે ત્યાં જોઇને ય ખોળ ચાલુ રાખ્યા વગર તો કંઇ છુટકો જ નહોતો. પણ પેલા ભીલને માટે એમનાથી જુદા પ્રકારનું હતું. એણે તો ઉંદરનું એક દર પણ ખાતરી જોયું; અને છેવટે તાપણાની રાખોડી ફીંદી જોવાનું ય બાકી ન રાખ્યું. પોતાની આ ચીવટ ને જહેમત ઓછાં હોય તેમ તેણે થાકીને છેવટે પોતાના પૂર્વજને પણ વીનવ્યો: 'હે માલા! જો તારૂં સત હોવે તો ઘડિયાળ જડી જજો!' પણ તો ય ન જડી. અશીણ વિના એના ટાંટિયા તૂટતા હતા અને એની દયા ખાધા વગર સૂર્ય એક પછી બીજો એમ વાદળગઢ સર કરતો ઊંચે ચડી રહ્યો હતો. પેલા ભીલે છેવટ થાકીને દાણી પાસે અશીણ માગ્યું. દાણીની જગ્યાએ બીજો કોઇ માણસ હોત તો ય અત્યારે એવું જ દાંતિયું કરત. અશીણીઆએ થાકીને અંતે પોતાના દેવને લાંચ દેખાડી: 'માલા! ઘીરે જાતામાં જ એક કૂકડું વધેરેહ!' અને વળી ચારે તરફ ખોળ કરવા વળ્યો.

પણ એની વહારે ન તો એનો 'માલો' આવ્યો કે ન આવી પેલી ઘડિયાળ. પરંતુ પેલા સિપાઇએ મદદે આવ્યા જેવું કંઇક કર્યું. દાણીને ચા આપતાં તેણે કહ્યું: 'કુંય નહિ દાણી સા'બ, ખોળ કરની ફજુલ હૈ. ઘડિયાળ છે જ નથી; ને—ઇધર હોવે તો મિલે ના?'

દાણીએ ચા મોંએ અડાડતાં પહેલાં બે ચોકિયાતોને સામે બેસાડયા, સાચું બોલી જવા–એટલેકે ઘડિયાળ કબૂલી જવા તકેદારી કરી, અને પેલા ભીલને પણ 'બેઠ, અભી ચા પી કે દેતા હું.' કહીને બેસાડયો. ત્યાર પછી દસ મિનિટમાં જ અશીણિયાના હાથમાં અશીણ આવ્યું. સીધી જ એક કાંકરી તો એણે મોંમાં મૂકી દીધી અને પછી ચલમમાં દેવતા ચડાવી ફૂંકતો ફૂંકતો ચાલી નીકળ્યો. એની ચાલ જાણે કહેતી હતી: 'ખાડામાં પડજો હવે દાણી, એની ઘડિયાળ ને પેલા ચોકિયાત બધા ય.'



'હું શું જાણું? તું કાંઇ ચોકી કરવા નથી આવતો, તે અજાણ્યો થાય છે?'

એને મન હવે દુનિયા આખી ય ઝખ મારતી હતી. એને ચાલી જતો જોઇને જ હવે કદાચ ફતાએ શકનાને ધીમેથી પુછ્યુંઃ 'પેલા ભીલના હાથમાં તો ક્યાં ય નહિ હોય ને શકના?'

'ના રે ના,' કહી શકનાએ ધીમેથી વ્યંગમાં ઉમેર્યુંઃ 'ઠીક બારોબાર બાપડાને માથે!'

'તાણે જાય ક્યાં?' આધેડે સહેજ કંટાળા સાથે કહ્યું.

'ક્યાં જાય તે હું શું જાણું? કાંઈ મીં તો નથી લીધું ને?' શકનાએ રીસ ચડાવતાં કહ્યું.

ફતાનો મિજાજ ગયો. આંખો કાઢતાં તે બોલ્યોઃ 'તે એમાં તું તપી કોના ઉપર જાય છે? આપણા ચાર વગર અહીં બીજું કોઇ તો આવ્યું નથી; પછી જાય ક્યાં?' અને સહેજ થંભી, 'કાં તો તું ચોર કે કાં તો હું ચોર; આપણ બે વગર બીજું લે કુણ? કાંઇ દાણી સા'બ કે રસુલભાઇ ઓછા ચોરવાના હતા?'

'એ તો હું શું જાણું?' શકનાએ કહ્યું.

'કેમ, હું શું જાણું? તું કાંઇ ચોકી કરવા નથી આવતો, તે અજાણ્યો થઈને બોલે છે?' ફતો વધારે ઉકળી ઊઠ્યો હતો.

'એમાં અજાણ્યો શાનો વળી? ચોકિયાત એટલે કાંઇ કોઇના પેટમાં ઓછું પેસી નીકળાય છે? અને વળી ફતાને એક જૂનુંપુરાણું મેણું વ્યંગ રૂપે માર્યું– 'હા હજુ કોકના ઘરમાં તો પેસી નીકળાય!'

શકરાના શબ્દો કરતાં જાણે આંખોમાંથી વધારે સારી પેઠે વંચાયું હશે અને તેથી જ ફતો ઉકળી ઊઠ્યો અને શકના સામે છાતી કાઢી સહેજ ઊભા થતાં પૂછ્યુંઃ 'એટલે, તારૂં કે'વું એમ કે હું ચોર છું, એમ ને?

અને પછી તો ખરેખર લડાઇ વધી પડી. ખેતરે જનાર ગામલોકો પણ આ ધાંધલ સાંભળીને ત્યાં આવ્યા, અને આ બંને ચોકીયાતોના સગાંવહાલાં પણ આવી લાગ્યાં. તેમણે વળી ગામના મુખી અને બીજા ડાહ્યા ડાહ્યા માણસોને પણ બોલાવ્યા. જોત-જોતાંમાં ઘરદીઠ એક એટલે એ હિસાબે ચાળીસ પચાસ માણસો ભરાઈ ગયાં. આગળ આવનારાઓએ દાણી અને ચોકિયાતોને, અને પાછળ આવનારાઓએ આગળ આવનારાઓને પૂછીને બધાએ જાણી લીધું કે દાણીનું ઘડિયાળ ચોરાયું છે. લગભગ દરેક જણનું મોં પડી ગયું હતું. ફિકરની, રેખાઓ એકલી નહિ પણ શબ્દો પણ સંભળાતા થયા હતાઃ 'આ તો ગજબ કે'વાય! 'સરકારી આદમીની ચીજ ગઈ પછી આપણાં તે શાં ગજાં?' વગેરે.

છેવટે મુખીએ દાણીને પૂછ્યુંઃ 'એ દાણી સા'બ, હવે આનું કરવાનું છે શું? કાંઈ રસ્તો તો ભાળો ભાઇસા'બ?'

'એમાં મને શું પૂછો છો? મને તો મારૂં ઘડિયાળ આપો, નહિ તો પછી મોકલું સિપાઇને થાણામાં ને તેડાવું હવાલદારને. પછી એ જાણે ને આ તમારા ચોકિયાતો ને ગામ જાણે.'

ચોપાડને સામે છેડે ગામની પ્રજા જેવા આઠદસ માણસો અંદરઅંદર વાતો કરતા હતા. 'પણ હાળું ઘડિયાળને તે કુણ ચોરે?' એક પટેલે લગભગ બધાયને અકળાવતો સવાલ કર્યો.

શિકારી કાનવાળા સિપાઈ ને કાને આ શબ્દ પડ્યા. ટોળી વચ્ચે આવી એણે ધીમેથી કહ્યુંઃ 'મગર ઉસકી સાથ પેલી ચાંદીકી સંકલી થી ના? ઉસકો દેખ કર ઉઠા ગએલા બેટા.' ને આ દલીલે આ બધાયને ચૂપ કરી દીધા.

મુખી અત્યાર સુધી ગામના બેચાર ડાહ્યા ડાહ્યા સાથે કશીક ગડમથલમાં પડ્યા હતા. આખર સાતેક જણનું એક પંચ બન્યું.

પંચે પેલા બે ચોકિયાતોને વારાફરતી એક બાજુ બોલાવીને પૂછવાની વિધિ કરી. પણ જવાબ તો એ બધા ધારતા હતા તેવો જ મળ્યોઃ 'કાંઈ ગાંડા થયા મુખી! અમારો તે કાંઈ દન ઊઠ્યો હશે કે દાણીનું, અને તેય ઘડિયાળ ચોરીએ? તમે જ વચાર કરોઃ આપણને ન આવડે ટેંમ જોતાં કે ન આવડે એની કળ મૈડતાં; પછી એની તે શું કામ રોવા ચોરી કરે?' અને પછી બેઉ જણે, 'તોય પૂછી જુઓ પેલાને' કહીને એકબીજા ઉપરનો આછો વહેમ વ્યક્ત કર્યો. પણ મુખીને અને બીજાઓને પણ ખાત્રી હતી કે આ બેઉ-માંથી કોઇ યે ઘડિયાળની ચોરી કરે એવું તો નથી જ.

ઘણાઓએ 'ડાબા હાથે મેલાઈ ગયું હશે; એટલામાં જ હશે; જાય ક્યાં?' એ વાક્ય ઉચ્ચાર્યું તો ખરૂં, પણ બીજી બાજુ ખોવાઈ ગયાની ખાત્રી પણ એટલી જ હતી.

દાણીએ એક કવર તૈયાર કરતાં કહ્યુંઃ 'શું ત્યારે મુખી? હું તો આ મોકલાવી દઉં છું પોલીસ થાણામાં!'

'અરે સા'બ, એવું તે હોય? ગામને મારી નાંખવું છે કે શું? ઘડિયાળ નઈ મલે તો એનો જે તે ય રસ્તો કાઢશું.' અને સહેજ થંભી પૂછ્યું, 'એ સા'બ; કાલ

આપ ગસતમાં કઈ પા ગ્યા'તા!'

'કેમ, કાંઈ મારી જડતી તો નથી લેતા ને મુખી?' કહી દાણી સારી હેઠે હસ્યા. અને દાણીના આ હાસ્યે વાતાવરણમાંથી જાણે હજારો મણનો ભાર હળવો કરી દીધો. અંધારામાં દીવાનો પ્રકાશ જેમ પથરાય તેમ દરેકના મોં પર હાસ્ય પથરાઈ ઊઠ્યું.

મુખીએ હસતાં હસતાં કહ્યું: 'આપની જડતી લેવાનાં તો અમારાં શાં ગજાં, સા'બ; પણ ઓણી પા એકાદ બે માણસ મોકલી તપાસ કરાવત. ક્યાંય ભૂલથી ખિસ્સામાં રહી ગયું હોય ને વાટમાં પડી ગ્યું હોય તો.—એક જાતનો વે'મ નીકળી જાત, બીજું શું!'

દાણીએ, ફરવા ગયા હતા એ રસ્તો વગેરે કહેતાં ઉમેર્યું: 'એ બધાં ખોટાં ફાંફાં છે, મુખી! હું તમને ખાત્રીબંધ કહું છું કે ઘડિયાળ ચોરાઈ ગયું છે.' એમ કહી એ ઊઠ્યા અને અંદર જતાંજતાં કહેતા ગયા: 'જે હોય તે નક્કી કરી નાખો. સિપાઈ રોટલા ખાઈ રે' એટલી વાર છે.'

આસપાસ બેઠેલા ગામના ડાહ્યાડાહ્યા માણસો સાથે મુખીએ કંઈક ગુસપુસ કરી અને પછી હળવે રહીને દાણી પાસે જઈ ખચકાતાં ખચકાતાં પૂછ્યું: 'એં સા'બ! એ ઘડિયાળ કેટલાકનું હશે?'

'મૂળ તો પચ્ચીસનું હતું મુખી, પણ—જાુઠું શું કામ બોલું. મારા હાથમાં તો વીસે આવ્યું'તું. પણ એવું તો એ ટાઇમ આપતું'તું કે અત્યારે ત્રીસ ખર્ચું તો ય એના જેવું બીજું ન મળે.'

મુખીનું મોં વળી પડી ગયું. વિચારની ધૂનમાં બોલતા હોય તેમ બોલ્યા: 'કાંઈ કામ લાગે એવી ચીજ ચોરી ગ્યું હોત તો ય ઠીક; પણ હાળું ઘડિયાળ તે શું જેઇને કાંઈ—'

'ઘડિયાળ નહિ તો એની પેલી ચાંદીની સાંકળી જેઇને ય છેવટ કોઇ ઉપાડી ગયું હોય. કંઈ નહિ કંઈ નહિ તો ય પાંચ રૂપીઆની તો સેજે હતી.' દાણીએ સિપાઈની હાથ આવી ગએલી સદ્ધર દલીલ જ આગળ કરી.

ઘડિયાળ ચોરાવાનું આ કારણ જરા વિચાર કરાવે તેવું હતું. પણ મુખીને કંઇ સૂજ જ ન પડી. છેવટે ઊઠતાં પહેલાં કહ્યું: 'ગમે એમ માનજો સા'બ, પણ આટલામાં—' કહેતાં એક વાર દસ અને ફરીથી પાંચ એમ પંદર આંગળાં દેખાડ્યાં. 'એટલામાં માની જવું પડશે, સા'બ!'

દાણીએ પહેલાં તો આનાકાની કરી આ ખાનગી ફેંસલા માટે નાખુશી દેખાડી અને કાયદેસર થતું હોય તેમ થવા દેવા કહ્યું, પણ છેવટે—જીભ હલાવીને નહિ, પણ માથું હલાવીને—કબૂલ કર્યું. મુખીએ પેલા ચોકિયાતને ઘેર જવા દેવાની રજા પણ લઈ લીધી અને વાતો કરતાકરતા સૌ ગામમાં આવ્યા. છૂટા પડતાં પડતાં મુખીએ કહ્યું: 'બાઇ ખાઈખાઇને બધા વે'લા આવજો પડસાળે, હો કે!' મુખીની પરસાળનો ચોરા તરીકે પણ ઉપયોગ થતો. અને કલાક પછી તો પરસાળ ભરાઈ ગઈ. બેચાર જણે થઇને ગામનાં કુલ ઘર ગણી ઘર દીઠ ચાર આના કાઢ્યા. એકે કહ્યું: 'સત્તર રૂપીઆ બંધ બેસે છે મુખી.'

મુખીએ કહ્યું: 'હું તો જોકે વીસનું કહીને આવ્યો છું, પણ એ તો મનવી લઈશું. એટલામાં એક જુવાન અદ્ધર થતાં બોલ્યો: 'આપણને તો કાંઈ એવા ચાર આના નહિ મળે. લ્યે લાલો, ને બરે હરદાસ, એમ ને!'

બેચાર બીજાઓએ પણ એમાં હોંકારો ભર્યો; તો ચાર છ જણાએ ફક્ત હાસ્યથી જ સંમતિ આપી.

મુખીએ ઊભા થઇ બધા યને સમજાવ્યા કે 'લાલા' જેવું કાંઈ છે નહિ, અને જો આ રૂપીઆ નહિ આપો તો પણ જમાદાર અને હવાલદાર આવીને એટલો ખરચો તો સહેજે કરાવી જશે, અને ઉપરથી આખા ગામને બેચાર દિવસ બેસાડી રાખી કામ ખાવડાવશે એ તો નફાનું. આટલું કરવા છતાં ય ઘડિયાળ તો ઊભું જ રહેશે, અને વળી રાજમાં અને અમલદારોમાં ગામની વગોવણી થશે અને એમને મોંએ 'ચોર ગામ' તરીકેનું મેણું સદા માટે આપણા ઉપર રહી જશે.

છતાંય પેલો જુવાન ન માન્યો. બેચાર જણ તો હજુય તેનો સાથ પકડી રહ્યા હતા.

મુખીએ વળી સમજાવ્યા. તેમણે ગામના ચોકિયાતોની સ્થિતિનો વિચાર કરવાનો અને ગામ તરીકે એમને મદદ કરવાની ફરજનો પણ ખ્યાલ આપ્યો. ઉપરથી જામીનગીરી આપતાં કહ્યું, 'જાઓ, જો આ ચોકિયાતોનામાં ઘડિયાળ નીકળે તો મારે ગામને બમણા રૂપીઆ પાછા આલવા.'

આટઆટલું કહેવા છતાં યે પેલો જુવાન તો ન જ માન્યો. ઉપરથી એણે તો રસ્તો દેખાડ્યો: 'ગામ

શાનો ખર્ચો આવે? જે ફરિયાદ કરે એ આવે, ગરજ હોય તો.' અને પછી તો એ એવું એવું બોલ્યો કે તેના પક્ષમાં હતા એમણે પણ એનો સાથ છોડી દેતાં

અજ્ઞાત પીડા

કાંટા ભલેને મુજ પંથ હોયે,
એથી ડરું ના લવલેશ હું તો;
કાંટા વિષે જાળવી પાય મૂકું
જેથી થતો કંટક-પંથ રમ્ય.
કિન્તુ ગુલાબી પથ જ્ઞાત જાતાં
ઉલ્લાસથી પાય ધરું યથેચ્છ, ત્યાં
મરી અચિન્ત્યો કટુ શલ્ય વાગે,
એથી પીડા થાય અસહ્ય અંગે:
કાંટા વિષે કંટકની અવજ્ઞા
ઘટે નહિ, નિત્યની એ જ આશા;
હરિત પન્થે પણ ગોખરુની
એકાદ તીણી કણી ખૂબ લાગે!

'ભારદ્વાજ'

કહ્યું: 'લે રે'વા દે હવે' ગણુ બોલ્યા વગર; દાણી જેવો માણસ કાંઈ જુદું બોલે ખરો!—વગેરે.' છેવટે લગભગ આખા ય ગામની સંમતિથી મુખીએ તેને કહ્યું: 'ભાઈ ભલે એમ રાખ; તું ફાળો ન આપતો. હવે તો બસ ને!'

બિચારા જુવાનની કફોડી દશા થઈ. બેચાર સગાઓએ તો એને તાડી પણ નાખ્યો: 'આખા ગામને ચાર આના મલે છે ને તને એટલા નથી મલતા! એવી માળીમાં આપણું રે' ભુતભાઈ—'

જુવાને કહ્યું: 'અરે પણ હું તો રીતની વાત કરતો 'તો. એમ ફાળો આલવાનું કુણ ના કે'છે?'

અને છેવટે એ આકરા સ્વભાવવાળા જુવાનને માથે જ પૈસા ઉઘરાવવાનું પણ નાખવામાં આવ્યું! જુવાને કબુલ કરતાં ગામનાઓને અત્યારથી જ સંભળાવી દીધું: 'ભાઈ, કાલ સુધીમાં જો પૈસા નહિ પતે તો પછી આકરા થઈને બોલવું પડશે. પછી કે'શો કે કહ્યું નહિ.'

'ખરી વાત છે વળી; ન આવે તો કે'વું ય પડેને!' કહેતા બધા છૂટા પડયા.

અને ગામમાં આ બે દિવસ એવા તો પસાર થયા કે કંઈ કહ્યાની વાત નહિ. પુરુષોએ કરેલા આ પંચાતે બૈરાંઓમાં એવો તો ખળભળાટ અને કકળાટ મચાવ્યો કે એકાદ બે ઘેર તો હૈયાની વરાળ ઠાલવતાં બૈરાંને માર પણ ખાવો પડયો. કોઈ વાણિયાને ત્યાં જઈને બેઠું હોત તો ઘી કે દાણા વેચવા આવેલાં—ખાસ કરીને બૈરાં—ને મોંએથી, કોઈ ચોકિયાતોને, તો કોઈ મુખામતાદારોને, કોઈ ઘરના 'બોદા' પતિને તો કોઈ વળી જરાતરા સારી સ્થિતિ ધરાવનારા પંચાત કરનારને, એમ અનેકને અનેકગણી દેવાતી ગાળો સાંભળત. દાણીને તો સૌકોઈ સો પ્રકારની ગાળો નામ દીધા વગર દેતું જ હતું.

પણ આટઆટલા કકળાટ પછી પણ બીજે દિવસ સાંજ સુધીમાં તો રૂપિયા સત્તરનો ય મેળ બેસી ગયો.

ત્રીજે દિવસ સવારમાં ગામના બેત્રણ માણસો સાથે મુખી માંડવી પર ગયા. સાથેનાઓને બહાર બેસાડી પોતે અંદર ગયા અને દાણીની બાજુમાં રૂપિયા પંદર મુકી દીધા. આંકડો જાણતાં દાણીએ ડોકું હલાવી ના પાડી; આંખોથી ઉપાડી લેવાનું સુચન પણ કર્યું.

'એમ જાણુંજ સા'બ, કે ઘડિયાળ જાણે બગડી ગ્યું'તું.' મુખીએ કહ્યું.

અને તે સિવાયની બીજી થોડીક કાલકુદી પછી મુખીએ નારાજ થતાં કહ્યું: 'આપની મરજી હોય તો અશીણ જેતગો રૂપિયા રંડા છે તે આલું સા'બ, પણ એનાથી વધારે તો ગામનું ગજું નથી સા'બ!

દાણીએ રૂપિયા કાઢવાની તૈયારી કરતા મુખીને હાસ્ય સાથે ના પાડી. પૈસા સ્વીકાર્યા અને પછી સિપાઈને બોલાવી તેની પાસે મુખીની વતી 'તમારું ઘડિયાળ જે ચોકિયાતોની ગફલતને લીધે ગુમ થયું છે તેની કિંમત પેટે હાલમાં રૂપિયા પંદર આપ્યા છે અને બાકીના રૂપિયા દસ પાછળથી આપવા ચોકિયાતોની વતી હું બંધાઉં છું.' આવી મતલબનો વિધિપુરઃસર કાગળ લખાવીને મુખીની સહી પણ લીધી. 'બાકીના દસ રૂપિયા' એ લખાણ માટે મુખીને સદા માટે બેફિકર રહેવાનું કહી રજા આપી.

બહાર નીકળતાં પહેલાં મુખીએ હાથમાં રાખેલા પૈસા રૂપિયા સિફતથી આડીએ ચડાવી દીધા અને ખુશખબર સંભળાવતા બીજાઓ સાથે ગામમાં આવ્યા.

કલાકમાં તો ગામમાં પણ ખુશાલીના સમાચાર ફેલાઈ ગયા: 'સત્તર રૂપિયામાં દાણી સા'બ માની ગયા

છે.' અને સૌકોઇને બારે નિરાંત વળી.

પણ આ ઘડિયાળની રામાયણ આટલેથી પતે એમ ન લાગ્યું. આ નિરાંતે તો ઉલટું પેલા બે ચોકિયાતોને લડાઈ તરફ જ ખેંચવા માંડ્યા. બન્ને એ જાતે ઠાકરડા હતા, પરંતુ પાટીદારના ગામમાં અને તેય તેમનાં ઘરની લગોલગ રહેતા હોવાથી પોતાની જાત માટે આ 'ચોરી' એમને મોટા મહેણારૂપ હતી. 'શાહુકારો ભેગા રહીને આ ધંધો?' એવો બંને જણને એકબીજા માટે સવાલ થતો. સારૂં હતું કે બંનેનાં ઘર વચ્ચે સારા જેવું અંતર હતું, નહિ તો કદાચ આજ ને આજ આ ઝગડો પતતાં જ સામાસામા આવી જાત.

અત્યાર સુધી તો લગભગ આખું ગામ—બલ્કે ચોકખે ચોકખું કોઈ બોલતું નહોતું પરંતુ મનમાં તો—જાણતું હતું, બલ્કે ખાતરી હતી કે ઘડિયાળ ચોરાયું જ નથી. કંઇક વહેમ પેલા સિપાઈ ઉપર ખરો; પણ તે સિવાય ગામના બીજા કોઇ ઉપર તો વહેમ જેવું નહોતું. ચોકિયાતો ઉપર વહેમ ધરનારાઓમાં પણ એકબીજાના સગા સિવાય અત્યાર સુધી તો કોઇ નહોતું. પરંતુ પેલા બે ચોકિયાતો બેઉજણે વાત નીકળતાં એકબીજા ઉપરના વહેમ માટે વાત કરતાં કહેતા: 'તમે જ વિચાર કરો કલ્યાણભાઈ, અમારા બે વગર ત્રીજું એવું તે ત્યાં કુણ હતું!' અને એક, પોતે રાતે માંડવી પર હાજર થયો ત્યારે બીજો આવી ચૂકેલો હતો એવું પણ ધીમેથી ઉમેરતો; જ્યારે બીજો એવા મતલબનું ઉમેરતો કે પહેલાં બીજાએ આવીને પોતાને રોન મારવા મોકલ્યો હતો અને એ દરમિયાન એ એકલો જ હતો. પછી દાણી સા'બ મોડેથી આવ્યા ને ખાટલો અંદર લેવડાવ્યો એ વખત ઘડિયાળ તો નહોતું જ, આમ તો બંને જણે કબૂલ્યું.

આવીઆવી વાતોએ બે દિવસમાં તો ગામલોકોના વહેમને ફેરવી દીધો. મુખી જેવા જમાનાના ખાધેલા બેપાંચ માણસો સિવાય લગભગ દરેકને ખાતરી થઇ કે ઘડિયાળ આ બે જણમાંથી એકાદાએ નક્કી ચોર્યું છે. કોઇકોઈ ફળીમાં તો આ ચોરી પકડીને છેતરપીંડી માટે શિક્ષા કરવાની વિચારણા પણ ચાલી રહી. બીજી બાજુ પેલા બે જણ જ લાકડીએ આવી આ ચોરીની ચોખવટ કરી નાખશે એવી ધાસ્તી પણ ઊભી થઈ હતી.

પણ એટલામાં દાણી પાસે અફીણ લેવા જઈ ચડેલા એક છોકરાએ આ પરપોટો ફોડી નાખ્યો. અફીણ લઇને ઘેર ન જતાં વચ્ચે આવતા મુખીના ઘર તરફ જ તે વળ્યો. ચોપાડમાં હુક્કો પીતા બેઠેલા પાંચસાત જણ આગળ તેણે જાણે કોઈ સ્વર્ગનો પત્તો ન લાગ્યો હોય એટલા આનંદ અને આતુરતા સાથે ઘડીકમાં મુખી સામે તો ઘડીકમાં બીજાઓ સામે જોતાં કહ્યું, 'કાકા, દાણી સા'બનું ઘડિયાળ તો એ રહ્યું. તીજોરીમાંથી અફીણ કાઢતા'તા એવામાં હું જઈ પહોંચ્યો. આઘું-પાછું કરતાંમાં તો પેલી સાંકળીનો છેડો મીં જોઇ લીધો. નક્કી પેલી કોટ પર લટકાવતા'તા એ જ.'

'છાનો મર! એ તો બીજી કોક સાંકળી હશે. ક્યાંય વાત ન કરતો, વાત! જા, ઘેર જા.'

છોકરો તો ભોંઠો પડી ગયો. એક જણ પુછવા જતો હતો ત્યાં તો મુખીએ આંખ મિચકારતાં ઉમેર્યું: 'શું કામ નકામા હવે ચોળાને ચીકણું કરતા હશો?' અને પછી પેલા છોકરાને દાંતિયું કરી સાથે સારી પેઠે ધમકી પણ આપી. છોકરો બીચારો કંઇક બબડતો બબડતો ચાલતો થયો. દાણીએ દીધેલી ગાળો કરતાંય તેને આ અપમાન વધારે વસમું લાગતું હતું.

સે'જ વાર રહી એક જણાએ કહ્યું: 'થવાનું હોય એ થાય, પણ જો સરકારમાં આ બધું સંભળાવ્યું હોય



'આઘુંપાછું કરતાંમાં તો સાંકળાનો છેડો મીં જોઈ લીધો'

તો દાગીના તો ચાર જ વાગી જાય કાકા!'

મુખીને બદલે એક બીજા કાકા બોલ્યા: 'એ તો ચાર કે તેર કશું ય વાગવાનું નથી ભાઇ. તમે ગમે તેટલી ફરિયાદ કરો, પણ એતો "ઘરના ભુવા ને ઘરનાં ડાક" અને મુખી સામે જોઇ કહ્યું: 'ચમ બોલતા નથી મુખી! મારું કેવું ખોટું છે કાંઇ!'

'ખરી વાત છે વળી; ઉલટું ગકરૂં કાઢતાં ઊંટ પેસે.—એ વાત જ જવા દોને મારા ભાઇ!' કહી—કદાચ આ વાત ટુંકાવવા જ હશે—મુખી ઊભા થયા.

બીજા પણ ત્યાર પછી 'કોઇને વાત ન કરતા અલ્યા!' કહેતા ઊઠ્યા; પણ દરેકના મનમાં એમ થયા કરતું હતું કે ક્યારે કોઈ મળે ને કાનમાં વાત કરૂં.

અને અરધા કલાકમાં તો લગભગ આખું ગામ જાણી ગયું. પેલા જુવાન ચોકિયાત શકનાને કાને પણ 'ખાનગી છે હોં' એવા સૂચન સાથે આ વાત પહોંચી ગઇ. તેનાથી ન રહેવાયું તે પહોંચ્યો સીધો ફતાકાકા પાસે. તેને છેટેથી આવતો જોઈ નજર ખસેડી લેવાને બદલે ફતાકાકા મલકાયા.

'કાકા, પેલો ચોર તો હાળો માંયનો ને માંયનો નીકળ્યો.' શકનાએ કહ્યું.

ફતાકાકાના ચહેરા ઉપરથી જ સમજાતું હતું કે એ પણ આ વાત જાણી ગયા છે. આસપાસ સાવચેતીની નજર ફેરવતાં બોલ્યા: 'લે મરવા દેને એ વાત જ.' અને શકનાને હુક્કો આપતાં ઉમેર્યું: 'નંકર ક્યાંક પેલા બંદરાને કાને પડશે તો વળી અવળો બાઝશે. શકનાની પ્રશ્ન પૂછતી આંખો જોઇને કહ્યું: 'કે'શે, યે ઘડીયાળકુ ઇધર મૂક જાને વાળા ચોર હૈ કુણ? બુલાવ ગામલોક કુ: ફલાણેકી ઓરત અફીણ લેવા આવી'તી ઉસ્કુ બી બોલાવ. ને આમ કરીને ડંડવાણું ઊભું કરે, તો આ જડચાના તો ખમણા આલતાં ય છુટકો ન થાય, સમજ્યો?'

'આ ફતાકાકાને સૂઝ્યું એવું ભગવાન દાગીને ન સુઝાડે?' એવી અંતરપ્રાર્થના સાથે અને ડઘાએલી સુરતે શકનો ફતાકાકા સામે તાકી રહ્યો.

પન્નાલાલ પટેલ

બાઇ: ફતે, આ ખમીસ તને કામ લાગશે. માત્ર અહીં-તહીંથી થોડાક ટાંકા દેવાની જરૂર છે.

ભિખારી: વારૂ, તો ટાંકા દઇ રાખજો, હું અરધો કલાક રહીને લેવા આવું છું.

ભૂતકાળની

ઇતિહાસલેખન માટે કામ લાગે તેવાં બધી જાતનાં સાધનોનો અભ્યાસ એ પુરાતત્ત્વ કહેવાય છે. એના બે પ્રકાર છે: સવાક (બોલતાં) અને અવાક (મૂગાં). પહેલામાં ગ્રંથસ્થ તથા કંઠસ્થ સાહિત્ય, શિલાલેખ–તામ્રપટ, સિક્કા વગેરેનો અને બીજામાં સ્થાપત્ય, ખોદકામ, મૂર્તિશાસ્ત્ર, માનવવંશશાસ્ત્ર વગેરેનો સમાવેશ થાય છે. ગુજરાતના ઇતિહાસલેખનમાં અત્યાર સુધી સવાક સાધનો જ ઉપયોગમાં લેવાયાં છે ને અવાક–મૂક સાધનોનો ઉપયોગ નહિ જેવો જ થયો છે. આજ સુધીના ઇતિહાસમાં તેને મોટે ભાગે અવગણવામાં આવ્યાં છે.

પુરાતત્ત્વવેત્તાના વૈજ્ઞાનિકપણાની કસોટી એવાં મૂક સાધનોમાંથી ઇતિહાસ તારવી કાઢવામાં જ છે. મૂક સાધનોને આધારે જેટલો પ્રામાણિક ઇતિહાસ લખાવો શક્ય છે તેટલો સવાક સાધનોને આધારે નહિ; કેમકે સવાક સાધનોમાં ગ્રંથસ્થ તેમજ કંઠસ્થ સાહિત્યમાં કાળાન્તરે લોકજીભે ને કલમે ફેરફારો, વધારા, સુધારા વગેરે થયા કરતા હોય છે. મિસર અને બાબીલોનિયાના ઇતિહાસો ૭૫ ટકા મૂક સાધનો દ્વારા લખાએલા છે ને હિંદના ઇતિહાસ કરતાં તે ઘણા પ્રામાણિક લેખાય છે. ગુજરાતના ઇતિહાસમાં એકીસાથે એ બંને સાધનો ઉપયોગમાં નહિ લેવાય ત્યાંસુધી તેને પ્રામાણિક અને સંપૂર્ણ કહી શકાશે નહિ.

ઇતિહાસને ભૂગોળ સાથે ઘણો ગાઢ સંબંધ છે. કોઇ પણ દેશ કે પ્રાંતના ઇતિહાસનિર્માણમાં તેની ભૌગોલિક સ્થિતિનો હાથ મોટામાં મોટો હોય છે. પંજાબ અને સિંધને સારો ઇતિહાસ છે, પણ થરપારકર તથા બલુચિસ્તાનનો તેમના જેવો નથી. શા માટે? ગુજરાતનો ઇતિહાસ આટલો રંગબેરંગી શા માટે છે? આ પ્રશ્નોનો ઉત્તર માત્ર ભૂગોળમાંથી જ મળી શકે છે. ભૂગોળ એ ઇતિહાસનો પાયો છે ને તેના સંપૂર્ણ તથા પ્રત્યક્ષ જ્ઞાન વગર ઇતિહાસ લખવા બેસી જવું એ વૈજ્ઞાનિક ઇતિહાસલેખનની દષ્ટિએ એક હાસ્યાસ્પદ પ્રયાસ છે. ભૂગોળનો પાયો ભૂસ્તરમાં છે ને જ્યાં સુધી તેનું સારૂં જ્ઞાન ન હોય ત્યાંસુધી ભૂગોળનાં રહસ્યો સમજી શકાતાં નથી.

શોધમાં... ઉત્તર ગુજરાતનાં પ્રાચીન ઈતિહાસ-કેન્દ્રોનો પુરા-શોધક દૃષ્ટિએ પગપાળા કરેલો એક પ્રવાસ

કાઠિયાવાડને બાદ કરતાં ગુજરાતના ઇતિહાસના ઐતિહાસિક કાળનો પ્રારંભ શ્રીમાળથી શરૂ થએલો લેખાય છે. શ્રીમાળની જાહોજલાલી પૂર તેજમાં પ્રકાશતી હતી તે જ વેળા સુરાષ્ટ્રમાં વલ્લભીપુર ભરયૌવનમાં મહાલતું હતું. એ બંને પાટનગરોનો ઇતિહાસ પહેલ-વહેલો પંચાસરને સંગમક્ષેત્રે ભેગો મળ્યો ને પછી પંચાસરનું સ્થાન પાટણે લીધું. છેવટે પાટણની સમૃદ્ધિ અને માનનો વારસો અમદાવાદને ગયો. આ બધા ઇતિહાસના ખરેખરા ભેદને જાણવા માટે આ ઇતિહાસ-ક્ષેત્રોને સાંધતા પ્રદેશોની ભૂગોળના રહસ્યને જાણવું એ પહેલી અગત્યનું છે એમ મને પહેલાંથી જ થયા કરતું હતું. છેલ્લા શિયાળામાં હિંદી સરકારના માજી એપિગ્રાફિસ્ટ અને હાલ વડોદરા રાજ્યના પુરાતત્ત્વ ખાતાના અધિકારી ડૉ. હીરાનંદ શાસ્ત્રી સાથે પાટણમાં સહસ્રલિંગના ખોદકામ પર કામ કરવા મારે જવાનું થતાં, તક મળતાં ઉત્તર ગુજરાતની સફર કરીને ત્યાંના ભૂસ્તરના પ્રત્યક્ષ જ્ઞાનનો પરિચય કરી લેવાનો મેં મનસૂબો કર્યો.

ગયા માર્ચની આખરે વર્ષનું કામ પૂરૂં થયું. એ જ વેળા પાટણમાં હૈમસારસ્વતસત્રના ભણકારા વાગી રહ્યા હતા, એટલે ત્યાં સુધી પાટણ રોકાવા મને કહેવામાં આવ્યું; પણ માત્ર એના જ માટે ૧૫–૨૦ દિવસ સુધી પડ્યાંપડ્યાં પાટણમાં બગાસાં ખાવા કરતાં મારે મન મારા પુરાતત્ત્વની કીમત વધારે હતી. મેં ડૉ. હીરાનંદ શાસ્ત્રીને મારો ઇરાદો જાહેર કર્યો ને તેમણે તે ઘણી ખુશી સાથે માન્ય રાખ્યો. મુસાફરી મારે ચાલીને કરવી હતી, કારણ એમાં જ દરેક જાતનું સારામાં સારૂં અવલોકન શક્ય બને છે. ઋતુ માફકસર હતી એટલે ઓઢવાપાથરવા માટે એક શેતરંજી, ધાબળો ને ઓશીકું એ ત્રણ બસ હતાં. કામ લાગે તેવી ચોપડીઓ, નોટબુક, સ્કેચબુક, માપણીનાં સાધનો, એકાદ જોડી કપડાં અને પાણીનો પ્યાલો તથા પ્રાતઃકર્મનાં સાધનો એટલું એક થેલીમાં ભરી લઇ હું ઊપડ્યો.

મુસાફરીનો કાર્યક્રમ આ પ્રમાણે હતોઃ પાટણથી મણુંદરોડ થઇ ચાણસ્મા સુધી ટ્રેનમાં. ચાણસ્માથી પગપાળા ધીણોજ ને કંબોઇ થઇ દેલમાળ. પછી વાઘેલ, લોટેશ્વર, મુંજપર, શંખેશ્વર, પંચાસર અને આદરીઆણે થઇ કચ્છના નાના રણને કાંઠે ઝિંઝુવાડે પહોંચી જવું. પ્રાચીન કાળમાં રણ એ દરિયો હતો એટલે તેને લગતું સંશોધન કરી તેને કાંઠે કાંઠે સાંતલપુર સુધી ચાલી જૂનાં બંદરોની ભાળ મેળવવી. સાંતલપુરથી રાધણપુર તરફ નમી જવું, ને ત્યાંથી ડીસા કૅમ્પ થઇ રાણીવાડે પહોંચવું. ત્યાંથી ટ્રેન પકડી ભિન્નમાલ અને જાલોર જવું. જાલોરથી પગરસ્તે સિરોહી થઇ આબુ પર ચઢવું. ત્યાં કામકાજ પતાવી ચંદ્રાવતી જવું. વળી ત્યાંથી જંગલ રસ્તે તારંગા જવું ને તારંગેથી ટ્રેનમાં બેસી સિદ્ધપુર અને સિદ્ધપુરથી સરસ્વતીને કાંઠેકાંઠે પાછા પાટણ આવી જવું. મોઢેરાને મેં બાદ કર્યું હતું, કારણ મને લાગ્યું કે ત્યાં એકી સાથે ૮–૧૦ દિવસ રોકાવું પડશે ત્યારે જ ત્યાં મનધાર્યું કામ થઇ શકશે એટલે મોઢેરાનો કાર્યક્રમ જુદો જ રાખવો.

પાટણમાં મને બીજો એક લાભ થયો. ગુજરાતના એક પ્રખર વિદ્વાન મુનિશ્રી પુણ્યવિજયજીએ ત્યાંથી મને જોઇતાં અમુક પુસ્તકો અને ભૌગોલિક માહિતી આ-પવામાં ઘણી મદદ કરી ને મારા પર મોટો ઉપકાર કર્યો. હું જ્યાં સુધી પાટણમાં રહ્યો ત્યાં સુધી હમેશ તેમણે પોતાના કીમતી સમયના કલાકોના કલાકો સહાનુભૂતિપૂર્વક મારા માટે ખરચ્યા હતાં ને પાટણનાં કેટલાંક પુરાતન અને અગત્યનાં સ્થળો સાથે આવીને બતાવ્યાં હતાં. મારા જાણવામાં આવ્યું કે પાટણ અંગેનું બીનસરકારી સંશોધનકાર્ય કરવા, ઉત્તેજવા અને પોષવામાં તેમનો ફાળો ઘણો મોટો છે. એમનો કલાસંગ્રહ, એમનું જૈન તથા ઇતર સાહિત્યનું જ્ઞાન તત્ત્વજ્ઞાન અને પુરાતત્ત્વના જ્ઞાન જેટલું જ કીમતી અને વિશાળ છે. મુનિશ્રી પુણ્યવિજયજી ઉપરાંત પંચાસર પાર્શ્વનાથ ઉપાશ્રયના મુખ્યાધ્યાપક શ્રી વીરચંદભાઇએ પણ મને જૂનાં સ્થળો અને સાહિત્ય બતાવવામાં ઘણો શ્રમ લઇ મને આભારી કર્યો.

રવાનગી

મુસાફરીની તૈયારી કરવામાં મને બે દિવસ લાગ્યા અને ૨૭મી માર્ચની સવારે ૬ વાગ્યે ટ્રેનમાં ઉપડ્યો ૬॥ વાગ્યે મણુંદ આવી ત્યાં ચાણસ્માની ગાડી માટે ૪ કલાક થોભવું પડ્યું. આ વખત રા. રસિકલાલ પરીખે કાવ્યાનુશાસનની પ્રસ્તાવનામાં લખેલો હેમચંદ્રાચાર્ય પૂર્વેનો ગુજરાતનો ઇતિહાસ વાંચવામાં ગાળ્યો. બૉમ્બે ગૅઝેટીઅરના પહેલા ભાગ પછી છેલ્લામાં છેલ્લી શોધોને સમાવતો અંગ્રેજીમાં ગુજરાતનો પ્રમાણિક ઇતિહાસ હોય તો તે આ છે એમ લાગ્યું. ૧૧ વાગ્યે ચાણસ્મા આવ્યો. તે પણ એક જૂનું સ્થળ હતું. ત્યાં પેટને થોડું ભાડું આપી ત્યાંથી ભાર ઉપાડવા માણસ લઇ દેલમાળનો પંથ પકડ્યો.

કંબોઇને માર્ગે

બે વાગ્યાના તાપમાં જ હું ચાલી નીકળ્યો. ત્રણે ધર્મોડું ગામ આવ્યું. ગામને પાદર એક ઝાડ નીચે ચારપાંચ જણા બેઠા હતા. મજૂર અને હું બંને પણ વિસામો લેવા ત્યાં બેસી ગયા. 'ક્યાં રહેવું?' અને 'કેવા છો?' એ ગામડાંઓમાં પુછાતા સામાન્ય પ્રશ્નોના ઉત્તરમાં હું જૂના દાખલા (પુરાતત્ત્વ માટે ગ્રામીણ ભાષામાં વપરાતો શબ્દ) અને મંદિરો જોવા નીકળ્યો છું ને વળી ઔદીચ્ય બ્રાહ્મણ છું એ જાણી એ લોકોએ બહુ ભાવ બતાવ્યો. પટેલને ઘેર ચાપાણી થયાં. ગામમાં મોટે ભાગે ઔદીચ્યની જ વસ્તી છે. પચાસ ઘર ખરાં. બધાં ખેતી કરે છે. એમણે ચાણસ્માની આસપાસનાં ગામડાંઓમાં ક્યાં ક્યાં જૂનાં મંદિરો, વાવો, કૂવા વગેરે છે તેને લગતી માહિતી આપી. આ ગામ પ્રાચીન જણાયું નહિ. ગામના ધર્મોડા નામ પરથી મને લાગ્યું કે એને ધર્મારણ્ય સાથે તો કંઈ સંબંધ નહિ હોય? પણ તેવું કશું નહોતું.

ચાર વાગી ગયા હતા. સૂર્ય સામો આવતો જતો હતો. ધર્મોડું છોડતાં કેરડાના ગીચ જંગલમાં થઈ ચાલતું પડ્યું. રસ્તો પાટણના રસ્તાઓના જેવો જ રેતાળ. રેતીમાં પગ ખૂંચી જતા, એથી તેની પડખો પડખ કેરડા વટીને હું ચાલ્યો જતો હતો. એક ઠેકાણે રસ્તામાં બે માણસો અમારો સાથ સાધવા બેસી રહ્યા હતા તે સાથે થયા. વાત કરતાં જણાયું કે એમને આબુ, વડનગર અને તારંગાનાં પ્રાચીન સ્થળોનું સારું જ્ઞાન છે. મને લાગ્યું કે ગામડાના ખેડુતોમાં પણ કાંઇક પુરાતત્ત્વ-રસ હોય છે ખરો. એ શહેરીઓનો જ બાપીકો વારસો નથી. ચાણસ્માથી હારીજ તરફ જતા રેલવેના પાટા વટાવી પાંચનો શુમાર થતાં હું કંબોઇને પાદરે આવી પહોંચ્યો. તળાવના કૂવામાં એક ખેડુત કોસ હાંકતો હતો. ત્યાં જઇને પાણી પીધું. આ કંબોઈ ગામ ગુજરાતના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે. વિ. સં. ૧૦૪૩ના બલેરાના તામ્રપત્રમાં 'મોઢેરા અર્ધાષ્ટમના કંબોઈ ગામ'ના દાનનો ઉલ્લેખ છે. ઈ. સ. ૧૩૯૨માં મુઝફ્ફરખાને ફરાત–ઉલ–મુલ્કને કંબોઈના યુદ્ધમાં જ હરાવ્યો હતો. આ વિજય ગુજરાતના મુસલમાની ઇતિહાસમાં એક અગત્યનો બનાવ ગણાય છે. આથી કંબોઈ જીતપુર પણ કહેવાયું.

કંબોઈ ગામમાં જવાનો મારો વિચાર નહોતો. મારો હેતુ અજાણ્યાં અને ઓછા પ્રકાશમાં આવેલાં સ્થળોએ જ કામ કરવાનો હતો, એટલે કંબોઇ મારા કાર્યક્રમની બહાર હતું. ચાણસ્મા અને કંબોઈમાં અનુક્રમે શ્રી મણિલાલ મિસ્ત્રી અને શ્રી ચકુભાઈ દવે એ બે પુરાતત્ત્વ સંશોધકો વસે છે. ગુજરાત તેમના કાર્યથી સુપરિચિત છે. મને કોઇકે કહ્યું કે કંબોઈ સ્ટેશનેથી દેલમાળ જવા ગાડીના ટાઇમે એક મોટરબસ આવે-જાય છે, પણ તે વહોરાઓને માટે જ હોય છે અને જગ્યા હોય ત્યારે જ બીજાને તેમાં સ્થાન મળે છે; એટલે તેની લાલચ ન રાખતાં આપણે તો ચાલવા જ માંડ્યું.

દેલમાળ

રેતાળ રસ્તો અને તેની બંને બાજુ થોરની વાડ, એટલે ધૂળમાં ચાલ્યા વગર છુટકો જ નહોતો. સામેથી રંગબેરંગી કપડાં પહેરી ગ્રામજનોનાં ટોળેટોળાં આવતાં દેખાયાં. રાત્રે ૭॥ વાગ્યે દેલમાળ આવ્યો. ગામમાં સર્વત્ર શાંતિ પસરેલી હતી; જાણેકે બધાં ઊંઘી ન ગયાં હોય! અંદર પેસતાં એક માણસને પટેલનું ઘર પૂછ્યું. હું ક્યાંથી ને શા માટે આવું છું ને પટેલનું શું કામ છે તેનો ખુલાસો આપ્યો એટલે એ માણસ ત્યાંથી જ પાછો વળીને મને પોતાને ઘેર લઈ ગયો. એક બીજા માણસને રસ્તા પર મોકલ્યો કે જેથી મારો સરસામાન ઉપાડીને આવતા મજુરને ઘેર લઇ આવે. ચોકમાં ખાટલો ઢાળ્યો ને તેના પર થાક્યો પાક્યો હું ઢળી ગયો. દેલમાળમાં જ જઇને વિસામો લેવાની મારી પ્રતિજ્ઞા પૂરી થઈ. પાટણથી ચાણસ્મા સુધી (અનુસંધાન પૃ. ૪ ઉપર)

कर्णाटक चार प्रदेशोमां वहेंचाएला एक सुंदर प्रांतनो परिचय

કેટલાક પ્રાન્તો વિષે એમ હું ઉદાસીન છું. પણ જ્યારે એ પ્રાન્તમાં જાઉં છું અને ત્યાંના લોકો સાથે મળું છું ત્યારે એ ઉદાસીનતા ઓગળી જાય છે. પણ કેટલાક પ્રાન્તો વિષે તો ત્યાં જાઉં કે ન જાઉં, મનમાં પ્રેમનો ઉમેરો હોય જ છે. એમાંનો એક પ્રાન્ત કર્ણાટક છે. આજે વગર વાંકે એના કકડા થઈ ગયા છે એ કારણે હૃદયમાં એને વિશેષ સ્થાન હોય, ત્યાંના લોકો લાભહાનિનો ઝાઝો વિચાર ન કરતાં પોતાના ગમા–અણગમાને સ્વાભાવિક રીતે વશ થાય છે એ કારણ પણ હોય, અથવા ત્યાંનું પ્રાકૃતિક દૃશ્ય વિશેષ કાવ્યમય છે એ કારણે હોય, પણ કર્ણાટક વિષે હમેશાં મનમાં વાત્સલ્યભાવ રહે જ છે.

આમ જોતાં કર્ણાટકના કેટલાક સ્વાભાવિક કકડા પડે છે. પશ્ચિમ ગિરિ તળેનો કાનડાનો મુલક સ્વભાવે જુદો છે. ત્યાંની કુદરતનો સ્વભાવ પણ જુદો અને માણસનો પણ જુદો. એ લોકોના સ્વભાવનું વલણ મુંબાઈ તરફ, કોંકણ તરફ અને કેરળ તરફ વધારે છે; અને જો વહાણવટાનો ધંધો વધે તો કાઠિયાવાડથી કન્યાકુમારી સુધીનો આખો પ્રદેશ સહેજે એક થઈ જાય. પણ કુદરત કરતાં ભાષા વધારે પ્રભાવશાળી હોય છે. કેવળ ભાષાને કારણે કુર્ગ જાણે સ્વતંત્ર ભૂમિભાગ છે એમ જ મનમાં થઈ આવે છે. અને રાજ્યવ્યવસ્થાને કારણે મ્હૈસૂર પણ અલગ, સ્વતંત્ર પ્રાન્ત હોય એમ મન પર છાપ પડે છે. પણ જ્યારે આપણે તટસ્થ ભાવે વિચાર કરીએ છીએ ત્યારે જ્યાંજ્યાં કાનડ ભાષા બોલાય છે તે તે આખો પ્રદેશ એક હોવો જોઈએ એમ મન સાથે નક્કી થાય છે. કર્ણાટકની સંસ્કૃતિ પડોશી પ્રાંતની સંસ્કૃતિ કરતાં વિશેષ ભિન્ન છે એમ તો નથી લાગતું. દક્ષિણ મહારાષ્ટ્રના લોકો, કર્ણાટકના લોકો અને તામીલનાડના લોકો રહેણીકરણીમાં, રાગદ્વેષમાં, અને ચહેરામાં પણ સરખા જ લાગે છે. કાનડ સાહિત્યના કેટલાક પ્રકારો મરાઠીથી જુદા છે, કર્ણાટકી સંગીતમાં પણ હૃદયને જાગૃત કરવાની ખૂબી ઓર છે એ ખરું, પણ એટલા પરથી આખી સંસ્કૃતિ નોખી છે એમ ન કહેવાય. છતાં હું માનું છું કે જે લોકો એક જ ભાષા બોલે છે તેમનું જીવન સ્વાભાવિક રીતે ઓતપ્રોત થાય જ છે; અને તેથી ભાષાને કારણે જ પોતીકાપણું ઉત્પન્ન થાય છે.

કર્ણાટકમાં રહેતા લોકો એક જાતિના છે, એક ધર્મના છે કે એક વંશના છે એવું તો નથી જ. એક ભાષા હોવા છતાં ધર્મને કારણે, જાતિને કારણે અને રાજ્યતંત્રને કારણે જીવન ઓતપ્રોત થતાં અટકે છે. આ ત્રણે તત્ત્વને દબાવી જ્યારે લોકોમાં સામાજિક જીવન એકત્ર વહેવડાવવાની શક્તિ આવશે ત્યારે જ કાનડ ભાષા બોલનારા લોકો એકપ્રાણ થઈ જશે.

હિન્દુસ્તાનમાં નાનાંનાનાં રાજ્યો અને નાનીનાની ન્યાતોને લઈને પ્રાચીન કાળથી એવી તો સંકુચિત વૃત્તિ રૂઢ થઈ ગઈ છે કે જાતિભેદ સાથે ભિન્નભિન્ન જાતિઓ વચ્ચે દ્વેષ આપણા દેશમાં પ્રાચીન કાળથી ચાલતો આવ્યો છે. બિચારા રાજા ભર્તૃહરિએ અકળાઈને કહ્યું, 'જ્યાં જાતિ છે ત્યાં સમાજને બાળી નાખવા માટે બીજા અગ્નિની જરૂર જ નથી.'— ज्ञातिश्चेत् अनलेन किम् ?— એ જ સંકુચિતતાને કારણે પ્રાન્તીય ભેદ સાથે પ્રાન્તપ્રાન્ત વચ્ચે અદેખાઈનું વાતાવરણ એની મેળે બંધાય છે.



કર્ણાટકને દરદ છે કે એના ટુકડા થઈ ગયા છે. આખું કર્ણાટક એક ન થાય ત્યાં સુધી કર્ણાટક ચીડાએલો રહે એ સ્વાભાવિક છે. એ જો પડોશના પ્રાન્તને અકળાવે તો તે દરગુજર કરવાને લાયક છે.

કેવળ ન્યાય ખાતર પણ કર્ણાટકનું એકીકરણ તુરત થવું જોઈએ. પણ દેશ પાસેથી તેમ કરાવવા માટે અખિલ કર્ણાટકનું જાહેર જીવન એક, અખંડ અને સમૃદ્ધ થવું જોઈએ. અખિલ કર્ણાટક જેની અંદર આવી જાય છે એવી અનેક સંસ્થાઓ કર્ણાટકમાં ચાલવી જોઈએ.

જો કોઈ પણ શુભ કામના સિદ્ધ કરવી હોય તો તેને માટે વધારેમાં વધારે લોકોના આશીર્વાદ મળેલા હોય તો સારું. અને એવું કામ જો 'सर्वेषाम् अविरोधेन' થતું હોય તો વિશેષ સારું.

કર્ણાટકની સરહદ ઉપરના અમુક તાલુકાઓ કર્ણાટકમાં ગણાય કે ન ગણાય એ વિષે પડોશના પ્રાન્તોમાં મતભેદ ભલે હોય, પણ કર્ણાટકના એકીકરણ વિષે તો ક્યાંય મતભેદ છે નહિ, કોઈનો વિરોધ છે નહિ.

મંગળૂર અને બળ્ળારી એ બે જિલ્લાઓ સોંપી દેતાં મદ્રાસ પ્રાન્તને કશું દુઃખ થવાનું નથી. કર્ણાટક જો મહારાષ્ટ્રથી નોખું પડે તો મહારાષ્ટ્રીઓને દુઃખ થવાનું નથી. થોડીક કઠણાઈ રહેશે માત્ર નિઝામ રાજ્યના કાનડી ભાષા બોલનારા લોકોના મુલકને. નિઝામ એને છોડવા તૈયાર થશે કે કેમ એ એક મોટો સવાલ છે. મ્હૈસુર રાજ તો આખું કન્નડ ભાષા બોલે છે, એટલે કર્ણાટકના એકીકરણથી મ્હૈસુરના લોકોને નુકસાન નથી, પણ વખતે લાભ જ હોય.

કુર્ગ જેવો નાનકડો ટાપુ કર્ણાટકમાં જ ભળી જાય એ યોગ્ય છે. પણ એ કામ જબરદસ્તીથી ન થવું જોઈએ. કુર્ગના લોકોની જ્યારે મરજી થાય ત્યારે તેઓ કર્ણાટકમાં ભળી શકે એટલું સહેલું કરી રાખેલું હોવું જોઈએ. ખાલસા કર્ણાટક, મ્હૈસુરી કર્ણાટક, કુર્ગ અને નિઝામ રાજ્યના કન્નડ જિલ્લાઓ, આટલા ચાર સ્વતંત્ર વિભાગ એક ન થાય તો તે કર્ણાટકનું એકીકરણ થયું ન કહેવાય.

અનેક વખત જુદાંજુદાં કારણે લગભગ આખો કર્ણાટક હું ફર્યો છું. હમણાં હમણાં ધારવાડ જિલ્લો ફર્યો એ પહેલાં મંગળૂર અને કારવારની આસપાસનો મુલક જોયો. મ્હૈસૂરમાં ઉતાવળે ઉતાવળે ત્રણચાર વાર ફર્યો છું. બેળગાઁવ, ધારવાડ તો મારું બાળપણનું વાતાવરણ. બળ્ળારી તરફ બહુ ફર્યો નથી; જોકે હોસ્પેટ-હંપી જઈ વિજયનગર સામ્રાજ્યના ભગ્નાવશેષ ભગ્ન હૃદયે મેં અવશ્ય જોયા છે. માત્ર નિઝામ કર્ણાટક જોયાં ન કહી શકું.

જ્યારે પૂર્ણ સ્વરાજ થશે અને દેશી રાજાઓના સવાલનો ઉકેલ આવશે ત્યારે જ કર્ણાટકનું સંપૂર્ણ એકીકરણ થશે. ત્યાં સુધી કર્ણાટકે આંતરિક સંગઠન વધાર્યે જ છૂટકો. જ્યાં સુધી ભાષા અને સાહિત્યના વિકાસનો સંબંધ છે ત્યાં સુધી મ્હૈસુર રાજ અને એનું વિશ્વવિદ્યાલય કર્ણાટકની આગેવાની કરી શકશે.

આ તો કર્ણાટક પરત્વેના મારા સામાન્ય વિચારો થયા. પણ મારે આ લેખ કોઈ રાજદ્વારી ઉદ્દેશથી લખવો જ નથી. મારે તો મ્હૈસુર રાજની મુસાફરીનો થોડોક અહેવાલ રજૂ કરવો છે.

(૨)

અમે પૂનાથી તા. ૪થી જુલાઈ (૧૯૩૯)ની રાત્રે નીકળ્યા. મહારાષ્ટ્રમાં સૂતા અને કર્ણાટકમાં જાગ્યા એટલે અમારી મુસાફરી ખરી રીતે તા. ૫મી જુલાઈએ શરૂ થઈ એમ કહી શકાય. બેળગાઁવ ઊતરવાનું મન ઘણું હતું, પણ વખતને અભાવે તેમ કરી ન શક્યા. નવ વાગ્યે ધારવાડ પહોંચ્યા અને કર્ણાટકના વાતાવરણમાં હળી ગયાનો આનંદ થયો. બિહારની પેઠે કર્ણાટકના લોકો પણ દેખાવે સૌમ્ય છે. જ્યાં મતભેદ થાય ત્યાં ચર્ચાના અખાડામાં ઊતરવા કરતાં ગોળગોળ વાતો કરી, પોતાનો મતભેદ જણાવવાનું ટાળી શકાય તો ટાળવાનો પ્રયત્ન એ કરવાના. આનો અર્થ એ નથી કે કર્ણાટકના માણસ બીકણ છે. પણ એની સજ્જનતા અથવા એની પોતે માનેલી દુરંદેશી એને સ્પષ્ટ થતાં રોકે છે. પણ હું તો કર્ણાટકનો જ રહ્યો. ભાષાની સહેજ મુશ્કેલી હોવા છતાં હું તો લોકોમાં સહેજે ભળી શકું છું.

ઘણે વરસે ધારવાડ આવ્યો, એટલે નાનપણનાં સંસ્મરણો તાજાં થયાં. ૧૮૯૯ના દિવસો હશે. ધારવાડમાં લાઈનબજારમાં અમે રહેતા હતા. સરકારી હાઈસ્કૂલમાં અંગ્રેજી ચોથીમાં હું દાખલ થયો હતો. એ વર્ગના શિક્ષક અને વાતાવરણનાં સંસ્મરણો બહુ સારાં નથી. પછી મારા એક ભાઈ અહીં પ્લેગથી ગુજરી ગયા. સરકારી નિયમ પ્રમાણે અમારે પ્લેગ

કૅમ્પ'માં જઈને રહેવું પડ્યું. ત્યાંનું વાતાવરણ જેલ સાથે પણ ન સરખાવાય. માણસના હાથમાં નર્ક પેદા કરવાની શક્તિ ઈશ્વરે રાખેલી છે તેનો ઉપયોગ અહીં બરાબર કરવામાં આવ્યો હતો. પછી તો અમે શહેર બહાર ઝૂંપડાં બાંધીને રહ્યા. તે વખતે પાણી મેળવવા કુવેકુવે જે રખડવું પડતું તેનો ખ્યાલ આવતાં આજે પણ 'હાશ માંડ બચ્યા'ની લાગણી મનમાં પેદા થાય છે.

છતાં ધારવાડ પ્રત્યે તે વખતનો જ ઊંડો પ્રેમ બંધાયો છે. એની સ્વચ્છ ઊંચીનીચી જમીન, જ્યાંત્યાં છાયા ફેલાવતાં એનાં ઊંચાંઊંચાં વૃક્ષો, ખૂણેખૂણે ચળકતાં નાનાંનાનાં તળાવો, મોજાંઓનું અનુકરણ કરતી શહેર બહારની ઉચ્ચાવચ ભૂમિ, મોતીના દાણા જેવી એની બાજરી, મલાઈ જેવું દૂધ, હાથી જેવી ભેંસો, અને રાક્ષસ જેવા કામ કરનારા ત્યાંના મજૂરો તથા વડુરો (ઓડ જેવી કોમ): એ બધું તે વખતથી જ વહાલુંવહાલું લાગ્યું છે.

આ ફેરે ધારવાડમાં આવ્યો તે ત્યાંની વર્ધા યોજનાની પ્રગતિ જોવા સારુ. મુંબઈ સરકાર તરફથી વર્ધા યોજનાના શિક્ષકો તૈયાર કરવા માટે એક કેન્દ્ર ધારવાડમાં ચાલે છે. શ્રી તદ્રી એના મુખ્ય સંચાલક છે. ધારવાડ મ્યુનિસિપાલિટી તરફથી શહેરની હદની અંદર આવેલા એક ગામડામાં એક પ્રાથમિક શાળા ચાલે છે. એને જ નગરપાલિકાએ શિક્ષણાનુભવ લેવા સારુ વર્ધા કેન્દ્રને સોંપી દીધી છે. એ બન્ને કેન્દ્રો અમે જોઈ આવ્યા. પણ ખાસ જોવાલાયક તો હતું નરેન્દ્રકરીને એક જૂના ગામડાનું કેન્દ્ર. અહીં શ્રી મુધોલકર અને એમના બીજા મિત્રો ભેગા થયા અને એમણે લગભગ ૨૫ શિક્ષકોને એકઠા કરી ત્રણ સાડા ત્રણ મહિનાનું કેન્દ્ર ચલાવ્યું. અહીંનો ઉત્સાહ, અહીંની પ્રગતિ અને રાષ્ટ્રોદ્ધારનું વાતાવરણ જોઈને મને ઘણો સંતોષ થયો.

એમ તો બંગાળ, મહારાષ્ટ્ર વગેરે પ્રાન્તો પોતપોતાના સંગીત માટે પંકાએલા છે જ. કર્ણાટક પણ તેજ પ્રમાણે કર્ણાટકી સંગીત માટે મશહૂર છે. પણ સામાન્ય મેળાવડામાં છોકરાઓ અને છોકરીઓ જ્યારે ગાય છે ત્યારે બીજા કોઈ પ્રાન્ત કરતાં કર્ણાટકમાં રાગ–તાલનો ખ્યાલ વધારે જાળવેલો દેખાય છે તેથી તે કર્ણકટુ નથી થતું. ધારવાડમાં બીજી એક વસ્તુ તરફ ધ્યાન ગયું કે કાનડી વક્તાઓ લાંબાંલાંબાં ભાષણ આપી વખત નથી ખાઈ જતા.

ધારવાડનું કામ પૂરું કરી અમે હુબળી પહોંચ્યા. રસ્તાનું સામાન્ય દૃશ્ય રમણીય હતું. આસપાસની જમીન નથી સપાટ કે નથી ડુંગરાવાળી; તેથી દૂરદૂર સુધી ખેતરો અને બગીચાઓ, ઝાડો અને તળાવો, બધું સ્વચ્છ સુંદર હોય છે અને લાલ પથરાઓ એટલા તો મજાના હોય છે કે ફરી બાળક થઈને એ ગજવામાં ભરી લેવાનું અને કુમળાકુમળા હોય તે મોઢામાં નાખી ચાવી જવાનું મન થાય છે! એ પથરા છે જ એટલા સુંવાળા.

મારા નાનપણમાં ધારવાડ હુબળીના લોકોને ફૂલોનો બહુ શોખ ન હતો. હમણાં જોઉં છું તો દરેક બંગલાની આસપાસ સારાંસારાં ફૂલઝાડો હોય જ છે, અને કુદરત પણ કશી કંજુસાઈ વિના લોકોને મોં માગ્યાં ફૂલો દે છે.

હુબળીથી બેંગલૂરનો રસ્તો એટલે એક ઊંઘ તાણવાનો સમય. રસ્તામાં સ્ટેશનો આવે છે અને જાય છે, કાનડી ભાષાના જાતજાતના શબ્દો સંભળાય છે, પણ તે અર્ધી જાગૃતિમાં અને સ્વપ્નસૃષ્ટિમાં વિલીન થાય છે. આલમોડા પ્રદેશનું 'ષષ્ટિખાત' એવું એક પ્રાચીન નામ છે, કેમકે એ પ્રદેશમાં સાઠ તળાવો છે. મ્હૈસૂર અને કર્ણાટકના પ્રદેશને મને લાગે છે કે 'લક્ષખાત' કહેવું જોઈએ. અહીં જ્યાં જુઓ ત્યાં, વાંકાંચૂકાં પણ સજ્જનના હૃદય જેવાં પારદર્શક તળાવો જડી જ આવે છે. વરસાદ પડે એટલે પાણી એવું તો લાલ થઈ જાય છે કે આખા હિંદુસ્તાને જો સંન્યાસદીક્ષા લેવાનો નિર્ણય કર્યો હોય તો અહીં એમનાં વસ્ત્રો ગેરૂઆ રંગનાં બનાવી શકાય!

જેમ ધારવાડ હુબળી તરફની માટી લાલ છે તેમ બેંગલૂરની પણ લાલ છે, તેથી ત્યાંનાં ઘણાંખરાં નાનાંમોટાં ઘરોને લાલ રંગથી જ રંગાવી દે છે. ધોળો રંગ ચડાવ્યો હોય તો એના ઉપર લાલ માટી બેસી એ બગડી જવાનો. એના કરતાં છડેચોક લાલ રંગ જ ચડાવી દેવો એમાં લોકોએ ડહાપણ જોયું. પણ બેંગલૂર વિષે મારે એક સ્વતંત્ર લેખ જ લખવો છે, એટલે અહીં અટકી જાઉં છું. **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

દુનિયામાં દુઃખીમાં દુઃખી માણસ તે જ છે જે પોતાને દુઃખી માની લે છે.

જીવી જાણનારા

'જન-પશુ-જગના [૧] કલ્યાણયજ્ઞ પર' જાત હોમી જનારા મરજીવાઓની પરિચયમાળા

હિદેયો નોગૂચી

એનો નાનો છોકરો છાપરીમાં રોતો હતો ત્યાં ખેડૂત માતા ડાંગરના ખેતરમાંથી દોડતી ગઇ. જઇને જુએ છે તો એણે ચૂલામાં ડાબો હાથ નાખ્યો છે, અને એની આંગળીઓ દાઝી ગઈ છે. એકવીશ દિવસ ને એકવીશ રાત લગી માએ પુત્રના ખાટલા આગળ અખંડ જાગરણ કર્યું.

નોગૂચી મોટો થયો, પણ હાથમાં ખોડ રહી ગઇ. એનો બાપ કેફી હતો, અને એનાં દેણાં વાળવા સારુ દીકરાને કઠણ પરિશ્રમ કરવો પડતો. નીશાળે જાય તે પહેલાં છોકરો વેચવા સારુ માછલાં પકડતો, અને નીશાળેથી આવીને કોક વાર દિવસમાં પાંચ ગાઉ જેટલે દૂર ભાર ઉપાડી જઇને વૈતરું કરતો. રાતે તે એક સ્નાનઘરમાં દેવતા સંકોરતો, એના કાંઇ પૈસા એને નહોતા મળતા, પણ દેવતાના પ્રકાશમાં એ પોતાની ચોપડી વાંચતો, કારણ ઘેર દીવો કે દેવતા કાંઈ મળે નહિ.

એક દિવસ એક ડાક્ટરે હિદેયોનો ખોડવાળો હાથ જોયો, ને એના ઉપર ઉપચાર કરવા માંડચા, તેથી આંગળીઓનાં ઠૂંઠાં નોખાં પડયાં, અને દાઝેલી માંસપેશીથી હાથ અકડાયેલો રહેતો તે છુટી પડી. ડાક્ટરના હળવા હાથની કુશળતા જોઇને છોકરો મુગ્ધ થયો ને એ બોલી ઊઠચો, 'હું ડાક્ટર થાઇશ'.

નોગૂચી શહેરમાં ગયો, અને દવાવાળાને હાટ બેઠો. કોક ચોપડીમાં એણે વાંચ્યું કે નૅપોલિયન પોતાના કામને પહોંચી વળવા સારૂ રાત્રે ત્રણ કલાક જ ઊંઘતો. એટલે એણે પણ ઓછી ઊંઘ કરવાનો તથા જ્ઞાનસંપાદનને વધુ સમય આપવાનો નિશ્ચય કર્યો.

એક દોકડા વિના નોગૂચી ટોકિયો ગયો ને વિચાર કર્યો કે રિક્ષા ખેંચીને હું મારો નિર્વાહ કરીશ. ટોકિયોમાં એને કામ મળી ગયું, તેમાં એને એક ઓરડી તથા બે યેનનો માસિક પગાર મળ્યાં. દિવસના ચૌદચૌદ કલાક અભ્યાસ કરીને એ ડાક્ટરની પરીક્ષામાં ઉત્તીર્ણ થયો.

હવે એણે પરદેશ અભ્યાસ કરવાનો વિચાર કર્યો. મિત્રોએ એને અમેરિકાની ટિકટ લઈ દીધી, અને એ પેન્સિલ્વેનિયાના વિદ્યાપીઠમાં હાથમાં મુદ્દલ પૈસા વિના આવ્યો. પ્રયોગશાળામાં સર્પના વિષનો અભ્યાસ કરવાનું કામ એને મળી ગયું, અને એ અભ્યાસમાં મગ્ન થઈ ગયો.

અમેરિકા આવ્યા પછી અગિયાર મહીને આ ચોવીશ વર્ષના જપાનીએ ભાંગ્યાતૂટચા ઇંગ્રેજીમાં રાષ્ટ્રીય વિજ્ઞાનસભા (નૅશનલ ઍકેડેમી ઑવ સાયંસ) સમક્ષ સર્પોનાં ઝેરો વિષે વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું.

પહેલે વર્ષે નોગૂચીને સંશોધન કર્યાના માસિક ૨૫, બીજે વર્ષે ૩૫ તથા ત્રીજે વર્ષે ૫૦ ડૉલર મળ્યા. ચોથે વર્ષે એને ૨,૦૦૦ ડૉલરની ફેલોશિપ મળી, તે લઇને એ યૂરપમાં વિશેષ અભ્યાસ કરવા જઈ શકયો.

ત્યાંથી અમેરિકા પાછા આવીને એ જન્તુવિદ્યાની પ્રયોગશાળામાં ગૂંથાઈ ગયો, અને હડકવા, આંખનાં ખીલ, બાળકોનો પક્ષાઘાત આદિ રોગોને જીતવાનાં સાધનની શોધમાં પડચો. એના સહકારીઓ એને આઠ પ્રહરિયો પુરુષ કહેતા. એ રાતે થોડા કલાક જ ઊંઘતો. હાથમાં ચોપડી રાખીને ખુરશીમાં જ એ મોટે ભાગે ઝોલાં ખાતો, અને થોડો વિસામો ખાઇને પાછો કામે લાગતો. આમ અથાક પરિશ્રમ કરીને આ વિજ્ઞાનીએ



કંઈક ગુપ્ત વાતોનું જ્ઞાન મેળવ્યું, અને તેનું પેટંટ લીધા વિના કે તેને સાટે ખાટી પાઈ પણ લીધા વિના એણે પોતાની શોધો માનવજાતિને ચરણે ધરી.

રોગપરાજયના એના કામથી નોગૂચીએ ખ્યાતિ મેળવી, ને યુરપના અનેક દેશોમાં એને બહુમાન મળ્યું. પણ કામના દબાણને લીધે એનું હૃદય નબળું પડ્યું, ને એને છુટ્ટી લેવી પડી. પંદર વર્ષના વિદેશવાસ પછી એ જપાન પાછો ગયો, ત્યાં દેશના મહાન્ વિજ્ઞાનીઓમાંના એક દાખલ એનો સત્કાર થયો. જ્યાં એના ઠૂંઠા દીકરાના આરોગ્યને સારુ એની માએ વર્ષો પહેલાં પ્રાર્થના કરી હતી, તે વયોવૃદ્ધ મન્દિરઝાડોની છાયામાં એ પાછો માની સંઘાતે ઊભો.

નવા ઉત્સાહ સાથે ડૉ. નોગૂચી પીળા તાવ વિરુદ્ધ લડત ચલાવવા અમેરિકા આવ્યો, અને જ્યાં જ્યાં એ તાવની આણ વર્તે ત્યાં ત્યાં તે ફર્યો. એક્વાડોર, મેક્સિકો, પેરુ તથા બ્રાઝિલનો એણે આમ પ્રવાસ કર્યો.

નોગૂચીના એક સાથી ડૉ. સ્ટોક્સ પીળા તાવનું અવલોકન કરવા આફ્રિકા ગયા હતા, ત્યાં તે જેનો પોતે અભ્યાસ કરતા હતા તે રોગબીજનો ભોગ થઈને મરણ પામ્યા. 'બેરૂનાં હાડકાં' વીણી આવવા નોગૂચી તૈયાર થયો. મિત્રોએ કહ્યું, 'તમારી એકાવન વર્ષની અવસ્થા છે, તમારૂં હૃદય વિકારી છે, તમારૂં શરીર રોગાક્રાન્ત છે.' પણ નોગૂચીએ એ વાતો હસી કાઢી, અને કહ્યું, 'ડૉ. સ્ટોક્સને મેં મોકલ્યા, ને એ મરી ગયા. મારે ગયે જ છૂટકો છે. ત્યાં કાં મારું કામ સિદ્ધ થાય ને કાં મારો દેહ પડે.'

ડૉ. નોગૂચી આફ્રિકા પહોંચ્યા પછી થોડા સપ્તાહમાં જ વીરગતિને પામ્યો. પીળા તાવને જીતવા મથતાં તેને તાવ લાગુ પડ્યો હતો. પણ આ પહેલાં એ તાવનાં કેટલાંક મારક રહસ્ય એણે જાણી લીધાં હતાં. રંગ છે વિજ્ઞાનવીર નોગૂચીને. **દે. વા.**

(આર. એમ. બાર્ટલેટના અંગ્રેજી ઉપરથી)



ટપાલની પહેલી ટિકીટો

'કુમાર'ના ૧૯૧મા અંકમાં ટિકીટનો ઉદ્ભવ અને આ વર્ષે (૧૯૪૦માં) ઉજવાનારી તેની શતાબ્દીની વિગતો તમે વાંચી હશે. એ મહોત્સવને અંગે જૂની ટિકીટો પર પાછો દરોડો પડ્યો છે ને તેમાં યે ટિકીટોનો વ્યવહાર શરૂ થયા પછી પહેલા જ દાયકામાં બહાર પડેલી ટિકીટોના ભાવો તો ખૂબ ઊંચા ગયા છે. પરંતુ આપણને એથી નિસ્બત ન હોઇ, ટિકીટોની એ પહેલી પેઢીની ઓળખાણ માત્ર સાધી લઇએ.

ઇ. ૧૮૪૦માં ગ્રેટબ્રિટને 'પેની બ્લૅક' બહાર પાડ્યા પછી એને અનુક્રમે પહેલી જ એ પદ્ધતિ બ્રાઝિલે અખત્યાર કરી અને ૧૮૪૩ના જુલાઇની ૧લીએ એની વિખ્યાત 'Bull's eye'ટિકીટ બહાર પડી. યુનાઇટેડસ્ટેટ્સે ૧૮૪૫માં એ પદ્ધતિ અખત્યાર કરી. એના રાષ્ટ્રપ્રેમી સંગ્રાહકો આજે એની પહેલી ટિકીટોના ભાવ ખૂબ ઊંચા લઈ ગયા છે. ત્યાર બાદ ૧૮૪૭માં મૉરિશિયસની ૧ અને ૨ પેન્સની 'Post Paid' લખાણની પ્રખ્યાત ટિકીટો બહાર પડી અને એ પછી તો બેલ્જિયમ, સ્પેન, ફ્રાન્સ, જર્મની, ઑસ્ટ્રેલિયા વગેરે અનેક દેશોએ એનો પુરસ્કાર કર્યો. પહેલા દાયકાની એ સઘળી પુરસ્કૃત ટિકીટો આ ઉપર આપી છે.

અવાજની પારાશીશી

માણસની જિંદગીમાં એવી એકે પળ નથી વીતતી કે જ્યારે તેના કાન એક યા બીજા પ્રકારના અવાજો ગ્રહણ કરતા ન હોય. અને આપણાં શહેરોની હવા તો એવા ચિત્રવિચિત્ર અવાજોથી ભરેલી હોય છે કે એ માત્ર આપણા કામમાં જ હરકતકર્તા નીવડે છે એમ નહિ, પણ આપણી તંદુરસ્તીને પણ હાનિ પહોંચાડે છે.

પાણીમાં પથરો નાખીએ ને તેના તરંગો વર્તુલરૂપે ફેલાતા જાય એમ જ અવાજનાં આંદોલનો વિસ્તરે છે. હવામાં એ ક્ષોભ પેદા કરે છે ને એ ક્ષોભ દૂરદૂરની હવા સુધી પહોંચે છે. આપણા કાન સાથે એ અવાજ અથડાતાં તેનાં નાજુક ગ્રાહક અંગો એના દબાણનો પૂર્ણ અનુભવ કરી એ અવાજના આગમન અને તીવ્રતાની મગજને જાણ કરે છે. આ આંદોલનો સેકન્ડના લગભગ ૧૧૦૦ ફૂટ જેટલા વિસ્તરે છે.

આજની આપણી સંસ્કૃતિ અવાજનો કેટલો બોજો આપણા કાન પર નાખે છે એ તો દેખાતી વસ્તુ છે. રેડીઓ, ઑટોમોબાઇલ, સ્ટીમ એન્જિન, ટ્રૉલી કાર, રેફ્રીજરેટર, ટાઇપ રાઇટર, સાંચાકામ—અનંત સૃષ્ટિ એ રીતે થતા જાય. એક માત્ર નીરવ શોધ કાંઈ ગણી શકાય તો વીજળીના દીવાની. એટલે જ આજે શહેરી ઘોંઘાટે વિજ્ઞાનીઓનું વધુ લક્ષ ખેંચ્યું છે. માણસને એની અસ્વસ્થ અસરથી બચાવવા એ કટિબદ્ધ થયા છે.

ઘોંઘાટની સામાન્ય વ્યાખ્યા આપણે એવી કરીએ છીએ કે જે અવાજ આપણને ન ગમે તેનું નામ ઘોંઘાટ. પણ એ બરાબર નથી. દાખલા તરીકે તમારી આંખમાં ઊંઘ ઘેરાતી હોય અને એ જ વખતે તમારો પડોશી રેડિયો પર કોઈ 'ચીજ' સાંભળતો હોય અને તમે ચીડાતા પડ્યા હો, એથી કંઈ રેડિયો એ ઘોંઘાટ ન કહેવાય. એટલે એવા અવાજોની તુલના અને વર્ગીકરણ કરીને એના માપ માટે 'ડેસિબેલ' એવા વિચિત્ર નામનો એક એકમ નક્કી કરવામાં આવ્યો છે. આજે એ ભલે આપણને વિચિત્ર લાગે. પરંતુ જેમ આજે આપણે 'આટલી ડિગ્રીએ હવા પહોંચી છે' એમ બોલતાં વાતાવરણનો સાહજિક ખ્યાલ આપણને આવી જાય છે, એવી જ રીતે ભવિષ્યમાં 'આટલા ડેસી બેલ અવાજ થાય છે' એવાં વાક્યો આપણા જીવનમાં સહજ બની જશે.

ડેસિબેલ એટલે 'બેલ'નો દશાંશ. એ 'બેલ' શબ્દ ટેલીફોનના શોધક ઍલેક્ઝાંડર ગ્રાહામ બેલના નામ પરથી ઇજનેરોએ અવાજના એક એકમ માટે યોજ્યો છે. ટેલીફોનમાં એ એકમ વડે અવાજની અમુક ચોકસ વધઘટ અથવા વીજળીક તીવ્રતા દર્શાવાય છે, જ્યારે સ્વરવિજ્ઞાનશાસ્ત્રમાં, આપણા કાનને સંવેદ્ય એવા અસ્પષ્ટમાં અસ્પષ્ટ અવાજ સાથે કોઈ ચોક્કસ અવાજનું પ્રમાણ એ દર્શાવે છે. આ રીતે, ગરમી માટે જેમ ફારનહાઈટની 'ડિગ્રી' (અંશ) સૂચક છે તે જ રીતે અવાજ માપવા માટે 'ડેસિબેલ' સૂચક બને છે.

જેમ આપણે ઠંડી-ગરમીના અંશોની સપ્તતા સ્થાપી છે તે જ રીતે ડેસિબેલની

સ્વરશક્તિના એકમ	ડેસિબેલ	સ્વરજનક
૧	૦	નિઃસ્તબ્ધ શાંતિ
૧૦	૧૦	હૃદયનું સ્પંદન
૧૦૦	૨૦	જમીન નીચેના વૉલ્ટ
૧,૦૦૦	૩૦	શાંત ખેતર
૧૦,૦૦૦	૪૦	સરેરાશ ઘર
૧,૦૦,૦૦૦	૫૦	સરેરાશ શાંત ઑફિસ
૧૦,૦૦,૦૦૦	૬૦	સરેરાશ જનરલ ઑફિસ
૧,૦૦,૦૦,૦૦૦	૭૦	સરેરાશ સ્ટેનોગ્રાફિક ઑફિસ
૧૦,૦૦,૦૦,૦૦૦	૮૦	મશીન રૂમ
૧,૦૦,૦૦,૦૦,૦૦૦	૯૦	મોટરનું સરેરાશ ભૂંગળું
૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦	૧૦૦	સબવે કાર
૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦	૧૧૦	વિમાનની ઍંજિન
૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦	૧૨૦	તોપનો ધડાકો
૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦	૧૩૦	કર્ણકટુ અવાજની સીમા

ગુજરાતી ભાષાના મહારથીઓ આવા ખૂણાના પણ મહત્ત્વના વિષય પર ધ્યાન દે એમ લાગતું નથી

એમ જોઈ ભાઈ હરિશ્ચન્દ્ર ભટ્ટે આ પુસ્તક લખ્યું છે, અને એ લખીને એમણે ગુજરાતની સેવા કરી છે. એ લખતાં ઉપયોગમાં લીધેલાં પુસ્તકો તથા લેખોની જે સૂચિ એમણે પુસ્તકને છેડે આપી છે તે સૂચિ ન જોઈ હોત તો હું માનત કે આ આખી ચોપડી કોઈ સરસ અંગ્રેજી ચોપડીનો અનુવાદ જ છે.

આ પ્રમાણે કાકાસાહેબ શ્રી કાલેલકર ઉપોદ્‌ઘાતમાં જેની પ્રશંસા કરે છે તે પુસ્તક તે પોલૅંડ દેશનું સૈકાજૂનું પારતંત્ર્ય મિટાવનાર અને એ દુર્દૈવી દેશના તારણહાર કાબેલ કર્તવ્ય-પુરુષ જોસેફ પિલસુદ્સ્કીનું જીવનચરિત્ર. આઠ ચિત્રો અને એક નકશા સાથે, સુંદર રૂપરંગવાળું એ પુસ્તક એક રૂપિયાની કીમતે (પો૦ જુદું) કુમાર કાર્યાલયે બહાર પાડ્યું છે.

◆

એ જ લેખક શ્રી હરિશ્ચન્દ્ર ભટ્ટની કલમે 'ચેકોસ્લોવાકિયાનો તારણહાર મસારિક એનું જીવન ને ફિલસૂફી' તૈયાર થાય છે.

આવતી કાલનો વિચાર

સૌ આજે આવતી કાલનો વિચાર કરી રાખે છે. ખાસ કરીને કુમારો ને જુવાનો તો આવતી કાલની આકાંક્ષાઓ ઘડવામાં રાચે છે. પોતાની ભાવી કરીઅર–કારકિર્દી ઘડવાનાં સ્વપ્નાં સૌ આજથી ઘડી રાખે છે; સાથે સાથે તેની તૈયારી પણ કરે છે. એવી તૈયારીમાં મદદરૂપ થાય તેવું એક ઉપયોગી પુસ્તક હમણાં બહાર પડ્યું છે:

આવતી કાલની તમારી આકાંક્ષાઓ શી છે? તમે ભવિષ્યમાં પત્રકાર થવા ઇચ્છો છો? કોઈ બાહોશ અમલદાર, વિચક્ષણ વકીલ કે કાબેલ મંત્રી થવા ઇચ્છો છો? તો એ પુસ્તક 'ગુજરાતી લઘુલિપિ' આજથી તમારા પાયાના અભ્યાસ અને શરૂઆતનાં પગથિયાં માટે ખાસ ઉપયોગનું. વર્તમાનપત્રના રીપોર્ટરો, પોલીસ અમલદારો, ઑફિશ્યલ રીપોર્ટરો, વકીલો, ઑફિસોના સેક્રેટરીઓ, ઝડપી પત્રવ્યવહાર કરનારાઓ, ખબરપત્રીઓ દરેકને ગુજરાતી શૉર્ટહૅન્ડની ખાસ જરૂર છે. એ તૈયારી વિના તમારો પાયો કાચો જ રહેવાનો. અને એ પૂરી પાડનારૂં સંપૂર્ણ શાસ્ત્રીય ઢબનું આ પુસ્તક ગુજરાતી સાહિત્યમાં તદ્દન નવું જ છે.

ગુજરાતી લઘુલિપિ

શ્રી હરિકૃષ્ણ વ્યાસ રચિત

કુમારમાં કટકે કટકે આવેલી લેખમાળા બીજાં વધારાનાં નવાં પ્રકરણો સાથે સંપૂર્ણ રૂપમાં બાઉંનું મજબૂત પૂઠું • કીમત ત્રણ રૂપિયા

કુમાર કાર્યાલય • અમદાવાદ

સભ્યતા સ્થાપવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો છે, અને ભવિષ્યમાં હવાની માફક 'અવાજની પારાશીશી' (Noise Thermometer) મેળવવા પણ આપણે ભાગ્યશાળી થઇએ તો નવાઈ નહિ. વળી હવે તો એવા અવાજભક્ષી (sound absorbing) પદાર્થો પણ તૈયાર થવા માંડયા છે કે જેના પર અથડાતાં ૮૫ ટકા જેટલો અવાજ તો નિર્ગુણ બની જાય છે. આ હ્રાસ રાહત આપનાર નીવડશે.

થોડા વખત પર કેટલાક ટાઇપિસ્ટ પર અખતરા કરતાં જણાયું હતું કે ઘોંઘાટભર્યા વાતાવરણમાં એમની શક્તિ ૧૯ ટકા જેટલી વધુ વ્યય પામે છે અને છતાં ઝડપમાં ૪ ટકાનો ઘટાડો રહે છે. શારીરિક અને ધંધાદારી બંને દૃષ્ટિએ આ વ્યય અસહ્ય કહેવાય. આ દુષ્પરિણામ સામેની લડતનું રૂડું ઉદાહરણ તો એ છે કે અમેરિકાની વેસ્ટર્ન યુનિયન કંપનીએ પોતાનો ટેલીફોન રૂમ બિલકુલ ખામોશ બનાવી દેતાં સંદેશા ઝડપવામાં થતી ભૂલો ૪૨ ટકા ઘટી ગઈ હતી ને કંપનીને ૩ ટકા ચોકખો વધારાનો નફો થયો હતો!

અવાજના આટલા જ્ઞાન પછી એની મંદતા ને તીવ્રતા આંકતું સામેના પાના ઉપર આપેલું ઉપયોગી કોષ્ટક પણ સમજી લેવું યોગ્ય ગણાશે.



પહેલું સુખ તે જાતે નર્યા

નરવા રહેવા માટે જો સૌથી જરૂરી કાંઈ હોય તો તે, ખોરાકના પોષક તત્ત્વનું અને એના પાચનનું જ્ઞાન મેળવવું તે. આપણો ખોરાક સામાન્યતઃ બારથી સોળ કલાકમાં પચી જાય છે અને એનું રાસાયણિક પૃથક્કરણ થઈ તે લોહીમાં ભળી જાય છે. પરંતુ પચ્યા ઉપરાંત પણ ખોરાકનો કેટલોક જથ્થો શરીરમાં એવો રહે છે જેને પચાવવા શરીરની સઘળી ગરમી અશક્ત નીવડે છે. એ વધેલો ભાગ લોઢું, તાંબું, ગંધક, ચૂનો વગેરે જુદાંજુદાં બાવીસેક તત્ત્વો ધરાવે છે. એ ખનિજ તત્ત્વોને આપણે આમ્લમય અને ક્ષારમય એમ બે વિભાગોમાં વહેંચી શકીએ. આ નીચે આપેલા પહેલા કોષ્ટકમાં તે બતાવ્યાં છે.

ખોરાક જઠરમાં પહોંચ્યા પછી એનું રાસાયણિક પૃથક્કરણ થઇને, તેમાંના કાર્બોહાઇડ્રેટ્સ શરીરની ગરમી જાળવવાના કામમાં લાગી જાય છે, પ્રોટીનમાંનાં તત્ત્વો શરીરની વૃદ્ધિ અને પુનર્રચનાના કામમાં લાગી જાય છે, જ્યારે ફળ કે શાકભાજીમાંના વીટામિન (પ્રજીવક તત્ત્વો) રોગના પ્રતિકારમાં લાગી જાય છે. કોષ્ટક નં. ૨ તથા ૩માં આપણા રક્તકોષો તથા રક્તજલ (સીરમ)માં રહેલાં તત્ત્વોનું રાસાયણિક પૃથક્કરણ આપ્યું છે. પહેલા નંબરના કોષ્ટક સાથે એ સરખાવી જોવાથી માલૂમ પડશે કે આમ્લમય અવશેષોમાંથી એકલું ક્લોરિન જ રક્તજલ કે રક્તકોષોના બંધારણમાં કામ લાગે છે, જ્યારે ક્ષારમય અવશેષમાંથી આઠ.

આપણા જીવન અને આરોગ્ય માટે જરૂરી ક્ષારમયતા આપણા લોહીમાં રહેલી જ હોય છે. એ ક્ષારમયતા ઘટીને અમ્લતા વધે એટલે તબિયત જોખમાય છે. જોકે આપણા શરીરની રચના એવી સુંદર છે કે એ બધા હાઇડ્રોજન આયોન્સને નકામા બનાવી દે છે. પણ એમ નકામા બનાવવા જેટલી શરીરની શક્તિ જ્યારે ન હોય ત્યારે અમ્લતા જોર કરી જાય છે ને તેને પરિણામે અરૂચિ, અનિદ્રા,

આપણા શરીરમાં સંઘરાતાં ખનિજતત્ત્વો

આમ્લમય	ક્ષારમય
ફૉસ્ફરસ	પોટાશિયમ
ગંધક	સોડિયમ
સિલિકૉન	કૅલ્શિયમ
ક્લોરિન	મૅગ્નેશિયમ
ફ્લુઓરિન	લોઢું
આયોડિન	ઍલ્યુમીનિયમ
સોમલ	તાંબુ
બ્રોમાઈન	લીથિયમ
	જસત
	નિકલ

રક્તકોષનું રાસાયણિક પૃથક્કરણ

પોટાશિયમ ક્લોરાઈડ	૩·૬૮
સોડિયમ ક્લોરાઇડ	અંશતઃ
પોટાશિયમ ફૉસ્ફેટ	૨·૩૪
સોડિયમ ફૉસ્ફેટ	૦·૬૩
કૅલ્શિયમ ફૉસ્ફેટ	૦·૦૯
મૅગ્નેશિયમ ફૉસ્ફેટ	૦ ૦૬
આયર્ન ઑક્સાઇડ	૦·૪૭
પોટાશિયમ સલ્ફેટ	૦·૧૩

રક્તજલનું પૃથક્કરણ

પોટાશિયમ ઑક્સાઈડ	૦·૩૮૭
સોડિયમ ઑક્સાઇડ	૪·૨૯૦
ક્લોરિન	૩·૫૬૫
કૅલ્શિયમ ઑક્સાઈડ	૦·૧૫૫
મૅગ્નેશિયમ ઑક્સાઇડ	૦·૧૦૧

કળતર, માથાનો દુખાવો, નગબાઇ, આંખમાં ઝાંખપ, હૃદયનો ને કાળજાંનો દુખાવો, ખાટા ઓડકાર, લોહીનું વધુપડતું દબાણ તથા રક્તશિરાઓના રોગો જન્માવે છે.

આ ઉપરથી માલૂમ પડી આવશે કે તબિયત બગડવાનું સામાન્ય કારણ આપણા ખોરાકમાં વધુપડતી અમ્લતામાં રહેલું હોય છે. એને ઠેકાણે ખોરાકમાં દૂધ, ફળ ને લીલાં શાકભાજીને સ્થાન આપી એ કારણ સહેલાઇથી નિવારી શકાય. આપણા શરીરને અમ્લતા કરતાં ક્ષારોની ચારગણી જરૂર હોય છે એ ન ભૂલતા.

આપણા શરીરને પાણીની કેટલી જરૂર રહે છે એ કોઇને વધુ સમજાવવાની જરૂર ન હોય. શરીરમાં પાણીનું પૂરતું પરિભ્રમણ સ્વાસ્થ્ય માટે અનિવાર્ય વસ્તુ છે. શરીર ત્રણ રીતે એ મેળવે છેઃ (૧) પ્રવાહી પદાર્થો–એટલેકે શુદ્ધ પાણી તથા દૂધ, ચા, કૉફી વગેરે જેવાં પીણાં મારફત, (૨) ફળ, શાકભાજી વગેરે જેવા જલપ્રધાન ખોરાકો મારફત, (૩) ખોરાકનાપચનવ્યવહારમારફત.

એ બધું પાણી શરીરમાં ટકી રહેતું નથી. આપણી ચામડીનાં છિદ્રો મારફત, પેશાબ દ્વારા અને આપણા દરેક ઉચ્છ્વાસ મારફત શરીરની એ બિનાશ બહાર નીકળ્યા જ કરે છે. ગરમીના દિવસોમાં તો એ નિકાસનું પ્રમાણ વધી જાય છે. વધુ પરસેવાને લીધે તેની વધુ નિકાસ થાય છે એટલું જ નહિ, પણ એ પરસેવા દ્વારા શરીરમાંના કેટલાક ક્ષારો પણ નીકળી જાય છે, એટલા માટે જ ઉનાળામાં ચમચી મીઠું નાખેલા પાણીનો એકાદ ગ્લાસ અવારનવાર પીતા રહેવું જરૂરી છે.

સંસારનાં શહેરો

એ ચાલુ કંડિકાદ્વારા થતો ઇતિહાસ, ભૂગોળ, વેપાર ને વિકાસને અનુષંગી દૃષ્ટિક્ષેપ

૭–બર્લિન

જર્મનીના આ પાટનગરનું નામ ન જાણતો હોય એવો શિક્ષિત માણસ આજે જવલ્લે મળશે. છતાં એ મહાન જર્મન સામ્રાજ્ય ૧૮૭૦ સુધી તો આપણા અહીંના રજપુતાના જેમ નાની-નાની ઠકરાતોમાં વહેંચાએલું હતું. પ્રશિયાના ચાણક્ય રાજપુરુષ બિસ્માર્કે એ સાલમાં એને સામ્રાજ્ય રૂપે નવનિર્મીત કર્યું.


ઘોડાની પીઠ પર જ ઊંઘતા ને ખાતા જાજરમાન હૂણો જ્યારે આખા યુરોપને હંફાવી રહ્યા હતા ત્યારે મધ્ય યુરોપની આ વસાહતી જાતો—અલેમાની, સૅકસન, ફ્રાન્ક, વંડાલ, ગૉથ, ફ્રીસિયન વગેરે—એ સંગઠન સાધ્યું, જે સંગઠન આજે રશિયા, લિથુઆનિયા, રૂમાનિયા, સ્વિટ્ઝર્લૅંડ, ફ્રાન્સ, લુકસૅમ્બુર્ગ, બેલ્જિયમ, નેધરલૅંડ્ઝ ને ડેનમાર્ક સુધી વિસ્તાર સાધતા થર્ડ રાઇકના સામ્રાજ્યમાં પરિણમ્યું છે.

જર્મની જેમ જ તેના પાટનગર બર્લિનનો ઇતિહાસ પણ પુરાતન નથી. યુરોપનાં તમામ પાટનગરોમાં એ અર્વાચીન છે. ઇ. ૧૬૮૮ સુધી તો એ સ્પ્રીને કાંઠે આવેલું માત્ર માછીમારોનું નાનું ગામડું હતું. પણ પછી મહાન ફ્રેડરિકે પ્રૂશિયન મહારાજ્યના જન્મ બાદ તેને વિકસાવ્યું; તે એટલે સુધી કે તેના અવસાનકાળે તો તે સ્પ્રી નદીના સામે કાંઠે પહોંચતું દોઢ લાખની વસતિનું જબરું શહેર બની ગયું હતું!

ત્યાર બાદ ઉત્તરોત્તર તેનો વિકાસ થતો ગયો. ઇ. ૧૮૭૧માં નવરચિત જર્મન સામ્રાજ્યની રાજધાની બન્યા પછી એની આબાદી એટલી તો વધી છે કે લંડન અને પારીસ પછી આજના યુરોપમાં તે ત્રીજા નંબરનું શહેર ગણાય છે. નેપોલિયને ઇ. ૧૮૦૭માં સ્થાપેલી તેની યુનિવર્સિટી યુરોપની અગ્રગણ્ય વિદ્યાપીઠ છે. સોહામણી અને ઐતિહાસિક અગત્યની ઈમારતોથી ખચિત Unter den Linden બર્લિનનું કેન્દ્ર ગણાય છે.

બર્લિનથી સોળેક માઇલપર આવેલું, ફુવારા ને બગીચાઓથી ઓપતું પૉટસડૅમ જર્મનોનું માનીતું વિહારધામ છે. ત્યાંના સાન્સ સોસી પ્રાસાદની દેવપ્રતિમાઓ પણ મનોહારી છે.

દરિયાની સપાટીથી ૧૧૦ ફૂટ ઊંચા આવેલા બર્લિનની સ્થાનિક વસતિ તેની પશ્ચિમે અને નૈઋત્ય ખૂણે જ છે. વાયવ્ય કોણે બધી વૈજ્ઞાનિક, સૈનિક તથા શિક્ષણવિષયક સંસ્થાઓ આવેલી છે. ઉત્તરે બધાં મશીનરી વર્કસ, ઇશાને ગરમ કાપડનાં તથા પૂર્વ અને અગ્નિકોણમાં રંગ, ધાતુઓ, ફર્નિચર વગેરેનાં કારખાનાં આવેલાં છે. જ્યારે દક્ષિણે રેલ્વે વર્કસ.



આ મહિનો (જાન્યુઆરી) ઇતિહાસમાં

તા. ૧ દિલ્હીમાં મહાન દરબાર ભરીને રાણી વિક્ટોરિયાએ પોતાને હિંદની સામ્રાજ્ઞી જાહેર કરી (૧૮૭૭) ● ● નૉર્વેની રાજધાની ક્રિશ્ચિયાનાનું નામ બદલી 'ઑસ્લૉ' રાખવામાં આવ્યું (૧૯૨૫)

તા. ૩ જસવંતરાવ હોળકર ભરતપુરના કિલ્લામાં આશ્રય લઇ રહ્યો હતો તેને પોતાને સોંપી દેવાનું અંગ્રેજોએ કહ્યું. પણ સ્વાભિમાની જાટ રાજા રણજીતસિંહે તેમ કરવાની ના પાડતાં જનરલ લેક દીગથી ઊપડી સેના સહિત ભરતપુર પહોંચ્યો (૧૮૦૫)

તા. ૭ મહાસભાના આદેશને માન આપી તેના સભ્યોએ ધારાસભામાંથી રાજીનામાં આપ્યાં (૧૯૩૦) × × તુર્કીએ દેશને ઉદ્યોગપ્રધાન બનાવવા પંચવાર્ષિક યોજના અખત્યાર કરી (૧૯૩૪)

તા. ૮ પ્રાયોગિક વિજ્ઞાનના પિતા ગેલિલીઓ ગેલિલીનું અવસાન (૧૬૪૨)

તા. ૧૭ બેન્જામિન ફ્રાન્કલિનનો જન્મ (૧૭૦૬) × × શાપુરજી સકલાતવાળાનું અવસાન (૧૯૩૬)

તા. ૨૦ પોર્ટુગીઝો ને અંગ્રેજો વચ્ચે સંધિ થઈ જેથી પોર્ટુગીઝોનાં બધાં બંદરો અંગ્રેજ વેપારીઓ માટે ખુલ્લાં બન્યાં (૧૬૩૫). આથી અંગ્રેજોએ કે.ચાનમાં કોઠી નાખી ને પહેલીવહેલી જ મરીની સીધી નિકાસ ઇંગ્લંડ કરી.

તા. ૨૧ રશિયાના જ્યોતિર્ધર લેનિનનું અવસાન (૧૯૨૪) × × મહારાણી વિક્ટોરિયાનું ૮૨ વર્ષની વયે અવસાન (૧૯૦૧)

તા. ૨૪ કલકત્તા યુનિવર્સિટીની સ્થાપના (૧૮૫૭) ×× ડી વેલેરા આયરિશ ફ્રી સ્ટેટનો પ્રમુખ ચુંટાયો (૧૯૩૩)

તા. ૨૫ સોવિયેટ સામેનું મિત્રરાજ્યોનું લશ્કરપાછું વળ્યું (૧૯૧૯)

તા. ૨૮ ફ્રાન્સના મહાન સમ્રાટ શાર્લમાનનું ઍ લા શાપેલ મુકામે અવસાન (૮૧૪) × × ઍડોલ્ફ હિટલર જર્મનીનો ચાન્સેલર થયો (૧૯૩૩)



આ માસની વિભૂતિ
અસુદમલ ટેકચંદ ગિદવાણી

'આચાર્ય ગિદવાણી' તરીકે એકેએક સંસ્કારસંપન્ન ગુજરાતીના દિલમાં ઘર કરી ગએલા એ મહાનુભાવ જન્મે સિંધી ને સાહિત્યપ્રિય કુટુંબમાં જન્મ પામેલા. મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજે એમને બે ઉમદા મિત્રોની ભેટ ધરેલી: એ બે મિત્રો તે બૉંબે ક્રૉનિકલના તેજસ્વી તંત્રી સૈયદ અબ્દુલ્લાહ બ્રેલ્વી ને બીજા ગાંધીજીના અંતેવાસી મહાદેવભાઈ દેસાઈ. એ કૉલેજમાંથી એમ.એ.ની ઉપાધિ મેળવ્યા બાદ તરતમાં જ આઇ.સી.એસ. થવા ઉપડ્યા ને ઑક્સફર્ડની શારદાપીઠમાં જોડાયા. પરંતુ એ જ વખતે લાલા હરદયાળને જેવા શ્યામજી કૃષ્ણ વર્માનો સુયોગ મળ્યો એવો એમને હસન સુહરાવર્દી જેવા વતનિયતના તરફેણદાર કવિ ને નાટકકારનો સુયોગ મળતાં એમણે એ સરકારી જતરડામાંથી પોતાની જાતને છોડાવી લીધી.

દેશ આવીને અલ્લાહાબાદની મ્યોર સેન્ટ્રલ કૉલેજમાં અધ્યાપકપદ સંભાળ્યા બાદ બિકાનેરના મહારાજાના રહસ્યમંત્રીનું પદ એમણે સંભાળ્યું. ત્યાંથી થોડો વખત અજમેરની મેયો કૉલેજમાં રહ્યા. તે પછી ઈ. ૧૯૧૮માં દિલ્હીની રામજસ કૉલેજનું આચાર્યપદ એનાયત કરવામાં આવ્યું ને એ કૉલેજને એમણે જે ઊંચી પાયરી આપાવી તે એમની કુનેહની ગવાહ બની. ઈ. ૧૯૨૦ની સાલ હિંદના પ્રજાજનોના જીવનપલટાની સાલ છે. મહાત્માજીના બ્યૂગલે આચાર્ય ગિદવાણીજીએ પણ જીવનપલટો અનુભવ્યો ને સ્વામી શ્રદ્ધાનંદજીની પ્રેરણાથી ગુજરાતમાં આવી રહ્યા. ગાંધીજીએ તરત એમને ગુજરાત વિદ્યાપીઠના આચાર્યપદે મૂકી દીધા. રાષ્ટ્રીય કેળવણીનો સંદેશવાહી ને રાષ્ટ્રીયતાનો ભેખધારી એવો આદમી ગાંધીજીને લીધે જ ગુજરાતને સુલભ બન્યો. આચાર્ય એ અરસામાં ગુજરાતભરમાં ઘૂમીઘૂમીને વિદ્યાર્થીઓને વિદ્યાપીઠમાં જોડાવા હાકલ દેતા. અમદાવાદમાં વિદ્યાર્થીઓ સાથે ખાદીની ફેરીઓ કરતા. જેટલા ખંતીલા સેવાભાવી હતા, એટલા જ એ વિચક્ષણ ચિંતક અને રાષ્ટ્રદ્રષ્ટા હતા. 'ટુ-મૉરો'-માંના એમના લેખો એની પ્રતીતિ છે. વિદ્યાપીઠમાં 'સાબરમતી', 'પંચતંત્ર', 'પંચાયત' વગેરેની સ્થાપના એમને જ આભારી છે. ગરીબ વિદ્યાર્થીઓને જાતે શોધી કાઢી તેમને ટેકો આપતા. મહાત્માજીના અનુગ્રહથી રાજામહેન્દ્રપ્રતાપના 'પ્રેમ મહા વિદ્યાલય'માં જોડાતાં ઈ. ૧૯૨૬માં ગુજરાતમાંથી ગુરુદક્ષિણામાં મળેલું રૂ.૨૬૦૦)નું ફંડ એમણે નવસારી હરિજનઆશ્રમને આપી દીધેલું.

મધુર વક્તા, મિલનસાર મિત્ર, પ્રેમાળ પતિ ને પારદર્શક ચિંતક આચાર્ય ગિદવાણીએ જીવનની ચાહે તેવી વિષમતાઓ પ્રત્યે કદી અસંતોષ નહોતો બતાવ્યો. અમેરિકન ચિંતક એમર્સનના એ આશકે જીવનની ગુરુચાવી હાથ કરી હતી. એ ચાવી વડે અનેકોનાં જીવનદ્વાર એમણે ખોલી આપ્યાં હતાં ને ગુજરાતની જવાન આલમ તો એમની સદાની આશક બની હતી.

ઇ. ૧૯૩૫ના જાન્યુઆરીની ૧૩મીએ ૪૬ વર્ષની વયે એ દિલાવર નર ચિરશાંતિમાં પોઢી ગયો, પણ એની પ્રવૃત્તિના પડઘા હજુ ગુજરાતમાં કાયમ છે.



देवोनुं काव्य

હિંદી માસિક 'સર્વોદય'માં આવતી કાકાસાહેબની આકાશદર્શનની લેખમાળા ગયે વર્ષે (૧૮૭મા અંકમાં) 'કુમાર'માં શરૂ કરી; પણ હિંદીમાં જ ત્યાર પછી એ ચોમાસાને કારણે અટકી, અને બારેમાસના તારાદર્શનનો અમે આપવા ધારેલો ક્રમ પણ અસ્ત-વ્યસ્ત થઈ ગયો. ચોમાસું વીતીને આકાશ સ્વચ્છ થવા સાથે ફરી કાકાસાહેબે એ હિંદીમાં પાછી શરૂ કરી છે; એટલે આ અંકથી, આગલા રહી ગએલા બે હપ્તાઓનો તેની સાથે સમન્વય કરીને તે ફરી શરૂ કરીએ છીએ; અને દર મહિને નિયમિત તે આપવાનો સંકલ્પ કર્યો છે.

ધ્રુવનો તારો ગમે ત્યાંથી જુઓ, તે ઉત્તર બાજુએ એક જ જગ્યાએ સ્થિર અને અચલ જેવો દેખાય છે. આપણે જે સ્થળે હોઈએ તે સ્થળના જે અક્ષાંશ હોય તેટલો જ ક્ષિતિજથી ઊંચે એ નજરે પડે છે. હિંદુસ્તાનના અક્ષાંશ ૬ અને ૩૬ વચ્ચે છે. કન્યાકુમારી-થી જો જોવામાં આવે તો ધ્રુવનો તારો લગભગ ક્ષિતિજ ઉપર જ જણાશે; અને જેમજેમ આપણે ઉત્તર તરફ આગળ વધીશું તેમતેમ તે ઊંચે આવતો જણાશે.

હવે આપણે એક છત્રી લઈએ અને તેને ઉઘાડી એવી રીતે પકડીએ કે તેની દાંડીનો છેડો બરાબર ધ્રુવની સીધી લીટીમાં હોય. પછી તેને ધીરેધીરે પૂર્વથી પશ્ચિમ તરફ ફેરવીએ તો આકાશની ગતિ સારીરીતે આપણા સમજવામાં આવશે. છત્રી જો ૧૨ સળીઆની હશે તો તો બે સળીઆ વચ્ચેનું એ ગતિનું અંતર બે કલાક જેટલું, એ માપ પણ હાથ આવી જશે. ૨૪ કલાકમાં આખું આકાશ એક પરિક્રમા પૂરી કરે છે. હવે જો આપણે આ છત્રીને ઉત્તર ગોળાર્ધ માનીએ અને ૨૪ કલાકમાં તેની પરિક્રમા પૂરી કરીએ તો બરાબર આપણા આકાશનું અનુકરણ થશે; અને વધુમાં જો છત્રીમાં અંદરની બાજુ મુખ્ય મુખ્ય તારાઓનાં સફેદ ટપકાં કરી દઈએ તો આકાશના તારાઓનો પણ આપણને ખ્યાલ આવશે. (સ્વદેશી છત્રીઓ બનાવનારાઓ જો તેના અંદરના ભાગમાં ધોળા રંગથી તારાઓનાં ચિત્ર બનાવી દે તો તારાપ્રેમી લોકોમાં આવી છત્રીઓની ખપત સારી થાય.)

આપણે આપણા દેશમાં સહેલાઈથી જોઈ શકીએ છીએ કે જે તારાઓ બરાબર પૂર્વમાં ઊગે છે તે આપણા માથા ઉપર આવતા નથી, પણ દક્ષિણ તરફ ઝૂકેલા હોય છે. ૨૧મી માર્ચ અને ૨૨મી સપ્ટેમ્બરે જ્યારે દિવસ અને રાત સમાન હોય છે અને સૂર્ય બરાબર પૂર્વમાં ઊગે છે ત્યારે મધ્યાહ્ને આપણો પડછાયો બરાબર પગ તળે આવતો નથી, પણ ઉત્તર તરફ ઝૂકેલો હોય છે, કારણકે સૂરજ દક્ષિણ તરફ ઝૂકેલો હોય છે.

આકાશનું બિન્દુ જે બરાબર આપણા માથા ઉપર હોય છે તેને 'ખ-સ્વસ્તિક' કહે છે. માર્ચની ૨૧મી અને સપ્ટેમ્બરની ૨૨મી (આ દિવસોને 'વસન્ત સંપાત' અને 'શરદ સંપાત' કહે છે)ની મધ્યાહ્ને સૂર્ય ખસ્વસ્તિકથી દક્ષિણ બાજુએ, એ સ્થળના જેટલા અક્ષાંશ હોય છે એટલો જ ઝૂકેલો હોય છે.

વાચકો જરાયે ગભરાય નહિ. અમે તેમને જ્યોતિષ-શાસ્ત્રના ચક્રવ્યૂહમાં ફસાવવા માગતા નથી. રાત્રે અને સવારે આકાશનું જે દિવ્ય અને ભવ્ય પારિજાત વિકસેલું જણાય છે તેનો આનંદ માણવા માટે જેટલી સામગ્રીની જરૂર હશે તેટલી જ અહીં યથાસમયે અપાવા કરશે.

(૨)

રાજા ગમે તે સ્થાન પર અને ગમે તે પોશાકમાં હોય, પણ તે રાજા જ છે. એના રાજત્વમાં એથી કાંઈ ફરક નથી પડતો. પણ એ જ્યારે પોતાના દરબારમાં પૂરા ઐશ્વર્યથી બેસે છે ત્યારે એની શોભા કાંઈક ઓર જ હોય છે. આ જ ન્યાય રાતના આકાશને પણ લાગુ પડે છે. આકાશની સુન્દરતા અખંડ છે. આકાશને ધ્યાનથી જોનાર કોઈ પણ માણસ રાત્રિના આકાશના કેફથી મુક્ત રહી શકે નહિ. પણ આકાશનો વૈભવ જે આ દિવસોમાં— અથવા આ રાતોમાં—પ્રગટ થાય છે તે તો આકાશને પણ ચકિત કરવાવાળો હોય છે! વર્ષાકાળ સમાપ્ત થઈ ગયો છે, આકાશે પોતાની બધી આર્દ્રતા

છોડી દીધી છે, વાદળ પણ હવે ધૂળિયાં નથી દેખાતાં. પૂર્ણ પ્રાયશ્ચિત્ત કર્યા પછી મનુષ્યનું હૃદય જેવું નિર્મળ ને પારદર્શક થઈ જાય છે તેવું આજકાલનું આકાશ છે. સંધ્યાનો દરબાર પૂરો થતાં જ આ નિર્મળ પ્રસન્નતા બધે છવાઈ જાય છે ને તેના પર ઉજ્જ્વલ તારા બેસી જાય છે.

આવા આસમાનમાં પણ એક ભાગ એવો છે કે જ્યાં વધારેમાં વધારે તારા એકઠા થઈ ગયા છે. આ હીરાની ખાણને આજકાલના ખગોળશાસ્ત્રી 'સ્વર્ગીય ગોલકોંડા' કહે છે. વચમાં સનાતન મૃગ નક્ષત્ર અને એની આજુબાજુ રોહિણીનું ગાડું, બ્રહ્મમંડળની થાળી, પુનર્વસુનું નાવડું અને વ્યાધનો કૂતરો વિરાજમાન છે.

મૃગ નક્ષત્ર સાંજે પૂર્વમાં ઊગેલું જણાશે. તેના ચાર પગ અને તેના પેટમાં પેસી ગએલું ત્રણ તારાઓનું એક તીર સ્પષ્ટ દેખાય છે. આજકાલ આ જ મૃગ નિશાદેવીના રથને જોડવામાં આવે છે. સાંજથી લગભગ ઉષઃકાલ સુધી મૃગ નક્ષત્ર રાત્રિનો રથ ખેંચે છે. આથી જ આ રાત્રિઓને 'મૃગ-નીતા-રાત્રયઃ' કહે છે.

જ્યારે મૃગ નીકળે છે ત્યારે માથા ઉપર આકાશના સ્વસ્તિક જેવો ભાદ્રપદાનો ચોરસ ફેલાએલો દેખાય છે. પૂર્વા ભાદ્રપદાના બે તારા પશ્ચિમની તરફ હોય છે અને ઉત્તરાના બાકીના બે તારા એની પછી આવતા હોવાથી પૂર્વ તરફ હોય છે. એની પાસે શર્મિષ્ઠા, યયાતિ અને દેવયાની પોતાનું પૌરાણિક નાટક ભજવે છે.

આ મૃગનો પીછો પકડનાર એક ઉજ્જવલ તારો ઊગે છે. એનું નામ વ્યાધ કે લુબ્ધક છે. મૃગના પેટમાં ઘુસનાર જે ત્રણ નક્ષત્રોનું બાણ છે તેની જ સીધાણમાં આ લુબ્ધક દેખાશે. અંગ્રેજીમાં એને 'સીરિયસ' કહે છે. આ તારો આપણી પૃથ્વીથી એટલો બધો દૂર છે કે તેનો પ્રકાશ પૃથ્વી સુધી પહોંચતાં આઠ વર્ષથી પણ વધારે સમય લાગે છે. આપણા સૂર્ય કરતાં તેનો પ્રકાશ છવ્વીસગણો છે.

આ લુબ્ધકની આસપાસ પાંચ એવા તારાઓનું જૂથ છે કે જેને એક સાથે મેળવી દેવાથી એક કૂતરાના જેવી આકૃતિ બની જાય છે. તેને 'દિવ્ય શ્વાન' પણ કહેવામાં આવે છે. મૃગ બરાબર ઉપર ચડે છે ત્યારે વ્યાધનો કૂતરો પોતાનું માથું બરાબર ઊંચું કરે છે. પણ એ બિચારાની દશા એ વખતે ઈર્ષ્યાપાત્ર નથી હોતી. જાણે ફાંસી પર લટકયો હોય એવો દેખાય છે. પણ જ્યારે મૃગ પશ્ચિમ ક્ષિતિજ પર અદૃશ્ય થવાની તૈયારીમાં હોય છે ત્યારે આ કૂતરાનો વેગ જોવા જેવો હોય છે. ઈર્ષ્યાથી પોતાની પૂંછડી સીધી ઊભી કરી તે મૃગની પાછળ જાણે ઝાપટે છે. એ કૂતરાનું માથું લુબ્ધકનો તારો જ છે. તેની નીચેનો તારો તે તેનો આગલો પગ. તેનો પાછલો પગ દક્ષિણ તરફ હોય છે અને ઘણો ટૂંકો હોય છે. તેની સમકોણે લગભગ એટલી જ લાંબી તેની પૂછડી જણાશે.

કહે છે કે આ લુબ્ધકનો રંગ જૂના વખતમાં મંગળના જેવો લાલ હતો. આજકાલ તે તદ્દન ઉજ્જ્વલ ધોળો જ છે. આ વિષે અથર્વવેદમાં કહ્યું છેઃ

अप्सु ते जन्म दिवि ते सधस्थं समुद्रे अन्त महिमा ते पृथिव्याम्।
शुनो दिव्यस्ययत् मः तेन ते हविषा विधेम ॥

વ્યાધ બરાબર ઉપર આવી જાય તે પછી દક્ષિણ દિશામાં ભગવાન અગસ્તિ દર્શન દે છે. વ્યાધ અને અગસ્તિ બન્ને લગભગ સરખા અને ખૂબ પ્રકાશિત તારા છે, એટલે તરત ઓળખી શકાશે.

આજકાલ સાંઝના સૂર્યાસ્ત પછી તરત પશ્ચિમ દિશામાં જે ઉજ્જવળ જ્યોતિ દેખાય છે તે કોઈ તારો નથી, પણ એ તો આપણા ચિરપરિચિત અસુરગુરુ શુક્ર છે. શુક્ર હવે ઘણા દિવસો સુધી સાંઝના પશ્ચિમમાં જ દેખાશે અને જ્યારે અજવાળિયામાં ચન્દ્ર પશ્ચિમ તરફ આવશે ત્યારે એ બંને જોડાજોડ આવી જઈને તો એક ભારે કાવ્ય બનશે. ૧૨મી ડિસેમ્બરથી આ શોભાની શરૂઆત થઈ ગઈ હોય છે.


તેની ઉપર જ બીજા પણ બે તેજસ્વી ગ્રહો જણાશે. મંગળ તો લાલ હોવાથી સહેલાઈથી ઓળખાઈ જશે, અને તેની જોડે બેઠેલા અત્યંત તેજસ્વી ગુરુને પણ ઓળખવો મુશ્કેલ નહિ પડે. આજકાલ તો તે ખૂબ લગોલગ આવી જઈને તેમની સુંદર યુતિ બની ગઆ છે. એમની પછી તરત જ ઉપર રતાશ પડતો શનિ ધીમેધીમે યાત્રા કરતો દેખાશે. વળી સૂર્યોદય પહેલાં તો પૂર્વમાં બુધ પણ દર્શન દે છે. આમ, હમણાંહમણાં મંગળ, બુધ, ગુરુ, શુક્ર ને શનિ બધા જ ગ્રહો આપણને દર્શન દેતા રહેશે.

આવતા અંકમાં આ આકાશદર્શનમાં મદદરૂપ થઈ પડે તેવું માન-ચિત્ર (નકશો) પણ લેખ સાથે આપવામાં આવશે.

(ચાલુ) દત્તાત્રेय बालकृष्ण कालेलकर

જળજંગલની જીવસૃષ્ટિનો પરિચય આપતી અભ્યાસજન્ય લેખમાળા

વનવગડાનાં વાસી



લટોરો

કોણ જાણે કેવા ય સંજોગોમાં ઈશ્વરે મનુષ્યને ઘડ્યો હશે કે સૃષ્ટિમાં જ્યાં જુઓ ત્યાં એનું વર્તન વિપરીત અને વિકૃત જ દેખાય છે: પક્ષીઓ પ્રત્યે તો વિશેષ કરીને. સર્વાંગસુંદર હંસ અને આડચો જેવાં અનેકને એણે કેવળ ઉદરપોષણનાં સાધન જ માન્યાં છે. પૃથ્વીતળનો કચરોકડોવાણ સાફ કરનારાં ગીધ અને સમળી જેવાં ગરીબ અને પરમોપકારક પંખીઓને ત્યાજ્ય, તિરસ્કૃત ગણાવી, અસંખ્ય જંતુઓ મારી ખાનારાં, અત્યંત ધમાલિયા સ્વભાવવાળાં ને બેડોળ ચકલાં, કબૂતર અને હોલાને એણે નિરુપદ્રવી ગણી પ્રીતિભાજન બનાવ્યાં છે. આવું આવું તો કેટલું યે ગણાવી શકાય. પણ અહીં તો એની વિપરીત કૃતિનો એક વિશિષ્ટ દૃષ્ટાંત આપીને જ સંતોષ માનવો રહ્યો.

આ પંખી તે લટોરો. એ એનું હિન્દી નામ. આપણે ત્યાં એને ઓળખનારા ય કોક જ નીકળશે, ત્યાં નામ-કરણની તો આશા જ શી? એટલે હિન્દી નામથી જ એને સંબોધવો રહ્યો.

દૈયડ અને હોલા જેવડું આ પંખી સ્વભાવે જ વગડાઉ છે, એટલે વસતિમાં જોવા નહિ મળે. અને વસતિમાં રહીને ખાય પણ શું? એનો આહાર છે તીડ-ગોલ્લાં, તમરાં, ગોકળગાય, કીડા, ક્વચિત ઉંદર, પંખી-નાં બચ્ચાં વગેરે. એથી એને વગડો સેવવો જ રહ્યો. વગડામાં પણ એ કેવળ ખુલ્લાનું જ વસનારું છે, એટલે ઝાડી-પહાડી કે જંગલમાં એ નજરે નહિ પડે. એને તો વિશાળ રસાળ ખેતર તેમજ આછાં ઝાડપાનવાળાં સુક્કાં મેદાન અને રણ જેવો પ્રદેશ જ ગમે છે. એટલે જ એની વસતિ ઉત્તર ગુજરાતમાં ઘણી છે. અમદાવાદની આસપાસ સ્થળેસ્થળે ને ડગલેડગલે એ નજરે ચડે છે.

વગડામાં પણ એ ઝાડ પર જ વસે છે. કેવળ આહારને પકડવાના પ્રસંગ સિવાય એ જમીન ઉપર ઊતરતું નથી. છતાં એને ઘટાનું વસનારું તો ન જ કહેવાય. ઝાડને મોખરે આવેલી કે બહાર ઝૂકતી એકાદ ડાળને છેડે, ખુલ્લામાં ઉઘાડે છોગે બેસીને, શાંત ચિત્તે સૃષ્ટિનું અવલોકન કરતા, પોપટના જેવી વાંકી અણીદાર પણ કાળી ચાંચવાળા, ચાંચથી આંખ લગી પહોંચતા કાળા પટાથી વિભૂષિત, લાંબી પૂંછડીવાળા, આછી આસમાની દેહપ્રભાવાળા અને દૈયડથી હોલા જેવડા પણ દુબળા શરીરવાળા કોઈ પંખીને જુઓ તો એ લટોરો જ. ખીજડા, અણિયાર કે બોરડી જેવાં ઝાડ અગર કેરડાકંથેરનાં જાળાંઝાંખરાં અને થૂવરની વાડે બેઠેલું પણ એ દેખાશે, પણ આપણે ત્યાં એનું પ્રિય નિવાસસ્થાન તો બાવળ જ. એની ડાળે બેસીને સૃષ્ટિલીલા અવલોકવામાં મગ્ન થએલું એને જોશો. એની એ તન્મયતા માત્ર આહારોપાદાન પૂરતી જ હોય છે. ત્યાં બેઠુંબેઠું એ ચોપાસ ભાળ રાખે છે. જેવું એકાદ જીવડું ઊડતું ચાલતું એની નજરે પડ્યું કે તરત આસન તજીને એ પકડવા ઊડે છે. પકડીને ખાધું કે તરત પાછું પોતાના સ્થાને આવીને બેસી જાય છે. ચાસ અને પતરીંગા જેવો એનો આ ક્રમ આખો દિવસ ચાલ્યા જ કરે છે. ફેર એટલો કે લટોરો ઊડતાં-ઊડતાં જીવડાં પકડતો નથી પણ ઘણુંખરું જમીન ઉપરથી જ પકડે છે. અન્ય પંખીની પેઠે અમથું-અમથું રખડતું કે ખુશમિજાજથી અહીંતહીં ઊડતું ભમતું એને નહિ જુઓ. એનાં ટોળાં પણ બંધાતાં નથી. એ છે સ્વભાવે જ એકાકી કે જોડકે વિચરનાર. એની આ પ્રશાંત અવસ્થામાં સંવનનકાળે પણ ફેર નથી પડતો. જે અવસરે નિતાન્ત શાન્ત પંખીઓ પણ શીતલતા તજી દે છે, એવી ગર્ભાધાનની ક્ષણ પણ લટોરાને ઉન્મત્ત કરવા સમર્થ નથી બનતી.

આટલું શાન્ત, આટલું નિરુપદ્રવી અને આટલું બધું ખેતીનું ઉપકારક પંખી પણ મનુષ્યના મનથી બાધાકારક મનાયું છે, એમાં આપણી વિપરીતવૃત્તિનો પ્રભાવ નહિ તો બીજું શું?

ની પ્રતિકૂળતા હોય તો આ ભંડાર કામ આવે!

કીડીના કણસંગ્રહ પેઠે આહાર સાચવી રાખવાની બધા ય લટોરાની આ ટેવ સંબંધમાં તીવ્ર મતભેદ પ્રવર્તે છે. અમુક પ્રખર અનુભવી પક્ષિતત્ત્વવિદો આની સાક્ષી પૂરે છે, ત્યારે બીજા એટલા જ શ્રદ્ધાપાત્ર તેજસ્વી વિદ્વાનો આ વાતની ઘસીને ના પાડે છે. એ બંને પક્ષના પડખે મારા જેવાનો અનુભવ શા કામનો? છતાં આ વાતની ખાતરી કરવા અનેક વખત ઋતુએ ઋતુએ હું ચંડોળા તળાવ ફરતી બાવળી શોધી વળ્યો છું. અહીં બધી ય જાતના લટોરાનાં અનેક નિવાસસ્થાન છે, પણ કદી ય ક્યાં ય એક પણ જીવડું શૂળમાં પરોવેલું મારા જોવામાં આવ્યું નથી. વખતે ગુજરાતના લટોરા જૈનોના સમાગમે અપરિગ્રહવૃત્તિ તો નહિ સેવતા હોય!

જાન્યુઆરીથી જુલાઇ એનો ગર્ભાધાન કાળ. બાવળના ઝાડમાં કે અન્ય કાંટાળાં જાળાંમાં ઘાસ, પરાળ અને સાંઠી-કરાંઠીથી નાનકડી વાડકી જેવડો માળો બનાવી, એમાં આછા લીલાશપડતા શ્વેત રંગનાં ૪-૫ ઈંડાં એ મૂકી દે છે. એ ઉપર પીળા કે તપખીરિયા રંગનાં છૂંદણાં પણ હોય છે. આવા માળા તો મેં ઘણી વખત જોયા છે, પણ કાંટા વચ્ચે પેસીને ઈંડાં તપાસવાનું સાહસ હું કરી શક્યો નથી.

(૨)
મિઠ્ઠિયા લટોરો

ઉત્તર ગુજરાતમાં દૂધિયા જેટલો જ પ્રત્યેક સ્થળે નજરે પડતો આપણો બીજો લટોરો આ. એનું અંગ્રેજી નામ **Rufous-backed Shrike.** દૂધિયા જેટલો જ ભરાવદાર કદનો. એનું માથું, ગરદન ને પીઠ રાખોડી રંગનાં આછાં આસમાની. ખભા, કેડ અને પૂછડી ઉપરનાં પીછાં કપિલવર્ણાં, રતુમડા રંગનાં. પાંખો કાળી. પાંખોમાં ધોળી નાની પટી. પૂછડી લાંબી, કાળી. હેઠળનાં અંગ શ્વેતવર્ણાં: પડખાં બદામી રંગે.

આંખથી ચાંચ સુધીનો પટો કાળા રંગનો. ચાંચ અને પગ કાળા. આંખોનો રંગ ઘેરો તપખીરિયો.

નરમાદા એક જ વર્ણનાં.

બધી રીતે દૂધિયા લટોરાને મળતાં આ પંખી સ્વભાવે ખુશમિજાજી અને ચપળ હોય છે. કાંટામાં જીવડાં પરોવવાની ટેવને લીધે, અન્ય લટોરા પેઠે એને પણ 'ખાટકી' નામ અપાયું છે.

મે થી ઑગસ્ટના ગાળામાં એ સંતાનોત્પત્તિ કરે છે. માળા ઘણુંખરૂં બાવળમાં જ બાંધે છે. ઈંડાં ૪ થી ૬.

(૩) રતુમડી પીઠવાળો લટોરો

એનું અંગ્રેજી નામ **Bay-backed Shrike.**

કદમાં સાત આંગળનો આ લટોરો पचनफ પણ આપણે ત્યાં અત્યન્ત વ્યાપકરીતે જોવામાં આવે છે.

કપાળ અને ચાંચનો પટો કાળો; માથા ઉપરનો ભાગ શ્વેત. માથાની પાછળનો તથા ગરદન અને કેડનો ભાગ ધોળાશપડતા રાખોડી રંગના. પૂંછડી ઉપરનાં પીછાં ધોળાં. પીઠ અને ખભા ઘેરા તપખીરિયા રંગનાં લાલ. પાંખો અને પૂંછડી કાળી. પાંખોમાં શ્વેત લાખું. હેઠળના ભાગે આખું શરીર શ્વેત વર્ણનું. છાતીમાં ઈંટાળિયા રંગની છાયા. પડખામાં રાતી ઝાંયવાળાં. નરમાદા એક રંગના.

સ્વભાવે અન્ય લટોરાને મળતું આ પંખી ક્વચિત્ વસતિની અડોઅડ બાગબગીચામાં પણ નજરે પડે છે. વળી રેલવેના તાર ઉપર બેસવાના શોખને લીધે પણ એ અજાણ્યું રહેતું નથી.

એપ્રિલથી સપ્ટેમ્બર એની સંતાનોત્પત્તિને અનુકૂળ કાળ છે. ઈંડાં ૪. માળાની રીત અન્ય લટોરા પેઠે જ.

(૪) તપખીરિયો લટોરો

છેલ્લો આવ્યો તપખીરિયો લટોરો: **Brown Shrike.** ગુજરાતમાં એ શિયાળા પૂરતો જ આવે છે.

એનો સમગ્ર વર્ણ રતુમડા રંગે કે બદામી. આંખનો પટો કાળાશપડતો. ગળું અને કપાળનો ભાગ શ્વેત. માદાના શરીર પર આછા બદામી રંગના ચટાપટા.

અજ્ઞાત કવિતા-લેખકોને

મુંબઇમાં ચાલતું પ્રવૃત્તિસંઘ ગુજરાતના અજ્ઞાત—જેમની કૃતિઓ જવલ્લે જ માસિકોમાં છપાતી હોય તેવા-લેખકોની કૃતિઓની એક પુસ્તિકા બહાર પાડવા ઇચ્છે છે. તો તેઓ પોતાનાં કાવ્યોમાંથી વૈવિધ્યભર્યાં દશ ઉત્તમ કાવ્યો નીચેના સરનામે મોકલી આપે. જેમની કૃતિઓ છપાશે તેમને એક નકલ મોકલવામાં આવશે. નહિ લેવાએલી કૃતિઓ પાછી મોકલવાની સગવડ કરવામાં આવશે. છેલ્લી તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૪૦ છે.

મોકલવાનું સરનામું: બિપિનચંદ્ર ર. ચિનાઇ એમ.એ., પ્રભુ નિવાસ વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબાઈ-૪

પક્ષિવિદોએ એને ભીષણ રૂપવાળું કહ્યું છે, પણ મને તો એનામાં કશી યે ભયંકરતા નથી દેખાતી. અત્યંત શાંત, રજ પણ ચાપલ્ય રહિત, પ્રસન્ન અને સંતુષ્ટ ચિત્તે એને બાવળની ડાળે બેઠેલું જોઉં છું ત્યારે એને બીહામણું કહેનારની મનોવૃત્તિ પર દયા જ આવે છે. એનાં રૂપરંગ આંજી નાખે એવાં નથી એ સાચું; પણ એવું તો અન્ય પંખીઓમાં પણ ક્યાં નથી હોતું? રૂપરંગ વિહોણા હોલા કે કબૂતરને ભીષણ કહેવાની કોણ હિંમત કરશે? વળી લટોરો તદ્દન કુરૂપ તો ન જ કહેવાય. શુભ્રછાયામયી ભસ્માંગરાગી તનુવાળો દૂધીઓ લટોરો, ઈષત્‌કષાયવર્ણવિભૂષિત મિઢ્ઢિયા લટોરો કે કપિલપૃષ્ઠમંડિત બદામી લટોરાને કુરૂપ કોણ કહી શકે? એનામાં સુકુમારતા નથી, પણ સુંદરતા અર્થાત્ નયનાભિરામતા તો છે જ.

એનામાં ભીષણતા સૂચક કશું હોય તો એની નાની પણ સુચગ્ર કાળી ચાંચ અને એ ચાંચ તથા આંખને જોડી નાખતો પહોળો કાળો પટો. ચાંચમાં ભયંકરતાનો આરોપ માત્ર કુબુદ્ધિપ્રેરિત જ હોઈ શકે. એ ચાંચ કરતાં યે વધુ કઠોર અને વિદારક, શમળી કે બાજની ચાંચ જેવડી મોટી, પોપટની ચાંચને ભીષણ કોણ કહેશે? અને કાળો પટો તો એનું ભૂષણ ગણાવો જોઈએ. કુંકુમની ઝીણી તિલકરેખાને સ્થળે, પૂર્ણ ચંદ્રાકાર વિશાળ ચાંદલો રમણીના લાવણ્યને કલંકિત કરનાર કદી મનાયો છે?

આહારની દૃષ્ટિએ પણ એનામાં કોઇ વિશેષ વિઘાતક તત્ત્વ નથી દેખાતું. જંતુઓ એનો આહાર. પણ ચિલોત્રા કે પોપટ જેવાં કતિપય ફલાહારી બાદ કરીએ તો પંખીસમાજમાં કોણ જંતુઓ નથી ખાતું? સુંદરતાની સાક્ષાત પ્રતિમા સમા મોરનો આહાર જુઓ: મોટાં જીવડાં, કાચંડા, સાપ અને મનુષ્યની વિષ્ટા! બહુરૂપી ચકોર કે કુક્કુટકુલ, ગાયકેન્દ્ર સમાં બુલબુલ, ભરત, અગન, ચંડોળ શામા કે દૈયડ: બધાં ય જીવાતનાં ઓછાં શોખીન છે? છતાં એટલાથી એમને ભયંકર ગણી ઉપેક્ષા કરવાની ધૃષ્ટતા કોણ કરી શકશે? ત્યારે કેવળ શાંતાત્મા લટોરા પ્રત્યે જ આવો પૂર્વગ્રહ શા માટે?

કહે છે કે એ ભારે કજીઆખોર પંખી છે. પણ કલી કજીઆખોરીથી યે એ અસુંદર કેમ બની શકે? ક્યાં રૂપાળાં કજીઆખોર નથી હોતાં? રૂપાળાં (!) કબૂતર જુઓ, રૂપાળા ચંડોળ જુઓ, પ્રભાતનો તપસ્વી કુકડો જુઓ: વખત આવ્યે સૌ કજીઆખોર બની જાય છે. એથી એ ઓછાં જ અ–પ્રીતિભાજન બન્યાં છે? તમારા ઘરમાં કે મહોલ્લામાં કોઇ બળજબરીથી પેસી જાય કે પેસવા આવે અને તમે તેને હાંકી કાઢો, એ તે કજીઆખોરી કહેવાય? કજીઆખોર તો એનું નામ કે જે વાડેથી વઢવાડ લે. લટોરો આવું કાંઇ જ કરતો નથી. એ તો એના સ્વારાજ્યના (**territorial**) હક્કનો કેવળ બચાવ કરવા, એના નિવાસક્ષેત્રમાં પ્રવેશ કરનાર અન્ય પંખીઓને હાંકી કાઢવા પૂરતી જ ઉગ્રતા દર્શાવે છે. એમાં એનો શો વાંક?

મેં બહુબહુ વિચાર કર્યો છે, લટોરાને ભીષણ કહેનાર પક્ષિતત્ત્વવિદોની દૃષ્ટિએ સમાધાન કરવા મેં ખૂબ પ્રયત્ન કર્યો છે, છતાં આ તિરસ્કૃત પંખીગણ પ્રત્યેની મારી સહૃદયતા રજ પણ ખંડિત થઇ શકી નથી. એ કદાચ નહિ હોય ત્યારે આપણી વનસ્પતિઓ જરૂર સૂતી પડી જશે એમ હું નિશ્ચયપૂર્વક માનું છું.

લટોરાની અનેક જાતોમાંથી ચાર આપણે ત્યાં વ્યાપકપણે જોવામાં આવે છે: ત્રણ જાતો ગુજરાતમાં કાયમી વસવાટ કરનારી, અને ચોથી યાયાવર.

(૧) દૂધિયા લટોરો

સૌથી મોખરે આવે દૂધિયા લટોરો: **Great Grey Shrike.** સૌથી મોટો લટોરો આ જ. એનું શરીર દશ આંગળનું. સમગ્ર વર્ણ આછો આસમાની કે શ્વેત વર્ણની રાખોડી જેવો, દૂધિયો પાંખો અને પૂંછડીનાં ઉપરનાં પીછાં કાળા રંગનાં. પાંખોમાં ધોળો પટો. હેઠળના ભાગે શ્વેતવર્ણી. આંખ અને ચાંચને જોડતો પહોળો પટો કાળા રંગનો. (જૂઓ ચિત્ર)

આંખો તપખીરિયા રંગની. ચાંચ કાળી. પગ ભૂખરા કાળા.

નરમાદા ઉભય એકરંગી.

એનો અવાજ કર્કશ છતાં ઝીણા સાદે બોલતો હોય ત્યારે એની ચીચિયારી કાનને મીઠી લાગે છે.

એનો આહાર જીવાત, કાચંડા, કીડી મંકોડા, વગેરે. એને પકડવા એ અવારનવાર જમીન ઉપર ઊતરે છે; ત્યાંથી ખાઇને પાછો પોતાના આસને જઈ બેસે છે. ક્વચિત્ વધારે પ્રમાણમાં આહારસામગ્રી મળે ત્યારે થોડાંક ચાંચથી ઉપાડી લઈ, બાવળની શૂળો ઉપર પરોવી દે છે: એવા હેતુથી કે ભવિષ્યમાં કદાચ આહાર-

ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી

(અનુસંધાન પૃ. ૫ થી) મહત્ત્વ તેને આપતા હશે. પરંતુ ભગવાનલાલની સઘળી જ જિજ્ઞાસા એ પુરાણા ઉત્કીર્ણ પત્થરો પર ઢોળાઈ. એ પાલી ને પુરાલિપિ પાછળ પડ્યા ને પોતાની જિજ્ઞાસાને પરિતોષ પમાડવા, અંગ્રેજીનો કક્કો યે ન જાણતા હોવા છતાં, ઉત્તર હિંદુસ્તાન, નેપાલ-તિબેટ, સરહદની પહાડીઓ વગેરે ખૂંદી વળી એમણે પુરાતત્ત્વને જે પ્રચેતના આપી તેનાં આંદોલનો કેઠ પશ્ચિમ સુધી પહોંચી ગયાં, ને ત્યાંની વિદ્યાપીઠોએ તેમને ડૉક્ટરેટથી નવાજ્યા. અને આજ પણ એમના નિર્ણયો, કાળના સતત વહેણ પર સેતુ સમા બની, આપણને ભૂતકાલીન ગૌરવ પ્રતિ દોરી જાય છે.

નાનાઘાટના સાતવાહનના કે હાથીગુંફાના ખારવેલના લેખો જેવા અઘરા લેખો ઉકેલીને થોડા વખતમાં એ પર જે નિર્ણયો ભગવાનલાલે આપ્યા છે એમાં એમના પછીના દીર્ઘ વ્યાસંગી અનુગામીઓ પણ મૂળગત કશા ફેરફારો કરી શક્યા નથી. એમની પ્રવૃત્તિએ પશ્ચિમનું વધારે લક્ષ ખેંચ્યું, કારણકે એ મૂળ અને સદ્ધર પાયા પર હિંદી ઇતિહાસનું પુનર્નિમાણ કરી રહ્યા હતા, જે હિંદ બહારના વિદ્વાનોને અપ્રાપ્ય અને અચિંત્ય જેવું હતું. ક્ષત્રપોની સળંગ વંશાવલિ લગભગ અસંભવિત મનાતી તે પોતાને હાથ લાગેલા સિક્કાઓ પરથી ભગવાનલાલે સળંગ યોજી આપી. ઉત્તરમાં તિબેટથી તે દક્ષિણમાં અજંતા સુધી રખડી એમણે પુરાવસ્તુઓનો પણ ઓછો સંગ્રહ નહોતો કર્યો. પરંતુ હિંદ તે જાળવી રાખી ન શક્યું ને આજે એ બહુમૂલ્ય સંગ્રહ બ્રિટિશ મ્યૂઝિયમને હવાલે રહ્યો છે.

કાઠિયાવાડનો પોલિટિકલ એજન્ટ કર્નલ લૅન્ગ પુરાતત્ત્વ પ્રત્યે ખાસ રસ ધરાવતો. એણે અશોકના શિલાલેખની નકલ કરી જેમ્સ પ્રિન્સેપને આપેલી. એણે એ પરથી પાલી મૂળાક્ષરોની આખી સૂચિ તૈયાર કરી ઈ. ૧૮૩૮માં છપાવેલી અને તે જ સૌ રડ્યાખડ્યા સંશોધકોને કામ લાગતી. ભગવાનલાલ એ મેળવવા મથતા હતા ત્યાં મણિશંકર જટાશંકર નામના નાગર ગૃહસ્થે કર્નલ લૅન્ગ પાસેથી મેળવેલી એક નકલ મળી આવી. એ નકલ માગી લઈ એમણે તેનાં બે સરસ ઑઇલ પેપર ટ્રેસિંગ કરી લીધાં; જેમાંથી એક પોતે રાખી બીજું મૂળ નકલ સાથે એના માલિકને પાછું સોંપ્યું.

હવે જ એમણે પુરાતત્ત્વનો સાધાર પદ્ધતિસરનો અભ્યાસ આરંભ્યો. જોડાક્ષરને લીધે એમના અભ્યાસમાં ઘણી મુશ્કેલી ઊભી થતી; પણ સતત પરિશ્રમથી એ સઘળી તે નિવારી શક્યા. અને પછી તો એવા તદ્વિદ્ બની ગયા કે પ્રિન્સેપની પણ અનેક ક્ષતિઓ એ સુધારવા લાગ્યા. કર્નલ લૅન્ગ એમની કામગીરી પર હમેશાં ફિદા રહેતા. ભગવાનલાલને તેઓ 'છોટા પુરાવિદ્' (**little antiquarian**) કહેતા ને પાશ્ચાત્ય વિદ્વાનોની છેલ્લામાં છેલ્લી શોધોથી એમને વાકેફ રાખતા.

એ વખતે ભગવાનલાલ સિવાય પુરાતત્ત્વમાં રસ ધરાવનાર બે જ જણ હતા: પંડિત બાલશાસ્ત્રી જાંભેકર અને ડૉ. ભાઉ દાજી. એમાંથી લૅન્ગના ઉત્તરાધિકારી મિ. એ. કે. ફૉર્બ્સની ભલામણથી ડૉ. ભાઉ દાજીનો સંશ્રય એમને મળી ગયો. બાવીશ વર્ષના ભગવાનલાલને એમણે પોતાની પાસે મુંબઈ તેડાવી લઈ એમની કાર્યદિશાને સ્પષ્ટ વેગ આપ્યો. એમના છાયા ને સહકાર વિના એ વેગ કદાચ ઊણો જ રહેત.

અત્યાર સુધી તદ્વિદો સાથેના પત્રવ્યવહાર દ્વારા જ પોતાની રસવૃત્તિને પોષનાર ભગવાનલાલ ડૉ. ભાઉ દાજીના નિમંત્રણને માન આપી, ગિરનારના રુદ્રદામાના તેમજ સ્કંદગુપ્તના શિલાલેખોના પોતાના ઉકેલ તથા ક્ષત્રપોના સાઠ દુષ્પ્રાપ્ય સિક્કાઓ સાથે લઈ, ઇ. ૧૮૬૧માં મુંબઇ ગયા. એ મુંબઈ કેવી રીતે પહોંચ્યા તેની, ભગવાનલાલના પોતાના હાથની નોંધ શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીએ એક સ્થળે ટાંકી છે તે રસિક થઇ પડશે: 'અમદાવાદ સુધી બળદ ગાડીમાં ગયા. અમદાવાદથી વલસાડ નવી જ થએલી રેલગાડીમાં ગયા ને વલસાડથી પગરસ્તે સામાન પોઠીઆ પર ચડાવી ચાલતા ધરમપુર સુધી, અને ત્યાંથી વીસ જણ વચ્ચે ૩ ગાડાં, ૧૩ મજૂર અને ૧ સિપાઈ લઈ નાશિક ગયા અને પાછા ઇગતપુરીથી રેલવેમાં બેસી મુંબાઇ પહોંચ્યા. વઢવાણથી જેઠ વદ બીજે નીકળેલા તે અષાડ શુદ ત્રીજે—સોળ દિવસે મુંબાઇ પહોંચ્યા.'

અહીંથી જ ભગવાનલાલની વાસ્તવિક કારકિર્દીનો પરિચય આપણને થાય છે. એની પુરોગામી જિંદગીની કશી વિગતો આપણને નથી મળતી, નહિતર એમના મનોજીવનમાં પ્રવેશ કરાવવા એ અનેકગણી સહાયભૂત નીવડી શકત.

ડૉ. ભાઉ દાજીએ રૉયલ એશિયાટિક સોસાયટીના

પુરાવિદ્યામાં રસ ધરાવનાર જગતભરના કોઈ પણ ખૂણાના વિદ્વાનને જેમની સામે શિર નમાવતાં નાનમ નહોતી લાગતી

પ્રમુખ મિ. એચ. ન્યૂટન સાથે તેમની ઓળખાણ કરાવી આપી, અને એણે, ભગવાલાલની મદદ વડે મળી શકી એટલી ગિરનારના શિલાલેખોની માહિતી એમના ઋણસ્વીકાર સાથે સોસાએટીના સામયિકમાં છાપી. ડૉ. ભાઉ દાજી પણ એ નાનકડા પંડિતે ફેંકેલા પ્રકાશ પર મોહ પામી, ગિરનારના લેખો પર લેખ લખવા ઉદ્યુક્ત થયા ને પુરોગામીઓના તદ્વિષયક ઉકેલોની ક્ષતિઓ ઉકેલવા એમને પાછા જૂનાગઢ રવાના કર્યા.

જૂનાગઢ આવતાં જ એમના પિતાનું અવસાન થયું. પણ એ ઘા રૂઝવવાનો મલમ ભગવાનલાલ પાસે તૈયાર હતો. પિતાની ઉત્તરક્રિયા પતાવી એ તરત પોતાના કામે લાગી ગયા ને વિગતવાર નોંધ મુંબાઈ મોકલી આપી, જે પરથી ડૉ. ભાઉ દાજીએ એક નિબંધ તૈયાર કરી બૉંબે એશિયાટિક સોસાએટી સમક્ષ વાંચી સંભળાવ્યો અને ભગવાનલાલનાં ભારોભાર વખાણ કર્યાં. આવો દુર્લભ સહકાર અનાયાસે મળી જતાં ડૉ. ભાઉ દાજીએ પુરાતત્ત્વને જ પોતાનુ જીવન સમર્પી દેવાનો નિર્ણય કર્યો ને ભગવાનલાલને મુંબાઈ બોલાવી લીધા. ૧૮૬૨ની ૨૪મી એપ્રિલે બગલાનલાલ હમેશ માટે મુંબાઇ આવી રહ્યા ને થોડો વખત એમની સાથે રહ્યા પછી વાલકેશ્વર પર સ્વતંત્ર નિવાસ કરીને રહ્યા.

ડૉ. ભાઉ દાજી ગ્રાન્ટ મેડિકલ કૉલેજના સૌ પ્રથમ બહાર પડેલા ગ્રૅજ્યુએટોમાંના એક હોઈ, ધીકતા ધંધાવાળા આગળપડતા પ્રૅક્ટીશનર હતા. એમાંથી પરવારતાં એમને માટે બહુ ઓછો સમય ફાજલ રહેતો, છતાં તત્કાલીન સામાજિક, નૈતિક, રાજનૈતિક–તમામ સમુદ્ધારમાં એ પોતાનો એકડો પુરાવતા; એટલું જ નહિ, પણ પોતે વિદ્યાવ્યાસંગી હોઇ, વાઙ્મયવિકાસમાં પણ પાછી એટલી જ દિલચસ્પી દાખવતા. પોતાના રસવિષયો પર પ્રાપ્ય એટલું બધું અંગ્રેજી સાહિત્ય એમણે વસાવેલું. તે તે વિષયો પર જર્મન ને ફ્રેન્ચ જેવી ભાષામાં બહાર પડતા સાહિત્યનાં યે પોતાના માટે તેઓ ભાષાંતરો તૈયાર કરાવી રાખતા. હિંદને મળેલી સર્વતોગામી વિરલ પ્રતિભાઓમાંના તેઓ એક હતા, ને એવા જ એ પ્રવૃત્તિના પ્રાવેશિકોના વિરલ પુરસ્કર્તા હતા.

અને એમણે ભગવાનલાલમાં પોતાની પ્રતિભાની પૂર્તિ જોઇ એ પણ સર્વથા સાર્થ હતું. ઊગતી જુવાનીનાં ક્રિયાપ્રાણ લોહી ને માનસિક તાઝગીથી એ જુવાન તરવરતો હતો. રાત કે દિવસ જોયા વિના ચાહે તેટલું કામ સતત કર્યે જવા જેટલી સહ્યતા એનામાં હતી, અંતરની ઉલટ હતી, ફરજના સદાજાગ્રત ભાન સાથે નિર્વ્યાજ સેવાભાવના હતી.

બૌદ્ધ સંસ્કૃતિના મૂગા ગવાહ સમાં અજંતાનાં ચિત્રો તથા લેખોની નકલો જેમ્સ પ્રિન્સેપ, ડૉ. બર્ડ, લેફ્ટેનન્ટ બ્રેટ વગેરે અનેકોએ કરેલી, પણ તે વાસ્તવિક નહોતી ઊતરી. ડૉ. ભાઉ દાજી પણ ૧૮૬૨ના ફેબ્રુઆરીમાં ત્યાં જઈ આવ્યા, પણ સંપૂર્ણ સફળતા ન મળી. હવે એ કામ એમણે ભગવાનલાલ પર નાખ્યું. મેની ૧૯માએ એમણે મુંબાઇ છોડયું ને દોઢ મહિનો રહી તમામે તમામની સંપૂર્ણ શુદ્ધ નકલો ઉતારી લીધી. એ અંધારી ગુફાઓનો એકે ખૂણો એમણે અણઉકેલ્યો ન રાખ્યો. એકેક અક્ષર પાછળ કલાકોના કલાકો ગુમાવતાં પણ એમનું સ્થૈર્ય સહેજ પણ ન ડગતું. એ વખતની એમની રોજનીશી શ્રી દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી પાસે આજે યે જળવાએલી પડી છે. એમના ત્રેવીશ ઉલ્લેખો પરથી ડૉ. ભાઉ દાજીએ નિબંધ તૈયાર કરી રૉયલ એશિયાટિક સોસાએટીની મુંબાઈની શાખામાં વાંચ્યો, જે પાછળથી એના જર્નલમાં પ્રસિદ્ધ થયો.

ત્યાર પછીના એક વર્ષમાં નાશક, કાર્લી, ભાજા, બેડસા, જુન્નર, પીતલખરા, નાનાઘાટ વગેરેના સ્થાનિક ઉત્કીર્ણ લેખો ઉકેલ્યા બાદ ઈ. ૧૮૬૩માં સર બાર્ટલ ફ્રીઅરના આગ્રહથી ડૉ. ભાઉ દાજીએ એમને અને પાંડુરંગ ગોપાલ પાધ્યેને જેસલમેરના જૈન ભંડારો જોવા તથા ત્યાંના દુર્મિલ મહત્ત્વના ગ્રંથોની નકલો ઉતારી લેવા મોકલ્યા. શિયાળાના દિવસોમાં ત્યાંના બિનાશથી ઓતપ્રોત આગારોમાં કામ કરીકરીને ભગવાનલાલને ટાઇફૉઇડ તથા પાંડુરંગને મૅલૅરિયા લાગુ પડયો. પરંતુ બંને એવા આગ્રહી હતા કે કામનો અંત આણીને જ જંપ્યા.

એવા આપણા એક વિલક્ષણ પુરાતત્ત્વજ્ઞ જેમણે પથરામાંથી ઈતિહાસનું કલેવર સારવી પોતાના સાધનાબળે સંજીવની આપી

એમના એ નિર્વાસન દરમ્યાન ડૉ. ભાઉ દાજીએ વાયવ્ય અને યુક્ત પ્રદેશો તથા બંગાળની મુસાફરી ખેંચી કાઢી. તેમાં શિલ્પસ્થાપત્યના અનેક અવશેષો એમની નજરે ચડયા, જેમનું નવું મૂલ્યાંકન રાહ જોઈ રહ્યું હતું. ભગવાનલાલને કાને એ વાત નાખતાં જ એ આખા હિંદની એ દૃષ્ટિએ મુસાફરી કરી વળવા કટિબદ્ધ થયા. એ વરસમાં હિંદી સ્થાપત્ય પરનું સઘળું સાહિત્ય એ ઉથલાવી ગયા ને પછી કેડ બાંધી ઈ. ૧૮૬૮માં એ નીકળી પડયા.

પહેલાં નાગપુર, જબલપુર વગેરે સ્થળે થઈ તેઓ અલ્લાહાબાદ પહોંચ્યા. મૌર્યસમયથી મુઘલ કાળ સુધીનાં લખાણોથી અલંકૃત ત્યાંના કિલ્લામાં આવેલા સ્તંભના ઉકેલ પાછળ તેઓ પાંચ દિવસ મંડયા, ને એ ઉકેલ આણીને, સમુદ્રગુપ્તના સમકાલીનો પર તેમણે નવો પ્રકાશ ફેંકયો. ત્યાંથી પ્રાચ્યાવશેષો શોધતા તેઓ બનારસ, ભિટ્ટા, મથુરા, દિલ્હી એમ સઘળે રખડયા. મથુરામાંથી બૌદ્ધ અને તેની પહેલાંના કાળના લગભગ ૨૫થી ૩૫ શિલાલેખોની નકલો તથા ત્યાંના બજારમાંથી હાથ લાગ્યા એટલા ઈન્ડો-ગ્રીક તથા કુશન સિક્કા ખરીદી તે મુંબાઇ પાછા ફર્યા.

એ માત્ર શુષ્ક પુરાવેત્તા જ નહોતા. મુસાફરી દરમિયાન પ્રદેશે પ્રદેશના ધાર્મિક સામાજિક રીતરિવાજો, ત્યાંની ભાષા ભૂષા વગેરેનો પણ તે બારીક અભ્યાસ કરતા એટલું જ નહિ પણ દેશી વૈદકના પોતે જ્ઞાતા હોઈ, જુદી જુદી ઔષધિઓનું પ્રાન્તીય નામો સાથે જ્ઞાન પણ મેળવતા. સ્વ. જયકૃષ્ણ ઇંદ્રજીના લખવા મુજબ તેઓ વૈદકનો ધંધો ન કરતા, પણ સ્વભાવે ઘણા જ પરોપકારી ને માયાળુ હોવાથી ગરીબ કે તવંગરોને મફત દવા આપતા.

આ સફર આટલી જલદી સમાપ્ત થએલી જોઈ ડૉ. ભાઉ આશ્ચર્ય પામ્યા. ફંડનો અભાવ એ એ સમાપ્તિનું આદિ કારણ હોવાનું જાણતાં જ એમણે જૂનાગઢના નવાબને સાધ્યા અને ભગવાનલાલને બીજી સફરની સગવડ કરાવી આપી. તેમાં બે વર્ષ માટે માસિક રૂ. ૨૦૦ના પગારે જૂનાગઢ સરકારે તેમનો રોકયા. પોતાની મુસાફરીના જે ત્રિમાસિક રીપોર્ટો તેઓ નવાબ સાહેબ પર લખી મોકલતા તેમાંના કેટલાક સ્વ. પ્રો. હરિલાલ માધવજી ભટ્ટે 'પુરાતત્ત્વ'માં છપાવ્યા છે. આ સહાય ઉપરાંત ઉત્તર હિંદનાં મુખ્ય શહેરોના મૅજિસ્ટ્રેટો પર હિંદી સરકારના અંડર સેક્રેટરી મિ. સી. જે. લાયલના હાથનાં ફરમાનો પણ ડૉ. ભાઉ દાજીએ એમને અપાવેલાં. એ સફરમાં આગ્નેય પ્રદેશો, બલુચિસ્તાન, યુસફઝાઈ વગેરે વાયવ્ય પ્રદેશોથી તે ઠેઠ તિબેટ સુધી તેઓ ઘૂમી વળ્યા અને નેપાળની મુલાકાત લઇ, રાણા જંગબહાદુરે તેમના માટે યોજેલા સ્વાગતોત્સવની લ્હાણ લીધી.

ઈ. સ. ૧૮૭૪ના મે માસમાં આ સફરેથી ભગવાનલાલ પાછા ફર્યા ત્યારે એમના નિગેહબાન ડૉ. ભાઉ દાજી પક્ષાઘાતના જીવલેણ હલ્લાથી પટકાયા હતા. પોતાને હાથે હજારોને જીવનદાન આપનાર એ સંજીવકને જીવનદાન અપાવવાના સર્વ પ્રયાસો નિરર્થક નીવડયા ને એ ગયા. ભગવાનલાલ હતોત્સાહ બની ગયા. ડૉ. ભાઉ દાજી જતાં એમણે પોતાનું સર્વસ્વ ગુમાવ્યું હોય એમ લાગ્યું. નેપાળની દાળ તેમને માફક ન આવતાં પોસ્ટ પાર્સલથી, મૂળ કિંમત કરતાં યે પોસ્ટ ખર્ચના બમણા પૈસા ખર્ચીને એમને ઠેઠ ત્યાં તુવેરની દાળ પહોંચાડનાર એ વત્સલ મહાનુભાવ જેવા શિરચ્છત્ર એમને બીજે કયાં મળવાના હતા? પરંતુ મિત્રોએ એમને સમજાવ્યું કે હવે તો એમનું અધૂરૂં રહેલું કાર્ય આગળ ધપાવવું એ જ એમનું સાચું તર્પણ હતું, ને ભગવાનલાલે પણ એ યથાતથ્ય માની દિલાસો લીધો.

તેર તેર વર્ષના સતત સહવાસ અને દોરવણીને અંગે ડૉ. ભાઉ દાજીએ ભગવાનલાલની પ્રતિભા પૂર્ણતઃ પુષ્ટ કરી હોઈ એમને જાતે આગળ ધપવામાં કશો અંતરાય નડે એમ ન હતો. એમને અંગ્રેજી નહોતું આવડતું તો ડૉ. બુહલર જેવા જર્મન વિદ્વાન તેમના ગુજરાતીનો અંગ્રેજી તરજૂમો કરી આપવા તૈયાર હતા. તેઓ ભગવાનલાલ પર એટલું મમત્વ ધરાવતા કે તેમની સાથે ગુજરાતીમાં પત્રવ્યવહાર પણ કરતા. ડૉ. કૉડિંન્ગટન, ડૉ. બર્જેસ, ડૉ. પીટર્સન કે ડૉ. કુન્હા જેવા

કોઈ પુરાવિદ્ ભગવાનલાલના મિત્રવર્ગની બહાર ન હતો. એમનાં વિદ્વત્તા ને વિવેકબુદ્ધિ પ્રત્યે સૌને આદર હતો. 'આર્કીઑલૉજીકલ સર્વે ઑવ ઇંડીઆ'માંના બર્જેસ અને ફ્લીટનાં લખાણો મોટે ભાગે ભગવાનલાલનાં ઋણી છે. 'બૉમ્બે ગૅઝેટીઅર'ના સંપાદક જેમ્સ કૅમ્પબેલને યે એમની ઓછી સહાય લેવી નહોતી પડી.

યુરોપના અનેક વિદ્વાનોએ પોતાનાપરના ભગવાનલાલના ઋણનો હસતે મુખે એકરાર કર્યો છે. આપણા વચ્ચે હજુ યે હયાત રહેલી વિચક્ષણ પ્રતિભા–શ્રી બ. ક. ઠાકોરે એમની વિલક્ષણતા સંક્ષેપમાં પણ સર્વાંશે સમજાવી દીધી છે કે: 'ઇતિહાસની ઇમારત ચણી શકાય તે માટે જમીન સાફ કરવાની, પાયો પૂરવાની, ઇંટો પાડવાની અને બીજાં સાહિત્ય ખપમાં લઈ શકાય એવા રૂપમાં તૈયાર કરવાની આવી અને આને મળતી સિક્કાશાસ્ત્ર, ઇમારતશાસ્ત્ર, મૂર્તિશાસ્ત્ર, ઉપકરશાસ્ત્ર, આદિ અનેકાનેક વિદ્યાઓ છે, તેમાંની ઘણીખરીમાં હિંદના પ્રાચીન કાળને લગતું જેટલું કાર્ય, જેટલી શાસ્ત્રીયતા અને સર્ગશક્તિથી ભગવાનલાલે કરી આપ્યું છે અને જેટલા મહત્ત્વના નિર્ણયો એમણે સ્થાપી આપીને સર્વમાન્ય બનાવ્યા છે તેટલા એમના સમયના કે એમના પછીના આ વિદ્યાઓને લગતા કોઈ પણ વિદ્વાનોએ કરેલા નથી.'

અને ભગવાનલાલના સમકાલીન એક વિદ્વાને તો લખ્યું છે કે, 'તેઓ એક હિન્દુ જેવા નમ્ર અને મળતાવડા, એક જર્મન જેવા દૃઢ, ધીરજવાન, શ્રમશીલ ને શોધક એક અંગ્રેજ જેવા ચકોર, પ્રવૃત્તિમાન ને સ્વતંત્ર વિચારક તથા એક તીર્થંકર જેવા ગંભીર હતા.'

ચરક, સુશ્રુત, આર્યભટ્ટ, વરાહમિહિર વગેરે પ્રાચીન તેજસ્વી બ્રાહ્મણોની શોધક બુદ્ધિ ધરાવતા એ સાદા બ્રાહ્મણની રહેણી કરણીનો ચિતાર શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી આપે છે કે 'એમણે પોતાની સાદી રહેણીકરણી છેવટ સુધી યુરોપિયન મિત્રોનો ઘણો પરિચય થયા પછી પણ જાળવી રાખી હતી. તેઓ પાઘડી એ વખતના બીજા પ્રશ્નોરા જેવી, એમના ફોટોગ્રાફમાં દેખાય છે તેવી બાંધતા; ઝીણી કસોવાળું પાસાબંધી અંગરખું અને ધોતી–પછેડી એવો જૂનો પોશાક જ એમણે રાખ્યો હતો . . . મેળાવડાઓમાં જાય ત્યારે મોજાં પહેરતા. બાર મહિનામાં નૃસિંહ જયંતીનું વ્રત કરતા . . . ભગવાનલાલભાઈ પોતાની જ્ઞાતિની બહાર કોઈનું ખાતા નહિ એ કહેવાની ભાગ્યે જ જરૂર છે.'

અનેક માનઅકરામો સાથે આ પ્રચંડ વિદ્વાને ઈ. ૧૮૮૮માં પોતાની જીવનલીલા સમેટી. રૉયલ એશિયાટિક સોસાએટીની મુંબઈ શાખાએ ૧૮૭૭માં એમને માનદ સભ્ય બનાવેલા. ઈ. ૧૮૮૨માં એ મુંબઈ યુનિવર્સિટીના ફેલો નિમાએલા. હેગની રૉયલ ઇન્સ્ટીટ્યૂટે ૧૮૮૩માં તેમને પોતાના 'ફોરઇન મેમ્બર' બનાવ્યા પછી બીજે જ વર્ષે લંડન યુનિવર્સિટીએ એમને ડૉક્ટર ઑવ લિટરેચરની ઉપાધિ આપેલી, જેની સાથોસાથ બ્રિટિશ રૉયલ એશિયાટિક સોસાએટીએ પણ તેમને આજીવન સભ્યપદથી નવાજેલા.

પરંતુ ભગવાનલાલના યશસ્વી જીવનકાર્યની એકીકૃત પિછાન પણ ગુજરાતને કરાવનારો કોઈ નીકળ્યો નથી. સ્વ. જયકૃષ્ણ ઇંદ્રજી જીવતેજીવત બધે એમનો જશ ગાતા, પણ એમની પાસેથી મેળવેલા વનસ્પતિશાસ્ત્રના જ્ઞાનવારસાને સ્થૂલ રૂપ આપી એ યે સિધાવી ગયા. એ બંને ગુરુ શિષ્યનું—ભગવાનલાલ ઇંદ્રજીનું ને જયકૃષ્ણ ઇંદ્રજીનું ઋણ ગુજરાત પર હજુ ઊભું છે. ગુજરાતનાં સંતાનો એ અદા કરવાની સત્વ તાકાત કેળવો.

અશોક હર્ષ

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

હરીફાઇનું ધોરણ જાળવી શકે એવા ઉમેદવારો હમણાં ઓછા આગળ આવે છે. એ જ કારણે આ મહિને પણ ઈનામો મોકૂફ રાખવાં પડ્યાં છે. શ્રી મણિભાઇ મિસ્ત્રી સારું કામ કરનારા પૈકીના એક હોવા છતાં તેમનું આ વખતનું ચિત્ર માત્ર ઉત્તેજનપાત્ર ઠરે છે. એ ચિત્રમાં જોઇએ તેવી પર્સ્પેક્ટિવની અસર ઊઠી નથી. ચિત્રરચના માટે જોઇતી યુક્તિઓ અને છાયાનિરૂપણનો તેમણે વિચાર કરવો જોઇએ. ભાઇ શાહના 'વૃદ્ધાવસ્થા'નું પાત્ર ઠીક છે, પરંતુ નામને અનુરૂપ પાત્રના ચહેરા પર ભાવ નથી. વળી માથા ઉપરનું ધોળું કપડું સંયોજનને નબળું બનાવે છે. ચિત્રની ધારે સફેદ વસ્તુ આવતી અટકાવો. બને ત્યાં સુધી ઘેરા રંગની ચીજો આવે તેવી રીતની યોજના કરો. બુટ્ટીને ઉઘાડે માથે અગર રંગીન કપડા સાથે લીધી હોત તો વધારે સારું ચિત્ર બનત. પાત્રની નજર કૅમેરા સામે ન જોઇએ. આ બંને ચિત્રો મુખચિત્રની પાછળ છાપ્યાં છે. અમારી પાસે બીજા પણ ઘણા પ્રિન્ટ આવ્યા છે, પણ ચિત્ર માટે વિચાર અને યોજનાનો સાવ અભાવ જણાવાથી અમે તેમને અગાઉની ચર્ચાઓ પર ધ્યાન આપવા સૂચના કરીએ છીએ.

બલવન્ત ભટ્ટ

Our Friends Abroad

જગતના વિવિધ દેશોનાં તરુણ મિત્રો જોડે પત્રવ્યવહાર સાધવાની માહિતી આપતો વિભાગ

યુદ્ધના કારણે જગતના પત્રવ્યવહારમાં મોટી ડખલ ઊભી થઈ છે. ઘણા દેશોમાં પત્રો જઇ શકતા જ નથી. ઘણા પત્રો હિંદ બહાર પણ જઇ શકતા નથી, અથવા મોકલવાની અનુમતિ મળી હોય તેવા પત્રો જ જઈ શકે છે. પરદેશથી આવેલા પત્રો પણ સાવચેતી ખાતર સેન્સર ખાતું ફોડીને મોકલે છે. આ અંતરાયો અને વિધિને લીધે શાંતિ અને સુલેહનો પત્રવ્યવહાર પણ થંભાઈ ગયો છે; એટલે કોઈના પત્રો મિત્રોને પહોંચ્યા પણ ન હોય અથવા તેમના પત્રો ક્યાંક અટક્યા હોય કે ગુમ થયા હોય એવા ઘણા સંભવ છે. આ બધું છતાં કોઈ કોઈ પત્રો અમને મળતા રહેશે તે ચાલુ આપ્યા કરીશું.

Clarence Henkel

Box 233 COLBY (Wis.) U.S.A.

Open Road For Boysના પાછલા અંકોમાંથી સરનામું મેળવી કુમારને પોતાનું નામ મોકલે છે. રશિયન અને જર્મન માતપિતાનો પુત્ર. વર્ષ ૧૫. તેને પરદેશી ભાષાઓ શીખવાનું, તરવાનું, સિક્કા ભેગા કરવાનું, ભૂતકાળના અવશેષો મેળવવાનું અને વ્યાયામી પ્રવૃત્તિઓ કરવાનું ગમે છે. સ્કાઉટિંગમાં રસ છે. મોટા થઇને પુરાતત્ત્વવિદ્ (Archeologist) થવાની અભિલાષા સેવે છે. કોઇ સમવયસ્ક જોડે પત્રવ્યવહાર બાંધશે.

Karl Gunnar Knutsson

Last makaregaten 27-b STOCKHOLM-1 (SUEDE)

સ્વીડનમાંથી આ મિત્રે પ્રથમ પત્ર લખેલો તે પ્રકટ થયો છે. તેણે જ જવાબરૂપે આ બીજો પત્ર મોકલ્યો તે ખૂબ અથડાતો તપાસાતો પહોંચ્યો છે:


'અહો ઉત્તમોત્તમ મિત્ર: તમે મારી સાથે પત્રવ્યવહાર ચાલુ કરી મને બહુ ઉપકૃત કર્યો છે. હું મારા પક્ષે એક સાચા મિત્ર તરીકે સર્વ કંઇ બનતું કરીશ. 'કુમાર'માં મારું નામ છાપીને જે હેત દર્શાવ્યું તેથી વિશેષ આભારી બન્યો છું. એને અનુસરીને ઘણાએ મારા પર પત્રો લખ્યા છે અને તે બધામાંથી નવા મિત્રો શોધવા સર્વ કંઈ કરીશ. હવે મારા પત્રવ્યવહાર વિષે હું કંઈક લખું. પ્રથમ તો જગતવ્યાપી પત્રવ્યવહાર મેં કેમ ઉપાડ્યો તે વિષે કહું. અહીં સ્ટૉકહોમમાં ૧૯૩૩માં એક સ્કૉટિશ તરુણ આવ્યો. તેની પાસે મેં નવ મહિના અંગ્રેજી ઘૂંટ્યું. વાતચિતથી શરૂઆત કરી. મને બોલતાં બહુ તકલિફ જણાતી. તમે સમજ્યા હશો કે મારી માતૃભાષા અંગ્રેજી નથી. પણ એ નવ માસમાં મને જણાયું કે બોલતાં જલદી શીખાય એવી એ છે. અમે બેઉ ખરા દોસ્ત બની ગયા. એ જ વખતમાં તેને સ્કૉટલાંડ જવું પડ્યું, પણ થોડાંક અઠવાડિયાં બાદ મારા આશ્ચર્ય વચ્ચે તેનો પત્ર આવ્યો અને ત્યાંથી જ મેં પરદેશનો પત્રવ્યવહાર શરૂ કર્યો. એમાં મને બહુ આનંદ મળવા લાગ્યો અને મેં એક લેખ લખી લંડનના એક સ્કાઉટપત્રમાં મોકલ્યો. સ્કાઉટ કુમારો આખી દુનિયા ઉપર છે. મારા એ લેખથી મને તેમાંથી ઘણા મિત્રો મળ્યા અને તેમની સાંકળ બંધાતી બીજા દેશોના મિત્રો સુધી પહોંચી. આજે એશિયાનીઆ, ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા સુધી તે ગઇ છે. એ ઉપરાંત ૧૯૩૯થી મેં હસ્તાક્ષરોનો સંગ્રહ આદર્યો છે, અને સ્વીડનના તરુણોમાં મારો સંગ્રહ સૌથી મોટો છે. તમને પણ આશ્ચર્ય થશે કે મારા સંગ્રહમાં રવીન્દ્રનાથ ટાગોર અને ચંદ્રશેખર વ્યંકટ રામનના હસ્તાક્ષરો પણ છે. મેં તેમને પત્રો લખ્યા અને મારા કાર્ડ ઉપર સહી કરી તેમણે પાછાં મોકલી આપવા કૃપા બતાવી. મેં મહાત્મા ગાંધીને એક પત્ર લખ્યો, પણ તેમના સેક્રેટરીએ લખ્યું કે તમને એમના હસ્તાક્ષરો નહિ મળી શકે. હું તેમને મોટા રાજનીતિજ્ઞ પુરુષ ગણું છું અને મને તેમના હસ્તાક્ષરો મળ્યા હોત તો કેટલો આનંદ માનત! તમારા સંબંધના કોઈ હસ્તાક્ષરસંગ્રાહકની પિછાન કરાવો તો સારું.

સ્વીડન વિષે હું ઘણું લખી શકું એમ છું. પણ તમને શામાં રસ પડશે તે જણાવો તો હું તે વિષે ખરી હકીકતો લખીશ. મેં તમને જુદા કવરમાં સ્વીડનનાં કેટલાંક કાર્ડ મોકલ્યાં છે. હિંદનાં દશ્યો મળશે તો હું પણ ખુશ થઈશ.

આ પત્ર પૂરો કરતાં હું એવી આશા રાખું છું કે આપણે સાચા મિત્રો બની રહીએ અને બીજી ખરી ખાહેશ એ છે કે સત્વર યુદ્ધશાંતિ થાઓ,

મધ્ય રાત્રિના સૂર્યવાળી ભૂમિમાંનો તમારો મિત્ર
કાર્લ ગન્નાર નુસ્સન

માણસનું મૂલ્ય તેની મહત્ત્વાકાંક્ષા પર અંકાવું જોઇએ; નહિ કે તેણે મેળવેલી સિદ્ધિ પર.
પોતાના સંયોગોને વખોડનાર મૂરખ હોય જ, કારણ સંયોગો હમેશાં બહેરા હોય છે.
માણસનો પરાજય જોવા કરતાં પરાજયનો પ્રકાર જોવાથી આપણા પૂર્વગ્રહો નાશ પામે છે.



જીવનનું પરોઢ

ભાગ ત્રીજો

પ્રકરણ · સાતમું

મર્હૂમ હુસેનભાઇ·બાનૂ શેખમહેતાબ·બાપુજીને પત્ર

મહાત્મા ગાંધીજીના લોકોત્તર વ્યક્તિજીવનના ઘડતરમાં સવિશેષ ફાળો આપનાર દક્ષિણ આફ્રિકા. ત્યાંના ફીનિક્સ આશ્રમની સ્થાપના તે એ ઘડતરનો મંગળ પ્રારંભ. ગાંધીજીના જ કુટુંબના એક અંતેવાસી બાળકને હાથે લખાતી આ લેખમાળાનો ઉદ્દેશ એ કાળના વાતાવરણનો ઘરગથ્થુ પરિચય આપવાનો છે. અનિવાર્ય એવી કેટલીક હકીકતો અંગત નછૂટકે આવવા દઇને, જે અનેરા રંગોમાં પોતાના જીવનનું પરોઢ વીત્યું તેની, લેખકે એ કાળની બાળપણની નજરે આપેલી આ પરિચયમાળામાં, ગાંધીજીના ખડતલ તપસ્વીજીવન, પુણ્યશ્લોક ચારિત્ર્ય ને સત્યાગ્રહના ઉગમ કાળની કથાનું આલેખન મુખ્ય ભાગ ભજવે છે. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની છેલ્લી ઉજ્જવલ લડતનો પ્રારંભ થયો છે અને બાપુજી જેલ ગયા છે, એ ગયા વર્ષના છેલ્લા અંકમાં છેલ્લું પ્રકરણ હતું. આ હપતાથી એ હકીકત હવે આગળ ચાલે છે. પણ જગતનાં ઐતિહાસિક ઇતિહાસની એ આખી કથાનું તત્ત્વ એટલું સર્વજ્ઞાત છે, અને આ પરિચયમાળા એવા ઘરગથ્થુ રસથી ભરેલી છે કે નવા વાંચનારને એમાં કશું ખંડિત કે ઊણું નહિ લાગે.

મારિત્સબર્ગમાં બાપુજી હડતાલિયાઓ વચ્ચે ઘેરાયા એ જ અરસામાં—કંઇક પહેલાં—ડરબનમાં વીર યુવક હુસેનભાઇનું અકાલ અવસાન થયું. એમના મૃત્યુ પાછળ બાપુજીએ 'ઇંડિયન ઓપિનિયન'માં હૃદય રડાવી મૂકનારો લેખ લખ્યો. હુસેનભાઇની છબી પણ 'ઇંડિયન ઓપિનિયન' માટે છપાઇ. એ છબીની એક એક પ્રત વાળેલા છાપા વચ્ચે મૂકવાનું કામ મારે ભાગે આવેલું. હુસેનભાઇનું મોત મોત ન હતું; એ ખરેખર એમનું નવું જીવન હતું. જેલમાં ગએલા અને ન ગએલા સૌને માટે હુસેનભાઈ એક પ્રેરક શક્તિ બની ગયા હતા.

ડરબનના નામીચા શેઠ દાઉદ શેઠના એ સુપુત્ર. દાઉદ શેઠ, ઉમર શેઠ, રૂસ્તમ શેઠ વગેરે સાથેના ફીનિક્સવાસીઓના ગાઢા સંબંધ બાબત આ પહેલાં કહેવાઇ ગયું છે. પારસી રૂસ્તમજી શેઠથી દાઉદ શેઠનો મોભો એ તસુ વધતો જ ગણાય. રૂસ્તમજી કાકાનો ધમધમાટ નાનામોટા સૌને કંપાવી મૂકતો. દાઉદ શેઠનું તેજ શાંત અને પ્રસન્ન કરનારૂં હતું, એમની હૂંફ આકર્ષક હતી. તેઓ મુસલમાનોના જેટલા સરતાજ હતા તેટલા જ હિંદીમાત્રના દોહ્યલા સલાહકાર હતા. નાતાલમાં હિંદીઓની સૌ પહેલી દુકાન દાઉદ શેઠની લેખાય છે. બાપુજીને એમને માટે બહુ ઊંચો અભિપ્રાય હતો. દાઉદ શેઠ ભણ્યામાં મુશ્કેલીથી ખપતા, છતાં મોટામોટા ગોરાઓની પેઢીઓ ને બૅંકોમાં ઝપાટાભેર ફરી વળી કામ આટોપી લેતા ને અમીરની જેમ રહેતા. એમની શક્તિ એવી ગણાતી કે જો તેઓ ગોરી ચામડીના હોત તો નાતાલનું પ્રધાનપદું ભોગવી શકત. એમના જેવાના કુલદીપકનું બુઝાઇ જવું એ આખી હિંદી કોમ પોતાની અંગત ખોડ સમું અનુભવે એ કુદરતી હતું.

મને પોતાને હુસેનભાઇનો પરિચય એક જ વારનો; પણ એ એક વારમાં તો મારી સાથે એમણે સારી દોસ્તી કેળવી હતી. એ આવ્યા તે દિવસે બહુ આકરી ગરમી હતી. હુસેનભાઈ પરસેવે નાહી રહ્યા હતા અને



હુસેનભાઈ



ન્યૂકૅસલની કોયલાની ખાણોના મજૂરોને હડતાલે ચડાવનારી વીરાંગનાઓ

દર મિનિટે ખિસામાંથી ફાંકડો રેશમી રૂમાલ કાઢી ચહેરા અને મોંપરનો પરસેવો લૂછ્યા કરતા હતા. ક્યારેક ક્યારેક વળી બીજા ખિસામાંથી સહેજ નાનો રૂમાલ કાઢી એ વડે ચહેરો ને હાથ વગેરે સુગંધિત કરતા હતા. એમણે એક લાંબો ચકચકતો ધોળો રેશમી કોટ, ગુંછળાંવાળી મુસલમાની કાળી ટોપી, એવો જ દીપી ઊઠનારો પાટલૂન, નીચે રેશમી મોજાં અને એ આખા વેશને અનુરૂપ એવાં બૂટ પહેર્યાં હતાં. આવો બધો એમનો ઠાઠ છતાં અને સોનાની ઘડિયાળ તથા સોનાનાં બટન છતાં તેઓ મારી સાથે ગેલ કરતા હતા, જેને બાપો ધારી કોઇ બોલાવતું નહિ એને જ એ ઘણી વાતો પૂછતા હતા તેથી મને ભારે કૌતુક થયું. મેં ઉત્તમ સુશોભિત પોષાક પહેલાં જોએલા ખરા, પણ આ હુસેનભાઇનો વેશ મને બહુ અવનવો લાગ્યો. પોષાક આટલો બધો સરસ હોઈ શકે એ મારી કલ્પનામાં ન હતું. એ ભભકાથી હું અંજાયો અને મનમાં થયું 'મને પણ એવાં કપડાં મળે તો કેવી મજા પડે!' એટલામાં એક કૌતુક મારી આંખે પડ્યું. હુસેનભાઇએ ફરતાં ફરતાં એમના લાંબા કોટના ખિસામાંથી બે-ત્રણ પાતળા કાગળ કાઢ્યા અને એ વડે મોઢું લૂછી એ કાગળ ફેંકી દીધા. મેં પૂછ્યું 'હુસેનભાઈ, એ શું હતું?' એમણે જવાબ આપ્યો: 'એ પારીસ પેપર છે. એ એવી ખાસ બનાવટના આવે છે કે એથી મોઢું લૂછી લઇએ એટલે ચહેરો ચળકવા લાગે!' આ વાત સાંભળીને હું વિમાસણમાં પડી ગયો કે આ તે પોષાક કેવો કે એમાં મોઢું પણ દવાવાળા કાગળથી બૂટ-પૉલિશની જેમ ચળકાવવું પડે!'

હુસેનભાઈને ઘેરથી પ્રેસમાં પહોંચાડી હું પાછો ઘેર આવ્યો ત્યાં એકાએક વાદળાં ચડી આવ્યાં ને કરા પડ્યા. થાળીમાં સારીપેઠે કરા ઝીલી મેં ખાધા ને બીજાઓને આપ્યા. કરા પડતાં અટક્યા ને હું ફરી પ્રેસમાં હુસેનભાઈની ગમ્મત જોવા પહોંચ્યો. ત્યાં ખબર પડી કે તેઓ સીધા સ્ટેશને ચાલ્યા ગયા છે. એ જાણી મને દિલગીરી ઉપજી કે હું એમની સોબતમાં ઝાઝું ન રહી શક્યો. તેમના ઉપરના ભભકાએ મને નવાઈ પમાડેલી, પણ એમના દિલની મિઠાશ, ઉમરે મોટા છતાં નમનતાભર્યો વર્તાવ અને હોશિયારી મારા મનમાં ઊંડે ઉતરી ગયાં હતાં. મારી આંખ સામે તેઓ સરસ યુવકનો એક આદર્શ મૂકતા ગયા હતા.

ત્યાર બાદ હુસેનભાઇના મૃત્યુ સમાચાર જ મને મળ્યા. એમની છબી છાપાં વચ્ચે મૂકતાં મૂકતાં મારા મનમાં અનેક ભાવો ઉભરાવા લાગ્યા. તેમાં યે જ્યારે બાપુના લેખમાં વાંચ્યું કે હુસેનભાઈ મરણની ઘડીએ એમની પાસે રડી પડ્યા અને બોલ્યા કે 'મારાથી જેલ ન જવાયું. મારાથી લડતમાં કંઈ ભાગ ન લેવાયો. કોમી બંધુઓ જેલમાં દુ:ખ વેઠે અને હું ઘેર પલંગ



બાનૂ શેખ મહેતાબ

પર પડ્યો છું.' ત્યારે મને એમના ભભકાભર્યા વેશ માટે મનમાં કરેલા ટીખળ સારૂ પસ્તાવો થયો. ક્ષય જેવા કારમા રોગથી એમનું અકાળ મરણ ન થયું હોત તો હુસેનભાઈ અમ ફીનિક્સવાસીઓમાંના એક બન્યા હોત અને બાપુને એક મુસલમાન પુત્ર સાંપડ્યો હોત. પરંતુ ઈશ્વરે તેમની સ્મૃતિ દ્વારા જ મારા જેવા અનેક યુવકોને હિંદુ–મુસ્લિમ ઐક્ય અને રાષ્ટ્રસેવાના પાઠ આપવાનું ઉચિત ધાર્યું હશે.

એક કે બે બુધવાર વધુ વીત્યા ને મારે ભાગે એક નવી છબી ગોઠવવાનું આવ્યું. ન્યૂ કૅસલની કોયલાની ખાણોમાંના મજૂરોને હડતાળે ચડાવનારી અગિયાર વીરાંગનાઓની એ છબી હતી. પંડિત ભવાની દયાલનાં ધર્મપત્ની સિવાય એમાંનાં કોઈને મેં જોએલાં ન હતાં. શ્રીમતી ભવાની દયાલ સાવ માંદલાં જેવાં ફીનિક્સમાં થોડાં અઠવાડિયાં રહેલાં. મોટે ભાગે તેઓ મૂંગાં જ રહેતાં, અને જ્યારે બોલતાં ત્યારે પાસે ઉભેલાંને માંડ સંભળાય એટલું ધીમું અને નિસ્તેજ બોલતાં. એવાં ખાટલાવશ જેવાં બહેનને જેલ જનારાંઓની ટોળીમાં જોઈ મને બહુ નવાઈ લાગી. એમનાથી જેલ કેમ વેઠી જશે એ મને સમજાતું ન હતું. મને થયું કે આવાં માંડ ચાર ડગલાં ચાલી શકે એવાં બાઈ જેલમાં જઈ શકે તો પછી સોળ વરસથી નાની ઉમરના અમે ચપળ છોકરાઓ કેમ જેલ સારૂ નકામા ગણાતા હોઇશું? એ ટોળીમાં શ્રીમતી નાયડૂ સિંહણ જેવાં શૂરાં પંકાઇ ગએલાં. શ્રીમતી પિલ્લે, શ્રીમતી પી. કે. નાયડૂ અને બીજાં તામિલ બહેનો તો ભલભલા મરદનાં માન મુકાવે એવાં હતાં. હજારોની મેદની સામે તેઓ પોતાની તામિલમાં ભાષણો લલકારતી ત્યારે સાંભળનારાં મંત્રમુગ્ધ બની જતાં. ઊંચે સાદે એકધારો એમનો વાક્પ્રવાહ ચાલતો, અને કાખમાં બાળકોને તેડી દસપંદર માઇલનો પંથ કાપી નાખવો એ એમને મન રમતવાત હતી, એવીએવી એમની પ્રશંસાઓ સંભળાતી; અને મિસિસ થંબી નાયડૂ જેવાંની સરદારી નીચે શ્રીમતી ભવાની દયાલ સમાં કાચાંપોચાંને આંચ આવે એમ ન હતું એવી ચર્ચા હતી. સત્યાગ્રહના ઇતિહાસમાં સ્ત્રી સત્યાગ્રહીઓનો આ પહેલો જથ્થો સદા સ્મરણીય રહેવાનો. આ ટોળી પહેલાં પૂજ્ય બા અને ફીનિક્સની ટોળી જેલમાં જઈ પહોંચેલી, પણ ભારે દોડાદોડ કરીને તથા અબોધ મજૂરોને જાગૃત કરીને તેમજ દક્ષિણ આફ્રિકાની સરકારને હંફાવીને જેલ સિધાવનારી તો આ જ પહેલી ટોળી હતી, એટલું જ નહિ પણ આ બહેનોની જેલજાત્રા આખા હિંદુસ્તાનને હચમચાવી મૂકનાર નીવડી.

વળી એક બુધવારે બાનૂ શેખ મહેતાબ અને તેમની પુત્રીઓનો ફોટો અમારે ત્યાં છપાયો. પડદો છોડીને મુસલમાન બહેનો જેલ જવા નીકળી પડી એ દક્ષિણ આફ્રિકાની હિંદી કોમે હરખભેર વધાવી લીધું. ફીનિક્સમાં કાનોકાન વાત આવી કે વયોવૃદ્ધ બાનુને જેલ જતાં રોકવા માટે લાગતાવળગતાએ બહુ સમજાવેલાં, પણ તેઓ માન્યાં જ નહિ. જો પૂજ્ય બા જેલ જઈ શકે તો પોતે કેમ નહિ, એ તેમની દલીલ હતી. તામિલ બહેનોએ તો ખેતર ખૂંદેલાં અને મજૂરી પણ કરેલી; પરંતુ બાનૂ શેખ મહેતાબ—હું ભૂલતો ન હોઉં તો સૂરતનાં—જેવાં સુકોમળ સ્ત્રીનું જેલ જવું એ નાતાલના ગુજરાતીઓને સવિશેષ ખળભળાવી મૂકનારૂં હતું. એમની એ છબી ભક્તિભીને અંતરે જોઈ જોઈ ને મુસલમાનોની બહાદુરી વિષે મારા મનમાં ઊંડી છાપ પડતી જતી હતી. હિંદુ અને મુસલમાન કોઈ જુદીજુદી જમાતના લોકો છે એવું સ્વપ્ને યે ભાન ન આવે એવો સોહામણો એ જમાનો હતો. હુસેનભાઈ અને બાનૂ શેખ મહેતાબ એ બંને કોમોને જોડનારાં અમોઘ સીલ બની ગયાં હતાં.

જે મુજબ બુધવાર મારે સારૂ નવીનવી વાતો લઇને આવતો, એ જ રીતે એ દિવસોમાં શનિવાર પણ અમારે સારૂ મહત્ત્વનો હતો. દર શનિવારે મારે અને

દેવદાસકાકાએ બાપુજીને પત્ર લખવાનો દિવસ હતો. અમારાં ભણતર તથા અમારાં કામનો હિસાબ દર અઠવાડીએ અમારે એમને મોકલવો એવી આજ્ઞા બાપુજી ફીનિક્સ છોડતી વખતે કરી ગયેલા. એ કાગળોમાં અમે શું લખતા અને બાપુજીના જવાબ શા મળતા અથવા મળતા કે નહિ તે અત્યારે સ્મરણમાં નથી રહ્યું, પણ જિંદગીમાં બાપુજીને પહેલવહેલો પત્ર લખવાનો વસમો અનુભવ યાદ રહી ગયો છે.

બપોરે છાપખાનાનું કામ પતાવી, અમે કાગળ લખવા એ જ મેજ પર બેઠા, જેના પર બાપુજી 'ઇંડિયન ઓપિનિયન'નાં લખાણો લખતા. ઊંચામાં ઊંચી જાતના કાગળ, ખૂબસૂરત કલમ અને ખડિયો લઈ લખવા તો બેઠો, પણ ગોટાળામાં પડ્યો કે બાપુજીને મથાળું શું લખવું. કાગળ ક્યાંથી શરૂ કરવો? કયા ખબર સૌથી પહેલા આપવા? કંઇ સાફ સૂઝે નહિ. પાંચ મિનિટ–દસ મિનિટ નહિ, પણ અરધોક કલાક સુધી હાથમાં ઝાલેલી કલમ અક્ષરે ય ન પાડી શકી. અનેક વસ્તુ લખવા જેવી સૂઝે, પણ એની ગોઠવણી થઈ ન શકે. મારા પિતાશ્રી જેલ ગયા તે પહેલાં વારેવારે તેઓ મારી પાસે રાજકોટ પિતામહને પત્ર લખાવતા. એક વાર બીબાં ગોઠવી છાપીને પણ મેં પત્ર મોકલેલો. પણ એ બાપુજીની જેમ આ બાપુજીને પત્ર લખવો એ ઉચિત ન લાગ્યું.

પહેલાં થયું કે 'મુરબ્બી બાપુજી' લખું? પણ મુરબ્બી તો ઘરનાં બધાં યે મોટેરાંને લખાય. આ બાપુજી તો એનાથી યે મોટા છે. એમને કંઇક વધારે લખવું જોઇએ. પછી થયું કે એકલું 'બાપુજી' લખું? પણ તે તોછડું લાગ્યું. ત્યારે શું? 'વહાલા બાપુજી' લખું? ના; એમ તો દોસ્તદારને લખાય; બાપુજી કંઈ દોસ્તદાર કહેવાય? એ તો પિતાથી યે મોટા! ત્યારે શું 'પિતાજી બાપુજી' લખું? એ લખતું રૂચ્યું નહિ. અરધોક કલાક આમ વિમાસણમાં ગાળ્યો ને કંઇ ઠરાવી ન શક્યો, ત્યારે મનમાં થયું કે દેવદાસકાકાએ શું લખ્યું છે એ તો જોઉં? પાસેની ખુરશી પર બેઠાબેઠા તે કાગળ લખતા હતા. મેં પોતાની જગ્યાએથી ઊંચા થઇને જોયું તો તેમણે સુંદર અક્ષરે લખ્યું હતું 'પૂજ્ય શિરછત્ર પિતાશ્રીની પવિત્ર સેવામાં.' મને એ બહુ ભારેખમ મથાળું લાગ્યું. એક તો એ ન સમજાયું કે શિરછત્ર ને પવિત્ર એ બધું લપ શા માટે? એવું ચાલુ મથાળું લેવામાં યે મને નાનમ લાગી. એટલે મારે ફરીથી મથાળાની શોધમાં ભટકવું પડ્યું. દેવદાસકાકા ચાલ્યા ગયા પછી ઘણી વારે મારાથી બાપુજીને કાગળ લખવાનું શરૂ કરી શકાયું. શરૂ થયા પછી એ પૂરો થતાં વાર ન લાગી. આજે મને યાદ નથી કે છેવટે મેં બાપુજીને કેવી રીતે સંબોધ્યા હતા. પણ એ સંબોધન શોધવામાં જે ભાંજગડ ચાલેલી એ પૂરી યાદ છે.

બાપુજી હજારો માણસોને લઇ કૂચ કરતા ટ્રાન્સવાલ ઊપડ્યા. પકડાયા ત્યાં સુધી મગનકાકા ઉપર તેમના કાગળો આવતા. જેલમાં પહોંચ્યા પછી તેમના એ કાગળો, સંદેશા વગેરે બધું બંધ થયું. એ પત્રો કેવા હતા તે જાણવાનું સાધન આજે મારી પાસે નથી. અમને જુદા નાના કાગળો લખવાનો વખત તેમની પાસે ન હતો, અને મગનકાકાએ પત્રસંગ્રહ રાખ્યાનું મારી જાણમાં નથી.

લાંબા જીવનના ટૂંકા નિયમો

બને તેટલો વધુ વખત ખુલ્લી હવામાં રહો.
રોજ સવારે ઠંડા પાણીએ સ્નાન કરો.
બિલકુલ અંધારામાં, અને બારીબારણાં ખુલ્લાં રાખીને, વધુમાં વધુ સાડા સાત કલાક ને ઓછામાં ઓછી છ કલાક ઊંઘ લો.
અઠવાડિયે એક દિવસ પૂર્ણ માનસિક આરામ લો.
ચિત્તને ઉત્તેજનારી લાગણીઓ અને વસ્તુઓનો ત્યાગ કરો.
કામમાં મંદતા જેટલી જ અતિ ત્વરા ત્યાજ્ય ગણો.
વધુપડતી વાતચીત પાછળ શક્તિ ન વેડફો.

ફીનિક્સના ઇતિહાસમાં હવે પ્રત્યેક દિવસે ઇતિહાસનાં મોટાંમોટાં પ્રકરણો ઉપજવા લાગ્યાં હતાં. રોજેરોજનો સૂરજ કંઇક ને કંઇક અવનવી વાત આણતો. બાપુજીને પગલેપગલે અને શ્વાસેશ્વાસે ત્યાંની હિંદી પ્રજામાં ઉત્સાહનો સાગર ઉછળવા માંડેલો. નાતાલ અને ટ્રાન્સવાલના બધા યે સીમાડા ઉપર એક પછી એક કુરબાનીનાં મોજાંઓની હારમાળા પછાટ લેવા લાગી હતી. કાગળની કાપલીમાં લખાએલા અક્ષરોથી બાપુજી સાથે જે અનુસંધાન રહી શકે તેના કરતાં અનેકગણો વધતો જીવતોજાગતો સંબંધ, પ્રેરણા, બળ, બાપુજી અમારા પર વરસાવી રહ્યા હતા.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

જટો



એક હતો જટો ને એક હતો ગટો. બંને લંગોટિયા ભાઈબંધ. બંનેને વિચાર થયો કે કાંઈક વેપાર કરીને કમાવું.

બંને ભાઈબંધ ઊપડ્યા અમદાવાદ. અમદાવાદમાંથી કાપડ ખરીદ્યું. ઓઢણી લીધી, ઓઢણાં લીધાં, પછેડા ને ધોતિયાં લીધાં, છીંટ ને વાયલ લીધાં, ઘાઘરાપાટ ને મલમલ લીધાં.

બંને જણા બબ્બે ગાંસડી બે ખભે ભેરવીને ગામડામાં ફેરી કરવા નીકળ્યા. એક ગામ ગયા, બીજે ગામ ગયા, ત્રીજે ગામ ગયા. રોજ બેથી ત્રણ ગામ ફરે. સાંજ પડ્યે ચોરામાં સૂઈ રહે. કોઈ મંદિરના મહારાજને પૈસા આપી રોટલા ઘડાવી ખાઈ લે.

એમ ફરતાં ફરતાં ઘણાં ગામ ફર્યાં. એક વખત એક ગામમાં ગયા, ત્યાં સાંજ પડી ગઈ. ગામમાં ચોરો ન મળે; ધર્મશાળા પણ ન મળે; મંદિર પણ નહોતું.

રાત ક્યાં રહેવું તેની બંનેને મૂંઝવણ થઈ. ગામમાં જ્યાં રાતવાસા માટે પૂછે ત્યાં સહુકોઈ ના જ પાડે. કોઈ હા પાડે જ નહિ.

છેવટે ફરતાં ફરતાં એક એકલડોકલ ડોશીનું ઘર આવ્યું. ડોશીને પૂછ્યું 'ડોશીમા તમારા ઘરમાં રાતવાસો રહેવા દેશો? સવાર પડ્યે અમે ચાલ્યા જશું.'

ડોશી કહે 'આ મારી ઝૂંપડી છે એમાં હું પડી રહું છું. તેમાં તમારા બે જણનો સમાસ થાય તેમ નથી. તમારે તો ઝૂંપડીની બહાર પડાળીમાં સૂઈ રહેવું હોય તો આજની રાત ભલે સૂઈ રહો. પણ સવાર પહેલાં તમારે મારું એક કામ કરી દેવું પડશે.'

જટો ને ગટો કહે, 'ભલે ડોશીમા, તમે જે કહેશો તે કામ કરી આપશું. તમારાં જેવાં ઘરડાં માણસની સેવાનો લાભ અમને ક્યાંથી મળે?'

ડોશી કહે, 'હવે હું ઘરડી થઈ છું એટલે મારાથી દળાતું નથી; દળતાં દળતાં થાકી જાઉં છું. જો તમે આટલું દળણું દળી આપશો તો તમારો પાડ માનીશ.'

જટો કહે, 'હા મા, એટલું દળણું તો જરા વારમાં અમે દળી નાખશું. એમાં ક્યાં બહુ મહેનતનું કામ છે! કાં ગટા, બોલતો કેમ નથી?'

ગટો કહે, 'હા જટા, તારી વાત સાચી છે. આપણે બે જણા સામસામા ઘંટીએ બેસીએ તો અરધા કલાકમાં દળાઈ જાય.'

ડોશી કહે, 'પણ તમારો મને ભરોસો નહિ. તમે સવાર પહેલાં ઊઠીને ચાલ્યા જાઓ તો? કાપડનાં તમારાં પોટલાં મારી ઝૂંપડીમાં મૂકો, અને દળી લો એટલે માગી લેજો.'

જટાએ ને ગટાએ વિચાર કર્યો, 'ભલેને ડોશીની ઝૂંપડીમાં આપણાં પોટલાં રહે. રાતમાં ચોરાઈ જવાની તો બીક નહિ.'

રાત પડી. બેય જણ ડોશીની ઝૂંપડીમાં કાપડનાં પોટલાં મૂકી બહાર પડાળીમાં સૂતા. સૂતા તો ખરા પણ બેમાંથી કોઈને ઊંઘ ન આવે. બંને જણા આમથી

ને ગટો

તેમ આજોટે પણ કોઈને ઊંઘ આવે નહિ.

જટાએ જોયું કે ગટો ઊંઘતો નથી, એટલે તેણે કહ્યું, 'ભાઈ ગટા, નિંદર નથી આવતી ને? આમ ને આમ રાત શે વીતશે?'

'હા જટા, કોણ જાણે શું છે તે મને ય નિંદર નથી આવતી. વળી સ્હેજ ટાઢ પણ છે, ને આ પડાળીમાં ચાંચડ પણ ઠીકઠીક છે. મને તો થાય છે કે આ ગામમાં ક્યાંથી આવી ચડ્યા?'

આમ વાતો કરતાં કરતાં જટાએ સૂચના કરી, 'હેં ગટા, આપણે દળવા માંડીએ. દળતાં દળતાં નિંદર આવે એટલે સૂઈ જશું. એ ય કામ થશે. દળવાનું પણ પતશે ને ઊંઘ પણ આવશે. જો સવાર પહેલાં નહિ દળિયે તો આપણાં પોટલાં ડોશી નહિ આપે.'

આમ વિચાર કરી બંને જણા બેઠા ઘંટીએ. એ ય જણે ઘંટી ફેરવવા માંડી. ગટો જાણે કે જટો ઓરે છે, ને જટો જાણે કે ગટો ઓરે છે. દળતાં દળતાં આખી રાત વીતી ગઈ, પરોઢિયું થયું. અજવાળામાં ઘંટીના થાળામાં નજર કરે તો જરાય લોટ ન મળે!

જટો ગટા સામું જુએ ને ગટો જટા સામું જુએ. 'હેં ગટા આમ કાં? તું દાણા નો'તો ઓરતો?' જટો કહે, 'મેં જાણ્યું કે તું ઓરતો હોઇશ.'

સવાર થયું. ડોશી ઊઠીને ઝૂંપડીની બહાર આવી. ઘંટીના દીદાર જોઇને તેનો ગુસ્સો તો ક્યાં ય માય નહિ! બંનેને વઢવા લાગી કે નક્કી કર્યા મુજબ તમે દળ્યું નહિ ને મારી ઘંટીનાં પડ ઘસી નાખ્યાં.'

આમ કહી બેયને કાઢી મૂક્યા. કપડાંનાં પોટલાં પાછાં ન આપ્યાં.

બેય જણા મૂંઝાયા કે હવે શું થાય? ડોશી કાંઈ માને એમ નથી. આપણી ભૂલ આપણે ભોગવવી રહી. આ ગામ હવે કોઇ દિવસ ભૂલેચૂકે પણ ન આવવું.

આમ બબડતા બબડતા બેય જણ ચાલી નીકળ્યા.

વેણીલાલ બૂચ

પંચતંત્રની વાર્તાઓ

ટીટોડો કહે: ભદ્રે, એમ કરિએ ને મિત્રવર્ગના સમુદાયથી સમુદ્રને શોષવિએ.' એવો નિશ્ચય કરીને બગલા, સારસ, મોર આદિનો સમાજ બોલાવીને તેણે દુ:ખની વાત કરી.


બધાય કહે, 'આપણામાં વૃદ્ધ હંસ ડાહ્યું માણસ છે એને પૂછો, એ આપણને સમયોચિત સુમતિ આપશે. અને કહ્યું છે:

સુણો વાક્ય જ વૃદ્ધોનું તે વૃદ્ધો જે બહુશ્રુત।
હંસયૂથ વને બદ્ધ વૃદ્ધ બુદ્ધિવિમોચિત ॥પૂ.૧-૩૪૩॥'

*કથા ૨૦

એક વનમાં મોટો વડલો હતો, એના ઉપર હંસ રહેતા હતા. એ વડ નીચે કોશામ્બી નામે વેલ ઊગી એટલે વૃદ્ધ હંસ બોલ્યો, 'આ વેલ વડ ઉપર ચડી તો આપણને વસમી વેળા આવવાની છે. એને આધારે ઉપર ચડીને આપણને કોઇ મારી નાખે. એટલે આ નાની તથા સુખચ્છેદ્ય છે ત્યાં જ એને કાઢી નાખો.' પણ ગરઢાનું કોણ સાંભળે? એટલે વેલ કોઇએ કાપી નહિ અને ઝાડે ચડી. અને એક દિવસ હંસ ચરવા ગયા હતા ત્યાં લતાએ થઈ ને એક પારધી વડ ઉપર ચડ્યો ને હંસોના માળામાં જાળ નાખી ગયો, તેમાં હંસ જેવા ચરીને રાતે આવ્યા એવા જ ફસાઈ ગયા. વૃદ્ધ હંસ કહે, 'મારું કહ્યું ન કર્યું તો આ દશા થઈ.' હંસો કહે; સાચું, પણ હવે શું કરવું? વૃદ્ધ હંસ કહે, 'વ્યાધ આવે ત્યારે મરેલા જેવા દેખાવું, અને મરેલા જાણીને એ બધાને ભોંય ઉપર નાખે ત્યારે બધાએ એક સામટે ઊડવું.' સવારે શિકારી આવ્યો, ને બધાને મૃતપ્રાય જાણીને ફાંસામાંથી છોડ્યા તથા નીચે ફેંક્યા. અને જેવો એ નીચે ઊતરવા જાય છે એવા જ વૃદ્ધ હંસના મત

*પૂર્ણભદ્રની



જેવો શિકારી નીચે ઊતરવા જાય છે તેવા જ બધા હંસ વૃદ્ધની શિખામણ પ્રમાણે એક જ સાથે ઊડી નીકળ્યા

પ્રમાણે બધાય એક જ વેળાએ ઊડીને આઘે નિકળી ગયા.

એટલે હું કહું છું: 'સુણો વાક્ય જ વૃદ્ધોનું' ઇતિ.

વૃદ્ધ હંસ કહે, 'સમુદ્રશોષણ કરવા આપણે અશક્ત છિએ, એટલે વ્યર્થ પ્રયાસ શું કરવો? પણ આપણા સ્વામી ગરુડરાજ આગળ જઇને રાવ ખાવી.'

દેવાસુરસંગ્રામનિમિત્તે પક્ષિરાજને નારાયણનું તેડું આવ્યું હતું ત્યાં પક્ષીઓએ જઈ ને કહ્યું, 'દેવ, તારા જેવો નાથ અમારે માથે પ્રતપતો હોવા છતાં, અનાથ હોઇએ એમ અપરાધ વિના સમુદ્ર શિશુહરણ કરી ગયો. એટલે હવે પક્ષિકુલનું આવી બન્યું છે. સમુદ્ર બીજાને પણ સ્વેચ્છાએ મારશે. અને કહ્યું છે:

એકનું કામ દેખીને કરે બીજો ય ગર્હિત।
ગતાનુગતિકા લોકો ન લોકો પારમાર્થિક॥૩૭૩॥

ચોર, દુરાચારી, સાહસિક, કૂડકપટી આદિથી પીડાતી પ્રજાની રાજાએ રક્ષા કરવી જોઇએ.' આ સાંભળીને ગરુડને રીસ ચડી, પણ ત્યાં તો ત્રિકાલદર્શી નારાયણ જ રુકમપુરમાં વૈનતેય આગળ આવ્યા, એને વૈનતેયે સમુદ્રે કરેલા પોતાના અપમાનની વાત કરી, એટલે નારાયણે સમુદ્રને કહ્યું, 'ટીટોડાના ઈંડાં દઈ દે, નકર આગ્નેયાસ્ત્રથી જળને ઠેકાણે સ્થળ કરી નાખું છું.' ભગવાનની આજ્ઞા માથે ચડાવીને સમુદ્રે ઈંડાં ટીટોડાને આપી દીધાં.

એટલે કહું છું: 'શત્રુશક્તિ ન જાણીને' ઇતિ. તેથી પુરુષે ઉદ્યમ ન છોડવો.


સંજીવકે પૂછ્યું, 'ભાઈબંધ, એનો યુદ્ધક્રમ કેવો છે?'

દમનક કહે, 'ગવેન્દ્ર, તું આવ્યો હો ત્યાં તારા સામું જુએ, પૂંછડું ઊંચું કરે, ચાર પગ ભેળા કરે, મોઢું ફાડે તથા કાન ઊભા કરે તો એની મતિ બગડી છે એમ જાણવું ને તારો વિક્રમ દેખાડવો.'

(ચાલુ) **વાલજી ગોવિન્દજી દેસાઇ**

સ્વીકાર: લાઠી નવરાત્ર મહોત્સવ: પ્રકાશક–લાઠી સાહિત્ય સભા, ૧–૮–૦; **વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ:** લેખક–દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી, પ્રકાશક–શ્રી ફાર્બસ ગુજરાતી સભા મુંબાઈ, ૨–૦–૦; **શાસ્ત્રીય સંગીત સુંદરી:** લેખિકા–અ. સૌ. ચંચળગૌરી પંડ્યા, પ્રકાશક–એચ. એ. વકીલ, જામનગર, ૧–૦–૦. **કાઠિયાવાડ અને બીજી વાતો:** લેખક–મનુભાઇ જોધાણી, પ્રકાશક–ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ અમદાવાદ, ૧–[illegible]

આપણું મગજ કેવી અજબ રીતે કામ કરે છે!



આપણું ધારેલું કામ આપવા પહેલાં આપણું મગજ અને તેના જ્ઞાનતંતુઓ જે આશ્ચર્યકારક કામગીરી બજાવે છે તે ઉપરનું ચિત્ર હૂબહૂ બતાવે છે. ચિત્રમાં અનુલેખન કરતા વિદ્યાર્થીને કાને વાચક (નં. ૧)ના અવાજનાં આંદોલનો પહોંચે છે કે એના કાન (૨-૩) એ ઝીલી લઇ તેની છાપ કાનના ઉપરના ભાગ (૪)માં મોકલે છે. ત્યાં તેનો અન્વય થઈ તે મગજના મુખ્ય મિલાપસ્થાન (૫) ઉપર પહોંચે છે. ત્યાંથી ગતિકેન્દ્ર (૬) ઉપર હુકમ છુટતાં, તે તરત હાથના સ્નાયુઓને (૭) તે પ્રમાણે લખવા આજ્ઞા કરે છે. એ લખાતાંવેંત, લખાણના પ્રકાશતરંગો લેખકની આંખ (૮)માં થઇને તે છાપને ચક્ષુકેન્દ્ર (૯) થાણા પર પહોંચાડે છે, જે ત્યાં તપાસાઇને ઉપરના (૧૦) આંખના મુખ્ય થાણે પહોંચે છે. ત્યાં તેનો અન્વય થઈને તે મગજના મુખ્ય મિલાપસ્થાન (૧૧) પર પહોંચે છે જ્યાં પેલો સાંભળેલો અને આલેખેલો એ બંને સંદેશા સાચા છે તેની ખાત્રી મગજનું એ મુખ્ય મિલાપસ્થાન (નં. ૫ અને નં ૧૧) કરી લે છે.



માધુકરી

હિંદના મહાન વનસ્પતિશાસ્ત્રજ્ઞ ડૉ. વીરબલ સાહની

આજ સુધીમાં વિજ્ઞાનના વિષયમાં હિંદની કીર્તિ બહારના જગતમાં ફેલાવનાર ચાર જ મહાન વૈજ્ઞાનિકો થયા છે : પ્રો. રામાનુજન, સર જગદીશચન્દ્ર વસુ, પ્રો. સર ચન્દ્રશેખર વ્યંકટરામન અને પ્રો. મેઘનાદ સહા. માત્ર આ ચારને જ લંડનની રૉયલ સોસાએટીએ પોતાના ફેલો તરીકે સ્થાપ્યા છે. આજે એમાં એક મહા પ્રતિભાસંપન્ન વ્યક્તિનું પાંચમું નામ ઉમેરાય છે: તે, ગઈ તા. ૨થી ૮મી જાન્યુઆરી સુધી મદ્રાસમાં ભરાએલી અખિલ ભારતીય વિજ્ઞાનપરિષદના પ્રમુખ પ્રો. વીરબલ સાહની, M.A., PH.D., D.SC., SC.D., F.AS.S.B., F.N.I., F.G.S., F.R.S.

પ્રો. વીરબલ સાહની ભારતભરના વિજ્ઞાનીઓમાં ભારે પ્રતિભાવાન વ્યક્તિ ગણાય છે. લખનૌ યુનિવર્સિટીમાં તે વનસ્પતિશાસ્ત્રના પ્રાધ્યાપક અને ત્યાંના વિજ્ઞાનવિભાગના પ્રણેતા છે. વૈજ્ઞાનિક જગતમાં, લંડનની રૉયલ સોસાએટીના ફેલો થવું એ મોટામાં મોટું માન ગણાય છે. એ માન ગયા વર્ષે ૧૯૩૯માં પ્રો. સાહનીએ પ્રાપ્ત કર્યું છે.

એમનો જન્મ ૧૮૯૭ની ૧૪મી નવેમ્બરે પંજાબમાં ભેરા નામના ગામમાં થયો હતો. તેમના પિતા પ્રો. રુચિરામ સાહની લાહોરની ક્રિશ્ચિયન કૉલેજમાં રસાયનશાસ્ત્રના પ્રાધ્યાપક, એક નામાંકિત કેળવણીકાર અને અત્યંત રાષ્ટ્રીય વૃત્તિના માણસ હતા. પ્રો. વીરબલ એમના ત્રીજા પુત્ર છે. પ્રો. વીરબલનાં માતુશ્રી ઈશ્વરદેવી પણ બહુ સંસ્કારી અને દયાળુ નારી હતાં.

એમ. એ. સુધીનું પોતાનું શિક્ષણ લાહોરમાં જ પિતાશ્રીની સંભાળ નીચે લઇ પ્રો. વીરબલ ૧૯૧૧માં ઉચ્ચ કેળવણીને માટે કૅમ્બ્રિજ (ઈંગ્લંડ) ગયા. ત્યાં આઠ વર્ષ રહીને અનેક પ્રકારનું સંશોધન કરીને ૧૯૧૯માં હિંદ પાછા આવ્યા અને તરત જ બનારસ વિશ્વવિદ્યાલયમાં વનસ્પતિશાસ્ત્રના પ્રાધ્યાપક નીમાયા. ત્યાંથી થોડા દિવસ માટે લાહોર ગયા અને ૧૯૨૧માં લખનૌ આવ્યા. ત્યારથી આજ સુધી તેઓ ત્યાં જ છે.

ઇંગ્લંડમાં કરેલા એમના સંશોધનકાર્ય માટે 'બ્રિટિશ એસોસીએશન ફૉર ધ ઍડવાન્સમેન્ટ ઑવ સાયન્સ'ના આ વર્ષના પ્રમુખ પ્રો. સીવર્ડના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓમાં તેમની ગણના કરવામાં આવે છે. એ કાર્ય વડે લંડન અને કૅમ્બ્રિજ વિશ્વવિદ્યાલયની ડૉક્ટૉરેટની પદવી પણ તેમણે મેળવી હતી. તેમ છતાં ૧૯૧૯માં કૅમ્બ્રિજ વિશ્વવિદ્યાલયે Sc.D.ની દુર્લભ પદવી તેમના સંશોધનકાર્ય માટે ખાસ ઈનાયત કરી. તે વખતે એ Sc.D.ની પદવી ધારણ કરનાર પ્રો. સાહની પહેલા જ હિંદી હતા.

હિંદમાં જેટલી નામાંકિત વૈજ્ઞાનિક સંસ્થાઓ છે તેની સાથે પ્રો. સાહનીનો, અધ્યક્ષ ઉપાધ્યક્ષ અથવા તો કોઇ બીજા હોદ્દેદાર તરીકે સંબંધ છે. હિંદ આવ્યા પછી પણ ડૉ. સાહનીએ પોતે અને પોતાના વિદ્યાર્થીઓ સાથે મળીને ઘણું સંશોધનકાર્ય કર્યું છે. તેમના સંશોધનનો પ્રદેશ મોટો છે અને એ વિષયના તેમના

એકલાને

• ઝૂલણા •

એકલો છે ભલે, એકલો છે. ભલો
બોલ ના 'એકલો હું બિચારો!'
કેમ ભૂલ્યો ભલા? સર્વથી આગલો
આગવા! આગવો વાસ તારો.

શું થયું લાખ બે લાખ દીવા બળ્યે?
એકલા ચંદ્રની એ ન તોલે;
શું થયું કાગડા ક્રોડ કા કા કર્યે
એક જ્યાં કોકિલા કંઠ ખોલે!

આંકડો એક ને શૂન્ય સો સો હશે,
મૂલ્ય ત્યાં એકનાં, શૂન્યનાં ના;
અખિલ બ્રહ્માંડમાં સર્વ મીંડાં મડાં,
એકડે તું થજે પ્રાણ એના.

ગંજીફા-ખેલમાં માન એક્કા તણાં,
પંચ્ચુનાં, સત્તુનાં, દશ્શુંનાં ન;
વિશ્વવ્હેવાર છે ચાલ પત્તા તણી,
ત્યાં થજે તું ય એક્કા સમાન.

છાય મેઘે છટા, ઘોર ઘેરી ઘટા,
ત્યાં જવલ્લે મળે તેજલેખા;
ઘોર નૈરાશ્યના વાદળે તું થજે
એક કો આશની રૌપ્યરેખા.

છીપલાં, શંખ, કોડી, ઢગોએ મળે,
મોતીની છીપ એકાદ એમાં;
તારલા તો ઘણા આભમાં આ ઢળે
તું થજે ધ્રુવ શો એક તેમાં.


પ્ર.

કોઈ અસહાય વિધવાના પુત્રને પોતાને ત્યાં રાખી, ભણાવી ગણાવી એક ધનિક તેને તે પાછો સોંપવા જતાં પેલી વિધવા તેનો ઉપકાર માનવા લાગી એટલે તે બોલ્યો, 'બહેન, વરસાદ પડે છે માટે આપણે વાદળાંનો ઉપકાર માનીએ છીએ કે તે વરસાવનારનો? તેવી જ રીતે મને નિમિત્ત બનાવનારનો પાડ માન.'

અનેકાર્થી શબ્દ: કડક=બડૂકો બોલે એવું; કઠણ, આકરું; કાચું, અપરિપક્વ; કાનનું એક ઘરેણું; બારીની તખતી.

ગણિતગમ્મત: કોઇ એક સંખ્યા ધારો; તેની બમણી કરો; તેમાં ૧૦ ઉમેરી ૨ વડે ભાગો; તેમાંથી તમારો ધારેલો નંબર બાદ કરો અને જવાબ હમેશાં ૫ આવશે. (જરા વિચાર કરતાં આ કરામત તમે પાંચની માફક બીજા અંકો માટે પણ યોજી શકશો).

કહેવતોના અર્થ: 'બહુ તાંતણ બળીઉં'. રાત્રે ઘરમાં ચોર પેસતાં વાણીઓ જાગી ઊઠયો. ચોર થાંભલા લગોલગ લપાયો. વાણીઆએ તે જાણ્યું-અજાણ્યું કરી સ્ત્રીને ઉઠાડી કહ્યું કાલે સૂતરના ભાવ વધવાના છે માટે ઘરમાં હોય તેટલું સૂતર કાઢ. સ્ત્રીએ તે આણી આપતાં, અંધારામાં ને અંધારામાં વાણીઓ એ થાંભલા પર તેની આંટીઓ પર આંટીઓ મારતો જાય ને બોલતો જાય, 'બહુ તાંતણ બળીઉ!' ચોરભાઇ તો મુસ્તાક હતા કે વાણીઆએ મને જોયો નથી, અને આ કાચું સુતર તો એક મચરકી ભેગું તોડી નાખીશ. પણ વાણીઆએ એટલું સુતર વીંટાળ્યું કે એ ગમે તેટલા બળે પણ ન તૂટી શક્યું ને સવાર થતાં ચોર પોલિસને હવાલે થયો. કાચા તાંતણાની આ કરામતને મળતી બીજી કહેવતો: 'ઝાઝી કીડીઓ સાપને તાણે'; 'ઝાઝા હાથ રળિયામણા'; 'ઝાઝી વાડ ઝાંખરાંની પણ સારી'; 'જૂથ ત્યાં સુથ (આબાદી)' વગેરે.



ભીંતને અઢેલીને સાઇકલ મૂકવાથી તેના હેંડલ તથા ઘંટડી પર ઘસારા પડી બગડવાનો અનુભવ સૌને હશે. ચિત્રમાં બતાવ્યા મુજબ ભીંતમાં જડેલા લાકડાના ટગળા પર મિજાગરા વડે લાકડાનો દંડો જડી લીધો હોય તો એ દંડાને છેડે રાખેલી ખાંચમાં સાઈકલનો ક્રૉસબાર ભરાવી સાઇકલ ઊભી રાખી શકાય. જરૂર ન હોય ત્યારે એ (ટપકાંવાળી લીટીથી દર્શાવ્યા મુજબ મિજાગરાને લીધે) નીચે પડી જઈ ભીંત લગોલગ રહેવાથી વચ્ચે અડચણ નહિ કરે.

શિયાળામાં શરીરે ચોળવા-ચોપડવામાં ખનીજ તેલો (વેસેલિન જેવાં) અથવા વનસ્પતિજન્ય તેલો (કોપરેલ, કોકમનું તેલ આદિ) કરતાં માખણ, ઘેટાંનીચરબી (લેનોલીન) જેવી પ્રાણીજન્ય ચરબી વધારે ફાયદાકારક છે.

લડાઈમાં દારૂનો ઉપયોગ કરવાની શોધ ચીનાઓએ ઇ. ૮૫માં કરી હતી.

ઈંગ્લંડના કૉર્નવાલ શહેરમાં સને ૧૭૯૨માં સૌથી પ્રથમ ગૅસનો દીવો બાળી જોવાનો પ્રયોગ કરવામાં આવ્યો.

પાળેલાં પ્રાણીઓનું દુનિયાભરમાં મોટામાં મોટું કબ્રસ્તાન જાપાન ધરાવે છે ને બૌદ્ધ ધર્મના જુદા પંથના ૧૦૦ સાધુઓ એ બધા આત્માઓની શાંતિ અર્થે પ્રાર્થનાઓ કરે છે.

શિકાગોમાં હજી એવી એક કલબ છે જે માને છે કે પૃથ્વી ગોળ નહિ પણ સપાટ છે. મિ. વૉલિવા એનો પ્રમુખ છે.

રોમના શહેનશાહ નીરોનો માનીતો દરબારી વૅટિનિયસ ઇતિહાસમાં લાંબામાં લાંબુ નાક ધરાવી ગએલો મનાયછે.

સોવિયેટ યુનિયનમાં બધી મળી ૧૪૯ ભાષા બોલાય છે.

પ્રખ્યાત અંગ્રેજ લેખક આર્નોલ્ડ બેનેટને માથાનો સખત દુખાવો રહેતો જેને લઇને એ સતત બે કલાકથી વધારે ઊંઘ લઈ જ નહોતો શકતો. રોજના બધું મળીને એ છ કલાક ઊંઘતો.

ગરીની વાસથી માખી દૂર નાસે છે.

ઑક્સફર્ડના એક ઘડીઆળના ચંદા પર લખ્યું છે: 'કલાકોનો નાશ થાય છે અને તે આપણે નામે ચડે છે.'

માછલી તેના આખા શરીર વડે સ્વાદ લઈ શકે છે.

સહરાના રણમાં દિવસ રાત વચ્ચે ૧૩૦ ડિગ્રી હવામાનનો ફરક પડે છે.

ન્યુગાયાનામાં ત્રણત્રણ ફૂટના ઉંદર થાય છે. બિલ્લીબાઈનું શું થતું હશે?

શિકાગોના ફીલ્ડ મ્યૂઝિયમમાં ચીને પોતાના તરફથી આ કબૂતર પ્રદર્શનમાં મૂકી પોતાની મૌલિક યોજક બુદ્ધિની એક વિશેષ પ્રતીતિ આપી છે. એની



પાંખે દેખાતાં ભૂંગળા તે બરૂ કે તૂંબડામાંથી બનાવેલા બે નાના સરખા પાવા છે. કબૂતર ઊડે છે એટલે માં પવન પૂરાઈ અવનવા સૂર નીકળે છે. કયારેક તો એકેક કબૂતર પર આવા આઠઆઠ પાવા મૂકવામાં આવે છે!



પ્રકાશિત લેખોની સંખ્યા સોએક જેટલી છે, જે બધાં નામાંકિત આંતરરાષ્ટ્રીય સામયિકોમાં છપાએલા છે. એમનો સંશોધનનો ખાસ વિષય વનસ્પતિશાસ્ત્ર છે છતાં પણ ઉત્ખાત-વનસ્પતિશાસ્ત્ર (Fossil Botany)માં એમને વધારે રસ છે અને એ વિષય પરનું એમનું પ્રભુત્વ અસાધારણ છે. દર સાલ આંતરરાષ્ટ્રીય વનસ્પતિશાસ્ત્રજ્ઞાની જે પરિષદ્ ભરવામાં આવે છે તેના ઉત્ખાતવનસ્પતિશાસ્ત્ર વિભાગના ઉપાધ્યક્ષપદે તેમની ચુંટણી બે વખત (૧૯૨૬માં કેમ્બ્રિજમાં અને ૧૯૩૦માં ઍમ્સ્ટરડૅમમાં) કરવામાં આવી હતી. ન્યૂ કેલિડોનિયામાં મળેલા કોઈ વનસ્પતિના અવશેષ, મેસિપ-ટેરિસ નામની જમીન પર ઊગનારી એક પુરાતન વનસ્પતિ, ગોંડવન ભૂમિનાં અવરોધભૂત વૃક્ષો, રાજમહાલ પર્વતમાં થતાં બીજધારી પ્રાચીનવૃક્ષો, નાગપુર-છિંદવાડાની અશ્મીભૂત વનસ્પતિ, દક્ષિણ દેશના ખડકોની ઉમર, વનસ્પતિસૃષ્ટિમાં ક્રાંતિ વગેરે તેમના સંશોધનાત્મક લેખો ખૂબ પ્રખ્યાતિ પામ્યા છે.

ઉપર જણાવ્યા પ્રમાણેની તેમની વિદ્વત્તા કરતાં પણ તેમનું સૌજન્ય અધિકતર છે. તેમનો સ્વભાવ શાંત, ગંભીર અને અત્યંત વિનયશીલ છે. પંડિત જવાહરલાલ નેહરુની જેમ તેમનું અંતઃકરણ સરળ અને ઉદાર છે. હિંદ રાષ્ટ્રનું અભિમાન તેમના રોમેરોમમાં ભરેલું છે. પોતે ચુસ્ત ખાદી ભક્ત છે. રોજ સવારના ચાર વાગ્યાથી એમનું ઉદ્યમી જીવન શરૂ થાય છે અને છેક રાતના ૧૨ વાગ્યા સુધી સંશોધન અથવા લેખનમાં પ્રવૃત્ત રહે છે. લખનૌમાં ગોમતી કિનારે બંધાવેલા તેમના નવા નિવાસમાં રોજ સાંજે પોતાના બગીચામાં પોતાની સંસ્કારી પત્ની સાથે ફરતા અને ફુલઝાડ વિષે વાતોચીતો કરતા તેઓ જણાશે. તેમની સાથેના વાર્તાલાપમાં વનસ્પતિશાસ્ત્ર સિવાય પણ પુરાતત્ત્વશાસ્ત્ર વગેરે જેવા બીજા ઘણા વિષયો પર તેઓને ઊંડો રસ હોવાનું જણાશે; એ ઉપર પણ તેઓ કોઇ કોઈ વખતે સંશોધનલેખો લખે છે.

—ચં. સ. મહાબળે (એમ.એસસી., પીએચ.ડી.)


સ્વ. શ્રી માદ્રી દેસાઇ

જે અનેક ઊગતા કલાકારોએ સ્વ. કનૈયાલાલ વકીલ પાસેથી પ્રેરણા મેળવી પોતાની કલામાં વિકાસ સાધેલો તેમાંનાં એક શ્રી માદ્રી દેસાઈ હતાં.

આપણે ત્યાં સ્ત્રી ચિત્રકારો તો છે—જોકે એમના માર્ગ પણ પુષ્પોભર્યા તો નથી જ—પણ સ્ત્રી શિલ્પી કેટલી? માદ્રી દેસાઈ આ વસ્તુસ્થિતિ જાણતાં હતાં, છતાં એમણે શિલ્પી-નો માર્ગ જ ગ્રહણ કર્યો એ એના આત્માની દૃઢતા અને નિશ્ચલતાનું એ દૃષ્ટાંત.

તબિયત અતિશય નાજુક અને શિલ્પનું કાર્ય શારીરિક દૃષ્ટિએ પણ ઘણું મુશ્કેલ, છતાં માદ્રી દેસાઇની કૃતિઓ જેઓએ ક્રમશઃ જોઈ હશે તેઓ જાણી શકયાં હશે કે એ ક્ષેત્રમાં એમનો વિકાસ સતત થયા કરતો હતો. મૃત તેમજ જીવન્ત વ્યક્તિઓની રેખાઓ પ્લાસ્ટરમાં ઉતારવાની એમની હથોટી ઘણી સારી હતી. એ 'ધી અવેકનિંગ' (જાગૃતિ) નામનું એમનું શિલ્પ મુંબઇ આર્ટ સોસાએટી તરફથી ભરાતા વાર્ષિક પ્રદર્શનમાં પારિતોષિક પણ પામેલું.

પણ સ્વ. માદ્રી દેસાઈ માત્ર શિલ્પી કાર્યમાં જ ન હતાં. એમણે શિલ્પ સંબંધી અંગ્રેજી તેમજ ગુજરાતીમાં અવારનવાર લેખો પણ લખ્યા હતા. ઉપરાંત એમનું સંગીતનું જ્ઞાન પણ સારૂં હતું. અને મેનકા તેમજ પાવલોવાનાં અમુક નૃત્યના સંયોજન વખતે તેમણે સતાર વગાડી લય અને તર્જની સમજણ પણ આપેલી. લલિતકલાઓ સંબંધી વાચન એમનું ઘણું હતું. સ્વ. કનૈયાલાલ પાસેથી પ્રેરણા મેળવીને માદ્રી દેસાઇએ પોતાના ક્ષેત્રમાં વિકાસ સાધ્યો તે ઋણના બદલામાં, તેમના કોમળ પણ દૃઢનિશ્ચયી આત્માએ સ્વ. વકીલને અદ્‌ભુત ઉત્સાહ અને ચેતન દિનપ્રતિદિન આપ્યા કર્યાં હતાં તે વાત વિસરી શકાતી નથી. પરંતુ બે કલાકાર આત્માનો આવો વિરલ સહકાર વિધિ સહન ન કરી શક્યું.



સ્વ. વકીલનાં લખાણોના ઢગમાંથી વીણીવીણીને એક છેલ્લો ગ્રંથ પ્રસિદ્ધ કરીને તેમજ સ્વ. વકીલે પોતાની જીવન-કથા લખવી શરૂ કરેલી તે કોઇ પાસે લખાવી પૂરી કરાવીને પ્રસિદ્ધિમાં મૂકવી, એ કાર્ય પાછળ કરનલ સોખે, મિ. જિરાર્ડ વગેરેની સહાયતાથી માદ્રીબ્હેને અથાગ પરિશ્રમ આદર્યો. પણ કિસ્મત સામે હતું. થોડેથોડે અંતરે શરીરમાં પેઠેલો રોગ ફથલો મારતો. આને લઇને શરીર ભયંકર વેદના અને અસહ્ય દુઃખ સહન કરતુંકરતું તૂટી જવા તત્પર થતું; પણ આત્મા પરમ શ્રદ્ધાથી, અદ્વિતીય કૃતનિશ્ચયથી અડગ રહ્યો. એ કાર્ય લગભગ સમાપ્ત થયું: પ્રસિદ્ધકર્તાને તમામ વસ્તુ સોંપી દેવાની તૈયારી થઈ, ત્યાં યુરોપમાં યુદ્ધનો આરંભ થયો. ગોઠવણ બધી ભાંગી પડી. શરીર તો તૂટુંતૂટું કરતું જ હતું. કિસ્મતના આ છેલ્લા ઘાએ આત્મા પણ તૂટ્યો અને માદ્રીબ્હેન શુક્રવાર તા. ૧૭-૧૧-૧૯૩૯ના રોજ સાંજના ચાર વાગ્યે મૃત્યુ પામ્યાં.

રાજ્યદ્વારી ક્ષેત્રમાં ઘૂમનારાને સહજ પ્રાપ્ત થતાં યશ, કીર્તિ વગેરેથી રાચનારાંને લલિત કલાઓના પુનઃરૂદ્ધાર કરવા માટે મથનારાંનાં જીવન વેડફાઈ ગએલાં લાગે એ કદાચ સ્વાભાવિક હશે, પણ આ જીવન અરણ્યમાં લલિત કલાઓ એ તો અમૃતઝરણાં છે. જ્યાં જ્યાં એ ઝરણાં રેતીના પટમાં દબાઈ ગયાં હોય ત્યાંત્યાંથી અથાગ પરિશ્રમ, અડગ હિંમત અને નિઃસ્વાર્થ પ્રેમભાવથી તેમને બહાર કાઢી વહેતાં રાખનાર કલાશહીદોનાં જીવન વેડફાઇ જતાં નથી, પણ અનેકાનેક લલિતકલાપ્રેમી સંસ્કારી આત્માઓ તેમની સુ-વાસથી પોતાનાં જીવન દિવ્યતર બનાવી શકે છે.


(જ્યોતિર્ધર) ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા

મૉરિશિયસ

દક્ષિણ હિંદી મહાસાગરમાં આવેલો અને ઝળાંહળાં થતા પરવાળાના ખડકોએ ઘેરાએલો ૩૬ માઈલ લાંબો અને ૨૪ માઇલ પહોળો મૉરિશિયસ ટાપુ, ખરેખર, પાશ્ચાત્ય પુરાણકાળના ઇથીઓપિક સમુદ્રનું મોતી જ છે. ડોડો પક્ષીની માતૃભૂમિ અને ખાંડની સર્વોત્તમ ઉત્પન્નનો એ સુવર્ણદ્વીપ ઇતિહાસની શાળ સમો છે. એક વખત એ પોર્ટુગીઝ સંસ્થાન હતું. બે વખત ડચ લોકોના કબજામાં યે એ આવેલો. ત્યાર પછી ફ્રેન્ચોનું શાસન પણ ચાખી આજે એ ટાપુ બ્રિટનના આધિપત્ય હેઠળ આવ્યો છે.

ઈસવી સનના આરંભથી યે ૭૦૦ વર્ષ પહેલાં મિસરના પચીસમા રાજવંશના સમ્રાટ નેકો (સરખાવો આપણો પુરાણકાલીન નહુષ. કેટલીક વંશાવળી મળતી આવે છે)ના ફીનિશિયન ખારવાઓએ આખા આફ્રિકા ખંડની પ્રદક્ષિણા કરેલી હતી; અને પછી અરબોને પણ એ સારીપેઠે જાણીતો હતો. જ્યારે પશ્ચિમી માસ્કારેનાનાં વહાણોએ તો એ શોધનો યશ ઠેઠ ૧૫૦૩-૩૫માં પ્રાપ્ત કર્યો. અઢારમી સદીના આરંભમાં એ ફ્રાન્સના કબજે ગયો. એ ફ્રેન્ચ અમલ દરમિયાન તેનો સાહે દ લેબોર્દોને કરીને એક ગવર્નર થઇ ગયો. જગતના વિચક્ષણ પુરુષોમાંનો એક એ લેબોર્દોને સૈનિક હતો, નાવિક હતો, કુશળ ઈજનેર અને ચાણાક્ય શાસક હતો, એટલું જ નહિ પણ કંઈક અંશે સંત પણ હતો. એણે જ મૉરિશિયસની રાજધાની પોર્ટ લુઇનું નિર્માણ કર્યું. પરવાળાના ખડકોમાંથી જ એણે બંદર કોરી કાઢ્યું, ઠેકઠેકાણે બગીચાવાળા એના જાહેર રાજમાર્ગો રચ્યા, શેરડી તથા જુદાંજુદાં વીસ ફળઝાડોનું ને એથી યે વધુ ફૂલઝાડો ને બીજી વનસ્પતિનું વાવેતર દાખલ કર્યું; પણ-પણ આશ્ચર્ય ન પામજો-એ બધી સેવાના બદલામાં ફ્રેન્ચોએ એને ત્રણ વરસ બાસ્તીલના કેદખાનામાં ગોંધ્યો!

અનેક મૃત જ્વાલામુખીઓ ધરાવતા આ ટાપુ પર 'Les Cotes de Melon' નામનો સાત એકરનો પટ સઘળા જ રંગોની માટીનો બનેલો છે. પીળા રંગથી માંડીને કાળા રંગ સુધીની બધી રંગછાયાઓ ધરાવતા એટલા વિસ્તારમાં કશું જ ઊગી શકતું નથી, કારણ એ મરેલી જમીન હોઈ એમાં નાઇટ્રોજન મુદ્દલ નથી. એક કાળનાં એનાં બેપાની જ્વાલા-મુખો આજે રમણીય સરોવરો બની ગયાં છે અને દર ચોરસ માઇલે ૪૦૦ માણસની ત્યાંની વસતિ તો દુનિયાનો ખરેખર એક રેકૉર્ડ જ છે!



મૉરિશિયસ ટાપુ અને તેનું મુખ્ય શહેર પોર્ટ લૂઈ

આ કુમારો પોતાનાં નગરો ચલાવે છે! અને તમે?

શાળાજીવન પૂરું કર્યા પછી જ ધંધાની તાલીમ લઇ શકાય એવો જે ભ્રમ આપણા કુમારોમાં પેસી ગયો છે, એમની આંખો ઉઘાડતાં કેટલાંક ઉદાહરણો હાથ લાગ્યાં છે. ઇંગ્લંડના વિલ્ટશાયર પરગણાના એક ગામડાની શાળાના કેટલાક વિદ્યાર્થીઓએ ભેગા થઈ ૧૦ પૌંડની મૂડીથી મધ-

માખીના ઉછેરની એક કંપની ઊભી કરી છે. એ કંપની પણ કોઈ એકના માલિકીની નહિ, પણ છ છ પેન્સના શેર વડે નિર્માએલી! વૈજ્ઞાનિક પદ્ધતિએ મધમાખીઓ ઉછેરી, તેમણે બનાવેલું મધ તેઓ ફુરસદના સમયે વેચી આવે છે. એ વેચાણ પર થએલા નફા પર એક મહિના પછી એ કંપનીએ દરેક શેર હોલ્ડરોને અરધા પેન્સનું ડિવિડન્ડ (નફો) પણ આપ્યું!

પણ, અમેરિકામાં નેબ્રાસ્કા મુકામે વીસ વરસથી ચાલતા નીચેના અખતરા પાસે ઉપલો અખતરોયે ઝાંખો પડે છે. માત્ર કુમારો તરફથી જ એક આખા નગરનું ત્યાં નિર્માણ કરવામાં આવ્યું છે. ત્યાંના કુમારોએ જ તે બાંધ્યું છે ને કુમારો જ તેમાં વસે છે. એના 'શહેરી બાપાઓ' (શહેરના વડા તરીકે કામ કરતા કુમારો) પણ એવા હોશિયાર છે કે કોઇ ફિલ્મ કંપની તેમની પ્રવૃત્તિની ફિલ્મ ઉતારવા માગે તો સારી જેવી રકમ પડાવ્યા પછી જ તેમ કરવા દે છે!

નાતપંથના ભેદોથી અભેદ્ય એ નગર આજે દુનિયાનું સર્વશ્રેષ્ઠ કુમારનગર ગણાય છે. કોઈપણ નિરાધાર કુમારોને ત્યાં પ્રવેશ મળે છે અને એ સાથે જ નગરસભામાં મત આપવાનો અધિકાર પણ તેને મળી જાય છે.

નગરને એની પોતાની નિશાળો, અખાડા, હોલો, દુકાનો, છાપખાનાં, હૉટલો, સીનેમા ને પોસ્ટ ઑફિસ છે. પોલીસ પણ એમની પોતાની છે. ગુનેગારોને અપાતી સજા જુદી જુદી જાતની હોય છે. પહેલી વાર ગુનો કર્યો હોય તો ખેતર ખોદવાની કે વાડીના કામની, બીજી વાર ગુનો કર્યો હોય તો સીનેમામાં પડદા તરફ પીઠ ફેરવી ઊભા રહેવાની, એવીએવી સજાઓ ત્યાં કરવામાં આવે છે.

આ કુમારનગરે આજ સુધીમાં ૪૦૦૦ વિદ્યાર્થીઓને જીવનની સંપૂર્ણ તાલીમ આપી જગતમાં મોકલ્યા છે.

બ્રિટને પણ પોતાને ત્યાં સાઉથ ડેવન મુકામે આવો અખતરો અજમાવ્યો છે. ત્યાંના ડૅર્રિંગ્ટન હૉલના વિદ્યાર્થીઓએ આ અખતરાના પરિણામે ત્યાંની જમીન પર અનેક સંસ્થાનો વસાવી દીધાં છે ને સેંકડો ઉદ્યોગો ઊભા કર્યાં છે, જેમાં લાકડાં વહેરવાની મિલ કે કાપડ વણવાની મિલના ઉદ્યોગો પણ સમાઈ જાય છે.

આવા અખતરાઓનાં રૂડાં પરિણામોએ દુનિયાના અનેક દેશોના કુમારોને પોરસ ચડાવ્યો છે; પણ તમે—તમે ક્યાં છો?

રક્તપ્રદાન

ઇંગ્લંડ, ફ્રાન્સ, જર્મની ને રશિયા અનેક આદમીઓના અંગોમાંથી લોહી ખેંચી ખેંચી આજે તેનો સંઘરો કરી રહ્યા છે, કારણ લડાઈને અંગે તેમને લોહીનો એવો સંગ્રહ જરૂરી લાગ્યો છે. અને એ દેશોના કેટલા યે પરગજુ લોકો એવા દાન માટે પોતાની જાતનું સમર્પણ કરી રહ્યા છે. ઈંગ્લંડ તો આવતા એક વર્ષમાં દસ લાખ રક્તદાતાઓ પોતાની નોંધણીએ ચડાવવા માગે છે ને બીજા પણ અનેક દેશોએ એવી 'બ્લડ સર્વિસ' સ્થાપી દીધી છે.

અશક્ત કે ઓછી પ્રાણશક્તિવાળાં શરીરોમાં સશક્ત કે પ્રાણશક્તિવાળાં શરીરોના લોહીનું મિશ્રણ કરવાની શક્યતા તો ઘણા કાળ પહેલાં લોકોએ વિચારેલી ને એના અખતરા પણ ચલાવેલા; પરંતુ લોહીને પણ એવું વ્યક્તિત્વ છે એમ જણાયા પછી એનો ખરેખરો વિકાસ તો થોડા સમયથી જ શરૂ થયો. આ રક્તમિશ્રણને લગતી પ્રાથમિક માહિતી 'કુમાર'ના ૧૮૫મા અંકના 'માધુકરી' વિભાગમાં વાંચવા મળશે.

દાતા અને ગ્રાહકના લોહીને 'મૅચ' કરવાની પદ્ધતિ શોધાયા પછી વૈદકશાસ્ત્રની નિષ્ફળતાઓ ઘણી ઘટી ગઇ છે. વળી દાતાના શરીરમાંથી ગ્રાહકના શરીરમાં સીધું જ લોહી દાખલ કરવાની રીત પણ જતી કરવામાં આવી છે, કારણ એથી ઘણી વાર કોઈ અકલ્પ્ય કારણને લઈ ગ્રાહકનું લોહી ઉલટું દાતાના શરીરમાં ધસી જતું ને બંને જિંદગીઓ જોખમમાં મુકાતી. એટલે હવે દાતાના લોહીની પ્રથમ રાસાયણિક સંશુદ્ધિ કરી, થોડો વખત બરફમાં રાખી મૂક્યા બાદ ઈન્જેકશનો વડે જ ગ્રાહકના શરીરમાં દાખલ કરવામાં આવે છે.

આવી રીતે સંશુદ્ધ થએલું રક્ત ઘણો વખત ટકી રહે છે એ જાણ્યા પછી ઘણી ઇસ્પિતાલોએ તો 'બ્લડ બૅંક' પણ ખોલેલી છે. લોહીના જુદાજુદા પ્રકારોને સોડિયમ સાઇટ્રેટમાં કેળવી, રેફ્રીજરેટરમાં મૂકી રાખવામાં આવે છે ને જરૂર પડયે તે તે પ્રકાર ઉપયોગમાં લેવામાં આવે છે.

રક્તદાતાઓ પાસેથી મહિનામાં એક કરતાં વધુ વખત લોહી માગવામાં નથી આવતું, અને તે તેમના સ્વાસ્થ્યના હિતની જ દૃષ્ટિએ.

થાક લાગે તો સાકર ખાઓ

તમને નવાઇ લાગશે, પણ સાકર ખાવાથી ગમે તેવો થાક ઊતરી જાય છે, એ વિજ્ઞાનસિદ્ધ વસ્તુ છે. એ બહુ શક્તિપ્રદ કીમતી પદાર્થ છે, કારણ તે તરત લોહીમાં ભળી જઇ થોડી ક્ષણો પછી તો શરીરના કામમાં આવી જાય છે. પણ એ ખૂબ પ્રમાણમાં લેવાનો લોભ ન રાખવો જોઇએ, કારણ તે સંપૂર્ણ ખોરાક નથી. એમાં એકલા કાર્બોહાઇડ્રેટ હોઈ, પોષણને યોગ્ય બાકીનાં સ્નિગ્ધતા, પ્રોટીન, ખનીજ, ભસ્મ કે વિટામિનોમાંનું એકે તત્ત્વ એમાં નથી. એના કરતાં ગોળ વધારે ઇષ્ટ છે. અને આપણે ત્યાં જૂના વખતમાં પગે સફર કરનારા ભાતામાં ગોળ તથા સુખડી રાખતા, અને મુસાફરીએથી આવેલા માણસને તરત ગોળનું શરબત આપવામાં આવતું એ પદ્ધતિ સંપૂર્ણપણે સાર્થ હતી. એટલે સાકરના જ સ્વાદનો મોહ ન રાખતાં ગોળથી અગર કોઇ પણ ફળના રસથી એ ગરજ સારી શકાય. 'કુમાર'ના ૧૮૯મા અંકની 'માધુકરી'માંનો 'થાક



અજવાળી રાત

આપણા વ્યાકુળ સંસારમાં શીતળ પડતી સાંજ વીત્યે ચાંદનીનો પ્રકાશ માનવીના અંતરમાં જે કલ્પનાભર્યો આહ્લાદ પ્રકટાવે છે તેમાં, દૂધમાં ભળતી સાકર પેઠે, આપણા સાહિત્યના અમર વૈભવ સમી લોકવાર્તાઓ અત્યંત સુખદ ઉમેરો કરે છે.

ગરીબની ઝૂંપડી અને રાજમહેલ બંને પર એકસરખી છવાઈ રહેતી અજવાળી રાતની એ વાર્તાઓએ રાય અને રંક સૌનાં મન ડોલાવી તેમના જીવનમાં ભાવિના રંગ પૂર્યા છે.

પંદર અજવાળી તિથિઓ સમી એવી પંદર રસભરી ચુનંદી વાર્તાઓનો એક સંગ્રહ, એવા જ મનોરંજક રૂપરંગની સજાવટ સાથે, 'અજવાળી રાત' એ નામથી બહાર પડ્યો છે.

એ પણ નાનાં-મોટાં, ગરીબ-તવંગર, શહેરી કે ગ્રામજન, સૌને એકસરખો રસ આપે એવી સર્વગ્રાહી છે. નાનાં કુમાર-કિશોરો જ નહિ, પણ ઘરનાં મોટેરાંઓ સુદ્ધાં વિનોદ પામે એવી ખેંચાણકારક, અને ઘરનાં સ્ત્રીજન કે ઓછું ભણેલાં ગ્રામજન પણ સમજી શકે એવી સરળસુબોધ એ વાર્તાઓ સૌકોઈને પોતાના વાચનરસમાં જકડી રાખશે.

કુમારના જ કદનાં દોઢસો પાનાં; ઊંચા ફેધરવેઈટ કાગળ પર, ગુજરાતના અગ્રણી તરુણ ચિત્રકારોનાં વિવિધરંગી ચિત્રો સાથે. બેરંગી પૂંઠાની મજબૂત બાંધણીમાં કીમત બેરૂપિયા. પોસ્ટેજ જુદું.

કુમાર કાર્યાલય · અમદાવાદ




ઝૂંપડી

ગઇ દીવાળીએ અમદાવાદના ફોટો કલાકાર મંડળ 'નિહારિકા' તરફથી ભરાએલા અખિલ હિંદ ફોટોગ્રાફિક પ્રદર્શનમાં રજુ થએલી કૃતિ


ફોટો · શ્રી ભારદ્વાજ · લાહોર



હિમાલયમાં સીમલાની ઉત્તરે કુલુ પ્રાંતમાં નગ્ગર ગામે ઉરુસ્વાતિ આશ્રમ બાંધી ત્યાં સોળ વર્ષથી એશિયાની સંસ્કૃતિ, કળા અને સાહિત્યની ઉપાસના તથા પ્રચાર કરતા રશિયન કલાકાર પ્રો. નિકોલસ રેરીક તથા તેમની કલા વિષે અગાઉ કુમારમાં વિસ્તૃત પરિચય અપાઇ ગયો છે. એમની શૈલી દાખવતાં ત્રણ જુદાંજુદાં લાક્ષણિક ચિત્રોમાંનું ઉપલું, કાંચનગંગાની ગિરિમાલાનું જે ભવ્યમનોહર દર્શન કરાવે છે તેની આછી પ્રતીતિ જ આંહી તો ઊતરી છે. 'આભના ખેડૈયા' એ એક રશિયન લોકસમાજની રૂપક કથાને મૂર્ત કરે છે, જ્યારે ત્રીજા ચિત્રમાં પ્રાચીન રશિયન જીવનપ્રણાલીનો એક કલામય પ્રસંગ લઇ તેમાં આધ્યાત્મિક સૂચન મૂક્યું છે કે માનસ-નગરનાં દ્વાર સંતો ખોલે છે, એટલે બ્રહ્માંડનું પ્રભાત અને વિશાળ સૃષ્ટિ ઉઘડે છે.



આભના ખેડૈયા



નગરનાં દ્વાર ખુલે છે


રશિયન કલાકાર મહર્ષિ નિકોલસ રેરીકનાં ત્રણ ચિત્રો

૧૨મી જાન્યુઆરીએ મુંબાઇમાં નાο વાઇસરૉયે ખુલ્લા મૂકેલા મુંબાઇ આર્ટ સોસાએટીના પ્રદર્શનમાં ખાસ વિભાગ તરીકે રજુ થએલો પ્રો. રેરીકનાં આવાં ચિત્રોનો મોટો સમૂહ તેનું આકર્ષક અંગ બન્યો છે.



ચીચુડો ચિત્રકાર ત્રિગુણાતીત પંચોલી (ગૂજરાત કલાસંઘ · અમદાવાદ)





ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

ડાબી બાજુઃ 'ગિરનારના દહેરાં'-ભાઇ મણિલાલ મિસ્ત્રી (કરાચી), ઉત્તેજના પારિતોષિક; જમણી બાજુઃ 'વૃદ્ધાવસ્થા'-ભાઈ નવનીતલાલ શાહ (મલાડ), નોંધપાત્ર.